# સંકલન

## ૨

: સંપાદક :
**વિનિયોગ પરિવાર**
૧૩,ગોપાલ સદન, ૧લે માળે,
શ્રી સંભવનાથ જૈન દેરાસર લેન,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦ ૦૯૨
ફોન: ૮૦૭ ૭૭ ૮૧, ૮૦૭ ૭૬ ૧૬

# વિનિયોગ પરિવાર

## સંકલનની સાંકળ


ક્રમાંક

૧. ગોરક્ષા માટે કટિબદ્ધ બનીએ :
- શરૂઆત કોણ કરશે ? ........ ૧
- ગોરક્ષા - શા માટે ?
(આર્થિક અને સામાજિક મૂલ્યાંકન) ૨-૩-૪-૫

૨. કતલખાના કરતા પણ અપેક્ષાએ
વધુ ભયાનક એવા સંકરીકરણના કાર્યક્રમ
બાબત ટૂંકી માહિતી- સંકરગામ વિ. દેશી ગાય...... ૬-૭-૭A

૩. કતલખાને જતા પશુઓને બચાવવા માત્રથી
આ દેશના આર્થિક પ્રશ્નોનો ઉકેલ
નહીં આવે..... જરૂર છે પશુપાલન અને
પશુઉછેરની (યુવાનોને આહ્વાન)...... ૮-૯

૪. માંસાહારનો વિશ્વવ્યાપક પ્રચાર
કરનાર પશ્ચિમી દેશોમાં પણ માંસાહારનો વિરોધ........ ૧૦.

૫. કતલખાનાને મળતો પુરવઠો બંધ થાય તે માટે પશુમેળાઓ
બંધ કરવા ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર ...... ૧૧.

૬. દેવનાર કતલખાના બાબત........... ૧૨.

૭. માંસની નિકાસ અંગે એક સમાચાર ........ ૧૩.

૮. હિંસા વધવાના કારણો ના મૂળમાં ........ ૧૪.

૯. દેશના સાર્વભૌમત્વ પર ખુલ્લો પ્રહાર
એટલે "ડંકેલ-ડ્રાફ્ટ" વિસ્તૃત માહિતી ....... ૧૫થી૨૨

# વિનિયોગ પરિવાર

## સંકલનની સાંકળ


૧૦. દેશના અર્થતંત્ર ઉપર કબજો જમાવી રહેલી બહુરાષ્ટ્રીય કંપનીઓમાં વધુ એક ઉમેરો.... કારગીલ કંપનીની કચ્છમાં મીઠું પકવવા બાબતની વિસ્તૃત માહિતી........ ૨૩ થી ૩૦.

૧૧. **આધુનિક ખેતી વિ. સજીવ ખેતી:**

– શા માટે આધુનિક ખેતી ખોટનો ધંધો બની રહી છે? (મુંબઇ સમાચારનો તંત્રીલેખ)....... ૩૧

– આધુનિક ખેતીને પડકાર રૂપ સજીવ ખેતી......... ૩૨થી૩૮

– પ્રશ્નમત (ખેતી બાબત) ....... ૩૯

૧૨. સંયુક્ત કુટુંબ પ્રથાને સ્થાને વિભક્ત કુટુંબ પ્રથા. (સામાજિક સમસ્યા ઉપર મુંબઇ સમાચારનો તંત્રીલેખ) ૪૦.


તા: ૨૫-૯-૧૯૯૩

**નમ્ર વિજ્ઞપ્તિ:** સંકલન બાબત આપના ઉપયોગી સૂચન તથા અભિપ્રાય સાથે બીડેલ પોસ્ટકાર્ડમાં લખી જણાવવા આપને નમ્ર વિજ્ઞપ્તિ છે.

# ગાયો પરના અત્યાચાર રોકીએ: શરૂઆત કોણ કરશે?

VINIYOG

હરિયાળી - ક્રાંતિ દ્વારા મબલખ અન્ન - ઉત્પાદનના પરિણામો તો હવે ઘણાને સમજાઈ ગયા છે, કે એમાં વપરાતા કૃત્રિમ (રાસાયણિક) ખાતર અને ટ્રેકટરના કારણે જમીનની કેટલી બરબાદી થઈ છે. એવી જ રીતે દૂધની એક વખત વહેતી નદીઓને સૂકવી નાખીને હવે 'શ્વેત -ક્રાંતિ' દ્વારા દૂધના દરિયા (સાગર) ઉછાળવાની ભ્રાંતિના પરિણામો સમજવાનું બહુ દૂર નથી. એ માટે વિદેશી સાંઢના થીજાવેલા વીર્યથી ગાયોને કૃત્રિમ રીતે ગર્ભાધાન (એક્ઝોટીક ક્રોસ બ્રીડીંગ) કરાવવાથી, ભારતીય ગાયોની નસલોની કેટલી હદે બરબાદી થઈ છે કે જેની કલ્પના થઈ શકે તેમ નથી.

અંગ્રેજો જ્યારે ભારતમાં આવ્યા અને ભારતની જ સમૃધ્ધિ સંસ્કૃતિ એમણે જોઈ, એના મૂળમાં - એટલે કે ધંધા - ઉદ્યોગ, હુન્નર કળા - કારીગરી, વિદ્યા એ બધાના મૂળમાં ગાય હતી એ, એ ચતુર પ્રજાએ સમજી લીધુ અને ભારતને બધી જ રીતે બરબાદ કરીને, એ સમૃધ્ધિ ઈંગ્લેન્ડ ભેગી કરવા એમણે જ ષડયંત્રો રચ્યાં એ એમના જ દસ્તાવેજી પુરાવાઓ દ્વારા સાબિત થાય છે.

એ રીતે ગાયો (ગોવંશ)ને ખતમ કરવા એમણે એક તો માંસ - ચામડા માટે સીધી જ કતલ અને બીજુ એની નસલો બરબાદ કરવા માટે 'એક્ઝોટીક ક્રોસ બ્રીડીંગ'ના કાર્યક્રમ અપનાવ્યા.

આમ છતાં કહેવું પડશે કે, અંગ્રેજી શાસકોને જવા દઈએ તો કેટલાક સજ્જન અધિકારીઓ અને નાગરિકો માનવીય દ્રષ્ટિકોણ વાળા, પ્રમાણિક અને સ્પષ્ટ વકતા હતા. એમાંના એક હતા, સર આર્થર ઓલ્વર. જેઓ ૧૯૩૦ થી ૧૯૩૮ સુધી ભારત સરકારના પશુપાલન નિષ્ણાંત અને પ્રમુખ રહ્યા. તેઓ ઘણા અનુભવ સંપન્ન હતા. એમણે પોતાના લેખ 'કેટલ બ્રીડીંગ ઈન ઈન્ડીયા'માં લખ્યું છે, 'ઈમ્પીરીયલ કૌંસીલ ઓફ એગ્રીકલ્ચરના પશુપાલન વિભાગોના પ્રયોગોથી એ સિધ્ધ થઈ ગયું છે કે, યુરોપીય સાંઢોથી સંકરીકરણનો કાર્યક્રમ શુધ્ધ ભારતીય ગો-નસલોને બરબાદ કરીને હિસાબ વગરનું નુકસાન કરી ચુક્યો છે. યુરોપીય વંશની ગાયો સર્વોત્તમ દેખરેખ, વ્યવસ્થા હોવા છતાં તે ધીરે ધીરે ઉતરતી કક્ષાની બનતી જાય છે!

"પ્રયોગોએ એ સાબિત કરી આપ્યુ છે કે, સાવધાની પૂર્વક કરેલી પસંદગી યોગ્ય આહાર અને સરખી માવજત થવાથી ૨૫ વર્ષમાં જ શુધ્ધ ભારતીય નસલોની ગાયો દૂધ અને માખણના ઉત્પાદનમાં યુરોપીય ગાયો અને ઉત્તમ કોટિની ભેંસોથી આગળ નીકળી ગઈ છે. યુરોપ અને અમેરિકાની વેપારી ડેરીઓમાં જે સરેરાશ દૂધ ઉત્પાદન થાય છે, તેનાથી તે પહેલાં જ આગળ નીકળી ગઈ છે. ભારતમાં પશુ ખાસ કરીને ગાય - બળદોનો વિકાસ કરવો એ ખરી રીતે મોટી સામાજીક અને આર્થિક મહત્વની તેમજ તાત્કાલિક અગત્યની બાબત છે, જેની ઉપર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે."

બીજા મિ. જે. એડવર્ડઝ 'એગ્રીકલ્ચર એન્ડ લાઈવ્ઝ સ્ટોક ઈન ઈંડિયા'માં લખે છે, (જાન્યુ ૩૫માં) ઉષ્ણ કટિબંધીય ક્ષેત્રોમાં સંકરીકરણ દ્વારા નસલ સંવર્ધનની દ્રષ્ટિથી યુરોપીય ગાયોને લાવવી એ મોટે ભાગે અસફળ સિધ્ધ થયું છે. એ ગાયોથી ઉત્પન્ન પહેલી પેઢી તો સંતોષપ્રદ માની શકાય છે પણ ત્યાર પછીની પેઢીઓ એવા ક્ષેત્રોમાં સંતોષપ્રદ સંવર્ધનના માટે પોતાનું આવશ્યક શરીર બંધારણ જાળવી શકતી નથી. ભારત જેવા ઉષ્ણ કટિબંધ દેશમાં સામાન્ય ઘાસચારો અને દેખરેખથી રહેનારી દૂધાળુ ગાયો પૂરતા પ્રમાણમાં મેળવવાની સમસ્યાનો સાચો ઉકેલ દેશી નસલોના વિકાસમાં છે.'

**કાન્તિલાલ વોરા**

સન ૧૯૨૦-૩૦માં ફ્રિઝીયન નસલના વિદેસી સાંઢ મોટી સંખ્યામાં મંગાવવામાં આવ્યા. બ્રિટિશ સેનાની નોર્થ (પંજાબ, સીમાંતપ્રદેશ તથા બલુચિસ્તાન)ના મિલીટરી ફાર્મો પર દેશી નસલો સાથે, ક્રોસ બ્રીડીંગના વ્યાપક પ્રયોગો થયા. જ્યારે પશુપાલન શાખાની પહેલી મીટીંગ થઈ, જેમાં ઉપરોકત પ્રાંતોના બ્રિટીશ અધિકારીઓ હાજર હતા. તેમાં સંકરિત ગાયોની ઉપયોગીતા ઉપર ચર્ચા ચાલી તો ત્યાં સૌનો એકજ અભિપ્રાય રહ્યો કે આ કાર્યક્રમ ભારતીય નસલોને બરબાદ કરે છે અને એક ઠરાવ દ્વારા સેનાને વિનંતી કરવામાં આવી કે એ સંકરિત વાછરડાં - વાછરડીઓ - ગાયો અને સાંઢોને વંધ્ય કે ખસી કર્યા વગર લોકોને ન આપે.

આ બધુ બ્રિટિશ શાસન દરમ્યાન જ સિધ્ધ થઈ ચુક્યું હતું અને સંકરીકરણની પ્રવૃત્તિ લગભગ અટકી હતી, પરંતુ સ્વરાજ્ય મળતાં જ વળી કતલ અને સંકરીકરણ, બન્ને કાર્યક્રમમાં વેગ આવ્યો. પરિણામે સ્વરૂપ ઘી-દૂધની અછત થતાં સ્વરાજ્યની પ્રથમ ભેટ તરીકે જનતાને બહુચર્ચિત કૃત્રિમ અને આરોગ્ય માટે હાનિકારક એવું વેજીટેબલ ઘી મળ્યું. આપણા પ્રથમ પંત પ્રધાન જવાહરે એમાં મહત્વનો ભાગ ભજવ્યો.

પછી વારો આવ્યો દૂધનો ગામડાના લોકોને તો પૂછે છે જ કોણ ? પણ શહેરવાળા માટે તો દૂધની વ્યવસ્થા કરવી જ રહી. જેથી ગામડાઓમાંથી દૂધ શહેર ભેગું કરવા માટે ડેરી ઉદ્યોગ સ્થપાયો અને ગામડાઓમાંથી છાસ પણ ઝુંટવાઈ ગઈ. આ દૂધમાંથી પણ મલાઈ કાઢી લઈને બચેલા સેપરેટરમાં પરદેશી બટર ઓઈલ, પાવડર વગેરે મેળવીને વેચાવા લાગ્યું. વાત એટલેથી જ અટકતી નથી. દૂધ વધારવા, ગાયોને 'મિલ્કિંગ મશીન' બનાવવા એના પર કેવા અત્યાચાર થાય છે, એવી એક આંખ ઉઘાડી નાખનાર માહિતી 'સમકાલીન' તા. ૧૨-૨-૯૨માં પ્રસિધ્ધ થઈ છે. એમાં લખ્યું છે,

'વિજ્ઞાન પ્રગતિ કરે છે ને સાથે ક્યારેક કુદરત સાથે ચેડાં કરે છે મલ્ટીનેશનલ કંપનીઓ નાણાં કમાવા માટે ક્યારેક મુંગા નિર્દોષ પ્રાણીઓને કનડે છે. ગાયોનું દૂધ કૃત્રિમ રીતે ૨૫ ટકા જેટલું વધારવા માટે અનેક વિસ્તારોમાં બી. એસ. ટી. (હોર્મન)નો ડોઝ આપવામાં આવે છે. જે અકુદરતી છે. એ ગાયના દેહને નુકસાન કરે છે. કસુવાવડ થાય છે. તેમજ વિકૃત વાછરડાં જન્મે છે, એવું સંશોધનમાં બહાર આવ્યું છે. હોર્મન લેતી ગાયોના શરીરમાં ચરબીના ટુકડા થઈ જાય છે. તેમાંથી અમૂક રસાયણો સ્ત્રીઅ થાય છે અને એ રસાયણો દૂધમાં ફેરવાઈ જાય છે. દૂધનો રંગ શ્વેત હોય છે પણ હકીકતે ગાયનું લોહી ચૂસવાનો આ ધંધો ફિચકારો છે ?

ગાયોની આટલી અધોગતિ શહેરવાસીઓને દૂધ પહોંચાડવાને નામે કરવામાં આવે છે. પરનું ગાયનું શુધ્ધ દૂધ કે જે રોગપ્રતિકારક, ઓજસદાયી, બુધ્ધિવર્ધક વગેરે અનેક ગુણો ધરાવે છે. જેને કારણે એ દૂધ 'અમૃત' કહેવાયું છે. અને ગાય 'કામધેનું' કહેવાય છે. એ તો લોકોને મળતું જ નથી એને બદલે સંકર ગાયનું દૂધ કે જે ગાય અને વાછરડાં ખુદ રોગ સામે પ્રતિકાર કરી શકતા નથી. એ લોકોને રોગપ્રતિકારક શકિત કઈ રીતે આપી શકે ? જેથી એનું સ્થાન કૃત્રિમ દૂધની કક્ષામાં જ આવી શકે.

વાત આટલી હદે પહોંચી છે, છતાં અત્યંત દુ:ખદ આશ્ચર્ય એ બાબતનું થાય છે કે, ગાંધી વાદી - ગોભકત મહાનુભાવો પણ આ વિષે બિલ્કુલ ચૂપ છે કે જેમના ઉપર ગાંધીજીએ ગાયના ઉત્કર્ષ માટે વિશ્વાસ મૂકેલો. બલ્કે ઘણાખરા તો આ ધસમસતા પ્રવાહમાંથી જરાયે બચવાનો પ્રયાસ કર્યા વિના જ એમાં તણાઈ ગયા છે. ગાંધીજીએ જ્યાં આરોગ્ય - માટે રોગમુકિત માટે કૃત્રિમ ઉપાયોને બદલે, કુદરતી ઉપચાર માટેનું કેન્દ્ર સ્થાપેલું તે ઉરૂલી કાંચનમાં જ ગાંધીજીની વિદાય સાથે જ વરસો પહેલાં કૃત્રિમ વીર્યદાન દ્વારા ગાયોના સંકરીકરણનો કાર્યક્રમ ચાલુ થઈ ગયો. ઉપરાંત સાબરમતી આશ્રમમાં ગાંધીજીએ જ સ્થાપેલ ગૌશાળમાં પણ ગાયોનું સંકરીકરણ દાખલ થઈ ગયું અને એનો હવાલો નેશનલ ડેરી ડેવલપમેન્ટને સોંપાઈ ગયો.

લોક ભારતી અને ગ્રામભારતી જેવી કૃષિ - ગોપાલન માટેની આદર્શ મનાતી શિક્ષણ સંસ્થાઓ પણ સંકરીકરણમાંથી બકાત રહી શકી નથી. આજે તો આ સિવાય બીજાં કેટલાંયે આ પ્રવાહમાં તણાઈ ગયા છે. કોઈક વીરલા જ હવે તો આ ઉલ્ટા પ્રવાહ સામે ખુમારીપૂર્વક ઝઝુમી રહ્યા છે. આમ છતાં કુદરતની કરામત છે કે આજ પણ શુધ્ધ ભારતીય નસલની ગાયો મોજુદ છે, જે ઘણી જ ખડતલ તેમજ ઓછામાં ઓછી માવજતથી વધારે સમય સુધી વધારે દૂધ અને ઉત્તમ બળદ આપી શકે છે અને ૮૦ ટકા ખેડુતો બળદ દ્વારા ખેતી કરી શકે છે કે જેમને ટ્રેકટર તો ક્યારેય પરવડી શકે એમ જ નથી.

અંગ્રેજી ષડયંત્ર અને શિક્ષણના શિકાર બનેલા આપણા લોકોનું ચાલત તો આ બધાજનો ખાત્મો થઈ ગયો હોત અને માત્ર સંકર ગાયો જ થોડો વખત વધારે દૂધ અને બાકી માંસના પૂરવઠા માટે જ બચી હોત, પણ ઈશ્વરી યોજના કંઈક જુદી જ લાગે છે. એમાં કૃત્રિમ બધુ જ નાશ પામીને નૈસર્ગિક વ્યવસ્થા જ ટકવાની છે એવો સંકેત દેખાય છે.

દેશની આજે વેરણછેરણ થઈ ગયેલ રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક હાલતમાં ગોવંશનું એટલે કે કૃષિ - ગોપાલનું જે અતિમહત્વનું આર્થિક અને સંસ્કૃતિક પાસુ હતું કે જેને કારણે દેશ હજારો વરસ સુધી દુનિયાભરમાં સમૃધ્ધિ અને સંસ્કૃતિની ટોચે રહ્યો અને 'ભારતે દુર્લભમ જન્મ' એમ કહેવાયું. એ રસ્તે હવે 'ભૂલ્યા ત્યાંથી પાછા ફરો' સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી. ધન, ધાન્ય, દૂધ, ઘી વગેરે તમામ જીવનાવશ્યક વસ્તુઓ મબલખ પ્રમાણમાં પૂરી પાડવાની ક્ષમતા (Potentiality) એમાં છે. જરૂરત છે માત્ર હિંમતપૂર્વક ગોવંશની કતલ બંધ કરી-કરાવીને, એની યોગ્ય માવજત અને ઉત્તમ પ્રકારે સંવર્ધન ને ઉછેર કરવાની એના સારા પરિણામો દાયકાઓ પછી નહી, પરંતુ ૧૦-૨૦ વર્ષમાં જ જોવા મળી શકે.

આથી ઉલટું, ભારે ઔદ્યોગીકરણ પાછળની આપણી આંધળી દોટનું શું પરિણામ આવ્યું છે ? હવા, પાણી, જમીન, અનાજ બધુ જ પ્રદુષિત - ઝેરી બનતાં, જીવવાનું દુષ્કર બન્યું છે અને માણસ પોતાની માણસાઈ પણ ગુમાવી રહ્યો છે. વિજ્ઞાનના દુરૂપયોગે જે સ્ફોટક પરિસ્થિતિ સર્જી છે એનું વિવરણ કરવું અહીં અસ્થાને છે.

અમારૂં એક નાનકડું ગ્રુપ, યોગ્ય માવજત અને યોગ્ય સંવર્ધન દ્વારા ગાયની નસલ સુધારવા, દૂધની ગુણવત્તા અને પ્રમાણ (quality and quantity) સુધારવા તેમજ આજે દુર્લભ બનેલું રોગ - પ્રતિકારક ગાયનું શુધ્ધ ઘી કે જે ભેંસના ઘી કરતાં દસ ગણું કેરોટીન (વિટામીન-એ) ધરાવે છે. તેને સુલભ બનાવી, આજે જે લોકોને છાસ પણ મળી શકતી નથી એવા પરિવારોને એમાંથી બનતી છાસ, નિ:શુલ્ક મળી શકે એ માટે પ્રયત્નશીલ છે. એમાં રસ ધરાવનાર સજ્જનોના સલાહ - સુચન - સહકાર આવકાર્ય છે. આ માટે સંત વિનોબા ગ્રામ - સ્વરાજ્ય આશ્રમ ગૌશાળા પોસ્ટ કાવીઠા (તા. ધોળકા) ખાતેની ગૌશાળ એક આદર્શ ગૌશાળા છે. ત્યાં ગાયની નસલ સુધારવા નોંધપાત્ર કાર્ય થઈ રહ્યું છે.

(મુંબઈ સમાચાર

# પૃથ્વીનું અમૃત: ગાયનું દૂધ

VINIYOG

તાજેતરમાં જ વિશ્વ બેન્ક દ્વારા ભારતની પ્રજાના આરોગ્ય - હોસ્પીટલ સુવિધા અને તેને લગતી બાબતો અંગે એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ પ્રમાણે ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં તબીબી સુવિધા ઘણી જ અસંતોષકારક હોવાનું કહેવાયું છે જે આપણે સૌ કોઈ જાણીએ છીએ, પરંતુ લાચાર છીએ. આપણો અભિગમ જ ખોટો છે.

સૌથી પ્રથમ વાત એ છે કે આરોગ્ય વિષયક જાળવણી અંગે સમજદારીનો અભાવ છે. વૃધ્ધાવસ્થાના તમામ રોગ અટકાવવા માટે ગાયનું દૂધ એ અતિ ઉત્તમ છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે દૂધ એ સંપૂર્ણ ખોરાક છે. શરીરને આવશ્યક એવા તમામ તત્વો - ખનિજ - વિટામીન અને ધાતુ એ ગાયના દૂધમાંથી મળી રહે છે. ગાયનું દૂધ એ પચવામાં પણ સરળ છે. પરંતુ આજે ગાયના દૂધની કિંમત અને તેના પુરવઠા અંગે શું હાલત છે ?

કૃષિપ્રધાન ભારતમાં ગૌવંશના પશુઓની કતલ થઈ રહી છે. ગૌવંશમાં બળદ, વાછરડાં અને વોડકીનો સમાવેશ થાય છે. દૂધનો પૂરવઠો વધારવો હોય તો ગૌવંશમાં માત્ર ગાય જ નહીં પરંતુ બળદ અને વાછરડાનો પણ સમાવેશ થઈ જાય છે. બળદની કતલ ચાલુ રહે છે તે ખેતીને સમય જતાં ભારે પડી જશે. વળી, કુદરતી રીતે પણ અસમતુલા થશે. આ બાબતે વિચારશીલ નાગરિકોએ આક્રોશ વ્યક્ત કરવાની જરૂર છે.

ગાયના દૂધનો પૂરવઠો વધારવો હોય તો સારી અને આદર્શ ગૌશાળા નિર્માણ થવી જોઈએ. એટલું જ નહીં આ ગૌશાળાઓમાં ઉત્તમ પ્રકારની ગાયો સચવાઈ રહે અને તેમનું પાલનપોષણ થાય તેવી વ્યવસ્થા થવી જોઈએ. ગાયનું દૂધ એ સુપાચ્ય હોવાથી શરીરના અનેક રોગ જેવા કે દમ - શ્વાસ - મધુમેહ - શરીરમાં નબળાઈ - આંખોમાં દ્રષ્ટિનો - કે તેજનો અભાવ વગેરેમાં ઉત્તમ છે. આયુર્વેદમાં "દુગ્ધ - કલ્પ" વિશે જાણકારી આપવામાં આવી છે.

છેલ્લા ૧૦ વર્ષથી સતત દૂધના ભાવ વધતા જાય છે. એક તરફથી શહેરો અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની જરૂરીઆત સંતોષી શકે તેટલું દૂધ નથી તો બીજી તરફ ગૌવંશના પશુઓની કતલ ચાલુ રાખવામાં આવી છે. આથી સંભવ છે કે આવતા ૧૦ વર્ષમાં દૂધનો પૂરવઠો ઘટશે. પરંતુ નાગરિકો આ મુદ્દા પર સાચી પરિસ્થિતીથી જાણકાર છે ખરા ?

દરેક વ્યક્તિ સિધ્ધાંતમાં સંમત થાય છે કે કંઈક કરવું જોઈએ, પરંતુ કઈ રીતે કરવું તેનો અંદાજ - કે દ્રષ્ટિ બહુ ઓછા લોકો પાસે છે. ગૌરક્ષા અંગે વિશાળ પાયે કાર્ય થવું જોઈએ અને આ બાબત એ સામાન્ય વ્યક્તિ સુધી પહોંચવી જોઈએ કે ગૌરક્ષા શા માટે ઉપયોગી છે. ગાય એ ભારતીય સંસ્કૃતિમાં કામધેનુ સમાન ગણવામાં આવે છે. મતલબ કે માનવીની તમામ જરૂરીઆત એ ગાય મારફતે જ પૂરી થાય છે.

ગાયનું છાણ એ જમીનને માટે ઉત્તમ ખાતર પુરું પાડે છે. છાણ દ્વારા જ વર્ષો અગાઉ ખેતી થતી અને તેજ રીતે સત્ત્વશીલ તત્ત્વો જમીનને પરત મળતા હતા. પરંતુ ગૌવંશના પશુઓની કતલ થવાથી જમીનના રસકસ ઓછા થઈ રહ્યા છે તે પ્રતિ કોઈનું ધ્યાન છે ખરું ? ગાયનું દૂધ તો શ્રમજીવી વર્ગની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારવા માટે નોંધપાત્ર પરીબળ બની રહે છે. આજે શ્રમજીવી વર્ગને ૧૪ રૂપિયે લીટર દૂધ પોસાય છે ખરું ?

ભારતમાં ગૌહત્યા અંગ્રેજોના વખતથી શરૂ થઈ હતી. કારણ કે ઈસ્ટ ઈન્ડીયા કંપની સામેનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ ગયો. પરંતુ અંગ્રેજ પ્રજા ઘણી ચતુર હતી. તેમણે જોયું કે મુસ્લિમ અને અંગ્રેજ દમન છતાં ભારતીય પ્રજા તૂટતી નથી. આનું રહસ્ય ક્યાં છે ? આથી તેમણે ગૌવધ શરૂ કર્યો.

અત્રે એ નોંધવું આવશ્યક છે કે મુસ્લિમ શાસકોના સમયમાં ક્યાંય ગૌવધ થતો નહોતો. જમ્મુ અને કાશ્મીરમાં બહુમતી મુસ્લિમ નાગરિકોની હોવા છતાં ગાય અને બળદની હત્યા કરનારને ૧૦ વર્ષની સખત કેદની સજા થાય છે. જમ્મુ - કાશ્મીરમાં જે કુદરતી સમૃધ્ધી છે તેનું કારણ કદાચ આ હશે. ગાયનું દૂધ એ કોઈ

ઉઘાડે છોગે

જેહાંન દારૂવાલા

ચોક્કસ કોમ કે ધર્મને જ પ્રતિબીંબીત કરતું નથી. દરેક કોમના લોકોને માટે તે ઉપયોગી છે. આથી જ તેને પૃથ્વી પરનું અમૃત કહેવાય છે.

ગાયના દૂધનો પૂરવઠો વધશે તો પ્રજાની તાકાત વધશે, યુવાનોની તંદુરસ્તી વધશે - મહિલાઓ અને બાળકોનું શરીર સૌષ્ઠવ પણ દૂધના આધાર થકી જ વધવાનું છે. આમ ગાયનું દૂધ એ પૃથ્વી પરનું અમૃત સાચા અર્થમાં છે જે આપણે ભૂલી ગયા છીએ. તેને ફરીથી યાદ કરવાની જરૂર છે. મુસ્લિમ શાસકોએ કદિ રાજ્ય સંચાલિત કતલખાના શરૂ નહોતા કર્યા. પરંતુ સ્વાતંત્ર્ય બાદ જ રાજ્ય સંચાલિત કતલખાના શરૂ થયા છે.

શહેરી પ્રજાને આ વાત કદાચ નહીં સમજાય પરંતુ ગાયના અને અન્ય પશુઓના છાણના પુરવઠાને વધારીને જ અનાજનું ઉત્પાદન વધારી શકાશે. છાણનો પૂરવઠો વધશે તો જમીનની ઉત્પાદકતા વધશે. અનાજ અને કઠોળનું ઉત્પાદન વધશે. તેમજ છાણમાં તો લક્ષ્મીજીનો વાસ છે. મતલબ કે ગાયના છાણ થકી જ ધાન્યનું ઉત્પાદન વધારી શકાશે.

પરંતુ આ માટે પાયામાં ગૌવંશના પશુઓની કતલ અટકાવવાની વાત રહેલી છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને આયોજકો સુધી આ વાત પહોંચે તે માટે સંગઠન કરવાની આવશ્યકતા છે. ચૂંટણી વખતે રાજકિય પક્ષના કાર્યકરો મત માંગવા આવે ત્યારે તેમને ગૌવંશના પશુઓની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવાય તેવો અસરકારક કાનૂન ક્યારે અમલી બનશે તેવો પ્રતિ પ્રશ્ન પૂછવો જોઈએ. આ વાત માત્ર લાગણીની નથી. આર્થિક સામાજીક માળખા સાથે સંકળાયેલો મુદ્દો છે. એક કુટુંબનું ઘી - દૂધ - માખણ વગેરે પાછળનું ખર્ચ ઘણું વધી ગયું છે. તેવે વખતે જો ગૌવંશની હત્યા ચાલુ રહેશે તો પાયડીનો વળ છેડે આવશે તેમ દૂધ લીટરના રૂ. ૧૪ પછી ૧૬ કે ૨૦ અને દસ વર્ષ બાદ રૂ. ૫૦ દેવા પડશે. આપણે આપણી નિષ્ક્રિયતા દ્વારા આપણા જ બાળકોના મોંઢામાંથી દૂધ ઝૂંટવી લેવામાં નિમિત્ત બનતા નથી ?

ગાયનું દૂધ યુવાનો અને બાળકો માટે તો સારૂં છે જ પરંતુ હાલની મોંઘવારીમાં દૂધ પરવડે તેવા ભાવે મળતું નથી. દિવસે દિવસે મોંઘુ થતું જાય છે તે અંગે જાગ્રત નાગરિકોએ હવે પ્રયાસો કરવાની આવશ્યકતા છે. કારણ કે આપણે ત્યાં રાજકારણ અને કુથલી અંગે જેટલો સમય કાળવવામાં આવે છે તેટલો સમય અને શક્તિ જો ઘી-દૂધનો પૂરવઠો વધારવાના જે માર્ગો છે તેના પર કેન્દ્રીત થાય તો પાંચ જ વર્ષમાં તેના પરીણામ જોવા મળે તેમ છે.

જુદા-જુદા જ્ઞાતિ મંડળ, યુવક મંડળો અને સામાજીક સંસ્થાઓ ગૌશાળા અને ગૌસદનને વિકસાવવા તેમજ તેને આર્થિક રીતે સધ્ધર બનાવવા વિવિધ કાર્યક્રમો આપે. જેમ કે માત્ર રોકડ સહાયની જ જરૂર છે તેવું નથી. શ્રમદાન અને જુદી-જુદી ચીજવસ્તુઓ પૂરી પાડીને આદર્શ ગૌશાળા સ્થપાય તો ગાયોને સાચવી શકાય.- શહેરોમાં ઘી-દૂધ પહોંચાડવાની વ્યવસ્થા કરી શકાય.

ઘણીવાર એવું બને છે કે સમસ્યા અંગે બધા જ માહીતગાર છે. પરંતુ તેના ઉપાયો અંગે પ્રજામાં ચર્ચા થતી નથી. જ્ઞાતિ મંડળો પોતાના કાર્યક્રમોમાં માત્ર ૩૦ મીનીટ કોઈ વકતાને બોલાવીને ગાય અને ગૌશાળા અંગેના તેમના વિચારોના જાણવા ફાળવે તો સૌને આશ્ચર્ય થાય તેવી હકીકતો જાણવા મળે તેમ છે. ભારતની સમૃધ્ધિ અને ભુતકાળ ગાય- થકી હતો. તે વાત આજે આપણે ભુલી ગયા છીએ અથવા કહો કે ભુલવાડી દેવામાં આવ્યું છે.

દરેકને સસ્તા ઘી-દૂધ જોઈએ છે. પરંતુ ગાય-ગૌશાળા અને તેને લગતી આનુસંગીક પ્રવૃત્તિમાં રસ લેવામાં આવતો નથી. દાન અને સહાયનો પ્રવાહ પણ ગૌશાળા તરફ વાળવાની જરૂર છે. લોકો આરોગ્ય સેવા અને હોસ્પીટલ કે ધાર્મિક સ્થાનો પાછળ જે રકમ ખર્ચે છે તે પૈકી માત્ર ૨૫ ટકા રકમ જો ગૌશાળા તરફ જાય તો મુગા ઢોરના આર્શીવાદ મળે, સાચા અને વિપુલ જથ્થામા ઘી-દૂધ મળશે અને લોકોનું આરોગ્ય સુધરશે.

પ્રજાનું આરોગ્ય સુધરશે તો કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધશે. ખેતર અને કારખાનામાં માલનું ઉત્પાદન વધશે અને એકંદરે સમૃધ્ધિ વધશે. આમ ગાયને આપણા ઋષીમુનીઓએ જે માતા તરીકે સંબોધી અને કામધેનુ ગણાવી હતી તે સઘળી ઈચ્છા પૂર્ણ કરનાર છે. ગાય અને ગૌશાળા પરસ્પર સંબંધીત છે. ગુજરાતમાં લગભગ દરેક વિસ્તારમાં ગૌશાળા છે અને તેમાંની ઘણીનું સંચાલન સર્વોદય કાર્યકરો દ્વારા થાય છે.

હજુ મોડું થયું નથી. યુવાનોની શ્રમશક્તિ અને સુખી દાતાઓની ધનશક્તિ વડે પ્રત્યેક ગૌશાળા આર્થિક રીતે સધ્ધર બને અને પ્રજા દ્વારા જ તેની કામગીરીનું ઓડીટ થાય તે આવકાર્ય બની રહેશે. કળીયુગમાં ગૌ સેવાનું જેટલું મહત્વ છે તેટલું અન્ય કશામાં નથી. વિજ્ઞાન યુગમાં પણ ગાયના દૂધ જેટલી પૌષ્ટિકતા અને સાત્વીકતા અન્ય કશામાં નથી. આ વાત ખુદ પશ્ચિમના લોકો પણ સ્વીકારે છે.

ભારતમાંથી ગરીબી માત્ર પાંચ જ વર્ષમાં નાબુદ કરવી હોય અને વિદેશી દેવું પાંચ વર્ષમાં નાબુદ કરવું હોય તો પશુ કલ્યાણનું અર્થશાસ્ત્ર સ્વીકાર્યા વગર છૂટકો નથી. જેને "બીન આર્થિક" ગણીને કતલખાને ધકેલવામાં આવે છે તે બળદો દ્વારા ભારતના કુલ ટ્રાન્સપોર્ટ થતાં માલ પૈકી ૭૨ ટકા માલસામાનની હેરફેર કરવામાં આવે છે. ગાય અને બળદ પરસ્પર મહત્વ ધરાવતાં પશુ છે તેની કતલ એ અર્થતંત્રનો વિનાશ વેરનાર સાબિત થશે.

૦ મુંબઈ સમાચાર સાપ્તાહિક, તા. ૧૮-૭-૧૯૯૩

## ગાયનું મહત્ત્વ માત્ર ધાર્મિક નથી, આર્થિક અને સામાજિક રીતે પણ છે

ડૉ. કિશોર પ્રાણલાલ દવે
—M. Com., L.L.B., Ph. D.

ગાયમાં ૩૪ કરોડ દેવતાઓનો વાસ છે. ગાયને હિન્દુઓમાં પવિત્ર માનવામાં આવે છે તેની પાછળનું કારણ ગાયની આર્થિક - સામાજિક ઉપયોગિતા છે. શાસ્ત્રોમાં ગાયને કામધેનુ તરીકે ઓળખવામાં આવે છે. મતલબ કે બધી જ ઇચ્છાઓ પૂર્ણ કરનાર તે ગાય છે. ગાંધીજીએ સ્વરાજ્ય બાદ ગાય અને ગૌશાળા સંસ્કૃતિના વિકાસ દ્વારા "રામરાજ્ય" લાવવાની કલ્પના કરી હતી. આથી જ કનૈયાલાલ મુન્શીએ બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતમાં ગૌહત્યા પ્રતિબંધની જોગવાઇ કરી હતી.

બંધારણના ઘડવૈયાઓ ખૂબ જ ઊંડી દૃષ્ટિ ધરાવતા હતા. આવા જ મુન્શીજીએ ગૌહત્યા પ્રતિબંધ કાનૂન માટે જે તે રાજ્યની જવાબદારી હોવાનું જણાવ્યું હતું. આજે ગૌહત્યા પર પ્રતિબંધ છે ખરો, પણ કાનૂનની અસરકારકતાના અભાવે તેનો છડેચોક ભંગ થાય છે. દેવનાર જેવા રાજ્ય સંચાલિત કતલખાના દ્વારા ગૌવંશનાં પશુઓની હત્યા એ માત્ર કાનૂની અપરાધ નથી; પરંતુ આર્થિક દૃષ્ટિએ નુકસાની છે, કારણ કે તેથી રાષ્ટ્રને નુકસાન થાય છે.

મુસ્લિમ શાસકોનાં રાજ્યોમાં પણ રાજ્ય સંચાલિત કતલખાનાં નહોતાં. જ્યારે સ્વાતંત્ર્ય બાદ ઠેર ઠેર દેવનાર જેવાં નાનાં મોટાં કતલખાનાંમાં બળદ, વાછરડાં, ગાય તેમ જ ભેંસની પણ કતલ થઇ રહી છે. અફસોસની વાત એ છે કે શિક્ષિત વર્ગ પણ આ મુદ્દા પ્રત્યે જોઇએ તેટલો જાહેરાત નથી અને તેને ખ્યાલ નથી કે સમાજને આથી કેટલું નુકસાન થાય છે.

### ગાયનું ગોબર જમીનને રસકસ આપે છે

ગાય દ્વારા જે છાણ આપવામાં આવે છે તે જમીન માટે ખાતર છે. જમીનનાં સત્ત્વોનો આજે નાશ થઇ રહ્યો છે તેમાં અજ્ઞાનતા જવાબદાર છે. સ્વ. વેણીશંકર મુરારજી વાસુએ "વિશ્વમંગલ" નામના ચાર પુસ્તકો લખ્યાં છે. તેમાં તેમણે ગાયને હરતીફરતી ડેરી અને ફર્ટીલાઇઝર પ્લાન્ટ સાથે સરખાવી છે.

ગૌવંશના એક પશુ દ્વારા દર વર્ષે એક એકર જમીનને જે ખાતર જોઇએ છે તે પૂરું પાડવામાં આવે છે. પ્રત્યેક ગાય દર વર્ષે સાતથી આઠ ટન જેટલું ગોબર જમીનને પૂરું પાડી શકે છે. તેની ખાતરની દૃષ્ટિએ કિંમત જ રૂ. ૩૨ હજાર થવા જાય છે. જ્યારે ગાય દૈનિક સવાર-સાંજ જે દૂધ આપે છે તેની લઘુતમ કિંમત રૂ. સાતથી આઠ હજાર થવા જાય છે. આમ, વાર્ષિક રૂ. ૪૦ થી ૫૦ હજારનું ઉત્પન્ન માનવસેવા કાજે ગાય દ્વારા આપવામાં આવે છે.

ગાય બિનઆર્થિક છે તેમ જણાવી તેની કતલ કરનારાઓને એ વાતનો ખ્યાલ નથી કે ગાય દ્વારા માનવ સમાજને માટે ફાયદાકારક કેટલી ચીજવસ્તુ આપવામાં આવે છે.

રાસાયણિક ખાતર માટે નાણાં ખર્ચ કરવાં પડે છે. તેને બદલે ગાય સૂકાં પાંદડાં ખાઇને કુદરતી ખાતર જમીનને પાછું આપે છે. જો સંપૂર્ણ ગૌહત્યા પ્રતિબંધ અમલી બને તો દર વર્ષે સમગ્ર રાષ્ટ્રમાં જે લાખો પશુઓની કતલ થાય છે તેનું ગોબર જમીનને પાછું મળે તો જમીન રસકસવાળી બને.

### વધુ ઉત્પાદન માટે

જમીન રસકસવાળી થાય તો અનાજ, કઠોળ, શાકભાજીનું ઉત્પાદન વધે; પ્રજાને સસ્તું અને ઢગલાબંધ અનાજ મળે અને ગરીબી આપોઆપ દૂર થાય; માત્ર પાંચ જ વર્ષમાં આપણે વિદેશી દેવું નાબૂદ કરી શકીએ; અને બીજાં પાંચ વર્ષમાં ગરીબી નાબૂદ થાય. જો ગૌહત્યા પ્રતિબંધ લાદવામાં આવે અને ગૌશાળા તથા પાંજરાપોળનાં વિકાસ અને આર્થિક સધ્ધરતા તરફ ધ્યાન કેન્દ્રિત થાય તો ભારત સમૃધ્ધિથી છલકાઇ જાય તેમ છે.

આપણા રાષ્ટ્રની સૌથી મોટી મૂડી આપણું પશુધન છે. તેમાં ગાય, બળદ, બકરાં, ઘેટાંબકરાં, ઊંટ અને કાળીઆર છે. પશુઓ જે છાણ આપે છે તે જ ધરતીનો ખોરાક છે. છાણથી પ્રજાને પૌષ્ટિક ખોરાક મળે છે. આપણે ઘણીવાર ફરિયાદ કરીએ છીએ કે અગાઉના જેવી મીઠાશ અને સ્વાદ અનાજ, શાકભાજી કે ફળોમાં રહ્યાં નથી. તેનું કારણ શું? રાસાયણિક ખાતરથી ઉગાડવામાં આવતું અનાજ સ્વાદવાળું હોતું નથી.

**છાણમાં લક્ષ્મીજી વસે છે**

જ્યારે છાણીયા ખાતર દ્વારા ખેતર - વાડીમાં જે પાક લેવાય છે તે ઉત્તમ હોય છે. છાણમાં લક્ષ્મીજીનો વાસ છે.

"અવશ્ય માનના કાર્યા,
તવાસ્માભિર્યશસ્વિન,
શકુન્મુત્રે નિવસ ત્વમ,
પુણ્યે તદ્વિનઃ શુભેઃ"

હે શુભે! હે યશસ્વિની, અવશ્ય અમારે તારું માન કરવું જોઇએ. તું અમારા ગોબર અને મૂત્રમાં નિવાસ કર; કારણ કે એ બન્ને પવિત્ર છે.

લક્ષ્મીજી ગાયના ગોબરમાં નિવાસ કરે છે તે પાછળનું રહસ્ય સમજવાની આવશ્યકતા છે કે છાણના ઉપયોગથી ધરતી માતાને સત્ત્વો મળી રહે છે અને તેને કારણે અનાજનું ઉત્પાદન વધે છે. આ ધાન્ય એ જ લક્ષ્મીજી છે.

છાણ ભારતની પ્રજાના સમૃધ્ધ જીવનનું કેન્દ્ર છે. છાણ છે તો ખાતર સસ્તું છે, અનાજ સસ્તું છે, બળતણ સસ્તું છે.

વળી, ગૌવંશના બળદ, વાછરડાં-ગાય વગેરે ખેતરવાડીનો લૂખોસૂકો કચરો, પાંદડાં, ડાળી, ડાળખાં કે સાંઠા ખાઇને કિંમતી ગોબર જમીનને પરત આપે છે. ગાય તો અમૃતતુલ્ય દૂધ આપે છે.

**ભારતની સમૃધ્ધિ**

અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે તેમણે ભારતની અઢળક સમૃધ્ધિ જોઇ તેમને વિચાર આવ્યો કે આ સમૃદ્ધિ પાછળનું પરીબળ કયું છે? કારણ કે મોગલ અને મુસ્લિમ શાસકોએ આટલી લૂંટ ચલાવી શોષણ કર્યું તો પણ ભારતની સમૃધ્ધિ ઘટી નથી.

ચતુર પ્રજા તરીકે બ્રિટિશ લોકોએ ગાયનું આર્થિક મહત્ત્વ સમજી લીધું હતું. આથી તેઓ ૧૯૪૭માં અહીંથી વિદાય થયા ત્યારે દેશી અંગ્રેજો (નવા શાસકો)ને ગૌહત્યાના રવાડે ચડાવતા ગયા. બિનઆર્થિક પશુઓની હત્યા કરીને તેનું માંસ વિદેશમાં નિકાસ કરવાના રવાડે ચડાવી દઇને તેમણે ભારતની સમૃધ્ધિ રફેદફે કરી નાખવાનું ષડ્યંત્ર ગોઠવ્યું. અંગ્રેજોના શાસનમાં જેટલી પશુ હત્યા નહોતી થતી તેથી અનેકગણી ૪૦ વર્ષમાં થઇ છે.

**ગાય બિનઆર્થિક છે?**

ગાય - બળદ - વાછરડાં બિનઆર્થિક છે તેવો પ્રચાર જુઠ્ઠાણું છે. પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવ હેઠળની વ્યક્તિઓ દ્વારા જ આવો પ્રચાર થાય છે. એક આધુનિક કારખાનામાં રૂા. પાંચ લાખનું મૂડીરોકાણ થાય તો એક વ્યક્તિને રોજગારી મળે છે, મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં રૂા. ૧ લાખનું રોકાણ થાય તો ૧ વ્યક્તિને રોજગારી મળે છે જ્યારે ગૌવંશના એક પશુ પાછળ માત્ર રૂા. ૧૦ હજારનું રોકાણ થાય તો એક વ્યક્તિને રોજગારી મળે છે.

માંસાહારી પ્રજાને કેન્સર ઝડપથી થાય છે. છેલ્લાં ૫૦ વર્ષમાં કેન્સરના આંકડા તપાસવામાં આવે તો માંસાહાર કરનાર વ્યક્તિ તેનો શિકાર ઝડપથી બને છે. બ્લડ કેન્સર તો યુવાન વયે પણ થાય છે; તેનું કારણ માંસાહાર છે. એક પરિચિત કુટુંબના માત્ર ૨૪ વર્ષની વયના સોહામણા અને આકર્ષક યુવાનને કેન્સર થયું હતું. તેની તપાસ કરવામાં આવી તો કોલેજમાં પોતાના મિત્રો સાથે આમલેટ અને માંસાહાર તરફ તે બે વર્ષથી વળી ગયો હતો. બ્લડ કેન્સર જાહેર થયા બાદ ૩૦ જ દિવસમાં તેનું મૃત્યુ થયું હતું.

**બળદનું મહત્ત્વ**

ભારતમાં દર વર્ષે કરોડો ટન માલની હેરફેર થાય છે. તેમાંથી ૨૦ ટકા હેરફેર રેલવે અને ટ્રક મારફતે થાય છે. ૧૨ ટકા સમુદ્રમાર્ગે થાય છે જ્યારે બાકીના ૬૮ ટકા માલની હેરફેર પશુઓ જેવા કે બળદ કે ઊંટ વગેરે મારફત થાય છે. આમ, આટલા આધુનિકકરણ બાદ પણ બળદ કે ઊંટ આજે પણ અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. છતાં બળદને બિન આર્થિક ગણી તેની કતલ કરવાની ભલામણ થાય છે.

બળદગાડાને સ્થાને પેટ્રોલ-ડીઝલથી ચાલતાં વાહનો આવ્યાં છે અને ત્યારથી આપણે આરબ રાષ્ટ્રોના ગુલામ બની ગયા છીએ. સારી જાતના ચોખા, અનાજ, કેરી, શાકભાજી વગેરે પેટ્રોલ-ડીઝલ ઉત્પાદક રાષ્ટ્રોમાં નિકાસ થાય છે. આજે તો ગામડાંમાં રેલવે સ્ટેશન નજીકના ૫-૧૦ કિ. મી.ના વિસ્તારમાં જવા માટે પણ ધુમાડો ઓકીને પર્યાવરણ બગાડતી રિક્ષાઓનો ઉપયોગ થાય છે, જે બિલકુલ બિનઆર્થિક છે. તેને બદલે બળદગાડા શા માટે નહીં?

આયુર્વેદની આધારશીલા ગાયનું છાણ છે. છાણની રાખ ઔષધ તરીકે વપરાય છે. રાખ હૃદયને મજબૂત બનાવે છે: આજના વિજ્ઞાને પુરવાર કર્યું છે કે અણુબોમ્બના વિનાશક કિરણોત્સર્ગનો પ્રભાવ છાણના લીંપ્યા ઝુંપડા પર પડતો નથી. તેની આસપાસ પ્રદૂષણનો ખતરો ઊભો થતો નથી. ભવિષ્યમાં વિજ્ઞાન પણ ગાયના છાણને વધુ મહત્ત્વ આપે તેમ છે ત્યારે આર્યપ્રજા ગાયનું મહત્ત્વ ભૂલી રહી છે.

ગૌવંશના પશુઓની હત્યાને કારણે કમસે કમ ૫૦ અબજ રૂપિયાનું ઉત્પાદન આપણે ગુમાવીએ છીએ. શાકાહારી પ્રજાનું કૌવત - તાકાત અને સામર્થ્ય ઘટાડવાનું આ એક વ્યવસ્થિત કાવતરું છે. જો આ જ રીતે દૂધાળાં ઢોરની હત્યાનો સીલસીલો ચાલ્યો તો માત્ર પાંચ જ વર્ષમાં દૂધનો લીટરનો ભાવ રૂા. ૫૦ની આસપાસ હશે, જે આજથી પાંચ વર્ષ અગાઉ રૂા. છથી આઠ હતો તે આજે રૂા. ૧૪થી ૧૬ વચ્ચે છે.

ઘી, દૂધ, છાશ,દહીં, માખણ આયુર્વેદમાં જણાવેલ શાકાહારી પ્રજાનો ખોરાક છે. તેમાંથી શરીરને આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. શહેરી પ્રજાએ દાન પાછળનો આશય અને હેતુ બદલાવવાની આવશ્યકતા છે ગૌશાળા અને પશુઓના કલ્યાણ માટે દાનની રકમ ફાળવવાની આવશ્યક છે. સૌરાષ્ટ્ર - ગુજરાતમાં અનેક સ્થળે સારા સંચાલનવાળી ગૌશાળા છે. તેમને આર્થિક મદદ આપવાની જરૂર છે.

સુખી અને સમૃધ્ધ કુટુંબોએ જો અનુકૂળતા હોય તો ગાયમાતાનો ઉછેર કરવો જોઇએ. અલબત્ત, તે ગ્રામ્ય વિસ્તારમાં શક્ય બને તેમ છે. આથી બે ફાયદા થશે. ઘરઆંગણે જ ચોખ્ખાં ઘી, દૂધ મળી રહેશે અને ગૌસેવાનું પુણ્ય મળશે. ગાયમાતાના આશીર્વાદ થકી ભવસાગર પાર કરી શકાશે. અલબત્ત, આ બાબત રસ અને સગવડતાનો વિષય છે, છતાં જેઓ કરી શકે તેમ છે તેમણે કરવું જ રહ્યું.

આર્યપ્રજાની સંસ્કૃતિ સાથે ગાય સદીઓથી સંકળાયેલી છે. એમ કહેવાય છે કે ભારતને ગોપાલનનો ૧ લાખ વર્ષનો અનુભવ છે. હજારો વર્ષથી ગૌમાતા પુજાતી આવે છે. તેની વિવિધ રીતે સેવા થતી આવે છે. ગૌપાલન એ તો આર્ય પ્રજાનો ધર્મ છે, સંસ્કૃતિ છે. સાચા અર્થમાં જો આબાદ ભારતનું સર્જન કરવું હોય તો પશુહત્યા બંધ કરીને ગૌપાલનને વૈજ્ઞાનિક ઢબે વિકસાવવાની આવશ્યકતા છે.

શિક્ષિત વર્ગ અને શહેરીજનોએ પાંજરાપોળ અને ગૌશાળાની પ્રવૃત્તિમાં વધુ રસ કેળવવો જોઇએ અને તે માટે ધ્યાન પણ કેન્દ્રિત કરવું જોઇએ. ભારત જો આર્થિક મહાસત્તા બનવા માગતું હોય તો ગૌપાલન અને ગૌરક્ષા પર ભાર મૂક્યા વગર છૂટકો નથી. ગરીબી અને બેકારીની તમામ સમસ્યા વિશ્વ બેંકની મદદ વગર ઉકેલવા માટે ગૌપાલન એ એક જ વિકલ્પ છે.

આર્યધર્મના રક્ષણ કાજે પણ ગૌપાલન એ સુખી ગૃહસ્થોએ અપનાવવા જેવી પ્રવૃત્તિ છે.

(૬)

VINIYOG

# સંકર ગાય એટલે મોતની ખાઈ

દેશી અને પરદેશી પશુઓ વચ્ચે સંયોગ કરાવી તદ્દન નબળી કક્ષાની રોગપ્રતિકારક શકિત વગરની. અત્યંત ઓછું તથા સત્વહીન દૂધ આપતી ગાય તથા ખૂંધ વગરના બળદ અને જેના છાણની જગ્યાએ પાણી જેવું છાણ પડે તેવા પશુઓ આપતી વિનાશકારી પધ્ધતિ એટલે ક્રોસબ્રીડીંગ ભારતની સંસ્કૃતિ તથા ભારતીય પ્રજાનો નાશ કરવા માટે પોતાની પાળેલી કોંગ્રેસ દ્વારા પુનોએ લીધેલા વિનાશકારી પગલાંને ત્રીજી અનડીક્લેર વોર કહીએ તો પણ ઓછું છે.

કહેવાય છે કે જ્યાં દેવદૂતો પગ મૂકતાં ડરે છે ત્યાં મૂર્ખાઓ ધસી જાય છે. આને સાચું પાડવા માટે જ આપણી કહેવાતી સરકારે કાંકરેજ અને ગીર જેવી વિશ્વવિખ્યાત નસલો ધરાવતી આપણી ગાયોની જાતોને જર્સી અને હોલસ્ટીન ફ્રીઝીયન જેવી જાતો સાથે ક્રોસબ્રીડ (સંકરપણું) કરીને કર્યું છે. જેમ માનવીમાં લોહીમાં વારસાગત સંસ્કારો તથા રોગો આગળ વધે છે તેવી રીતે નબળી રોગ પ્રતિકારક શકિત ધરાવતા વિદેશી આખલાઓનો રોગ આપણી ગાયમાં સંક્રમીત થાય છે. આ જ ક્રુર યોજના પરિણામે 'મેડ કાઉ ડીઝીસ' નામનો રોગ વકરી ગયો છે જેને કારણે હજારો ગાયો મોતને ઘાટ ઉતરી ગઈ છે. તેની વિરૂધ્ધમાં યુરોપમાં જન્મેલા પ્રત્યાઘાતો આપણા સરકારની આંખ ખોલાવી શકશે ખરા? કદાચ ના.

સંકર યોજના દ્વારા પેદા થતાં બળદોને ખૂંધ ન હોવાને કારણે ખેતીમાં ઉપયોગી થતા નથી. શરીરના નબળા બંધારણના કારણે પણ ભાર ઉંચકવા જોડી શકાતા નથી. વળી ગરમી પણ સહન ન કરી શકતા હોવાને કારણે બપોરે ખેતરમાં જઈ શકતા નથી. આ યોજનામાં પેદા થતી ગાયો આપણા દેશી ગાયો કરતાં ઓછું અને સત્વહીન દૂધ આપે છે. સંકર ગાયનો લીલો ચારોય અને વધુ પાણી જોઈએ જ્યારે આપણી ગાયોને સૂકો ચારો અને ઓછું પાણી જોવે છે. ઉપરાંત સંકર ગાય પાણી જેવું પાતળુ છાણ આપે છે જે ખાતર તરીકે ખેતરમાં કે ઘરમાં લીંપણ કે બળતણ તરીકે પણ કામ આવતું નથી. આથી સંકર ગાયના ઉપયોગ દ્વારા બળદ, દૂધ અને છાણ ત્રણેની અછત સર્જાઈ છે.

સંકર ગાયની ઓછી રોગપ્રતિકારક શકિત તથા છાણની જગ્યાએ પાણી આપવાના નાવડને કારણે તે ખુલ્લા વાતાવરણમાં ફરી શકતી નથી. આથી ગાયોનું જંગલોમાં ચરવા જવું. તેના છાણ અને મૂત્રનું જંગલમાં પથરાવવું. જંગલની જમીન ફળદ્રુપ બનાવી જંગલો ઉગવા, વરસાદ આવવો. જંગલને કારણે જમીનનું ધોવાણનું અટકવું વગેરે તમામ ક્રિયાઓ અટકી જાય છે અને આનાથી તમામ વિરૂધ્ધ ક્રિયાઓનું સર્જન થાય છે. કૃષિ આધારીત અર્થતંત્રની કરોડરજ્જુ જેવા અસલી બળદો જે દિવસમાં ૧૦૦ માઈલનું અંતર કાપી નાખતા હતા તેવા બળદો તથા ગરીબ ગ્રામવાસીઓના પોષણના એક માત્ર સાધન એવા દૂધને પણ સંકર ગાયના વિનાશક કાર્યક્રમ હેઠળ ખતમ કરી દેવાની ઘાતકી કોશીશ ૧૯૪૭થી થઈ રહી છે. આ એક અઘોરી કૃત્ય છે.

દીપન અનીલકુમાર શાહ

"પ્રભાત"
મુંબઈ સમાચાર

VINIYOG

# દેશી ગાયના ફાયદા

હમણાં ગાયોનુ ક્રોસ-બ્રીડીંગ ખુબ વધી ગયું છે. આપણી આ સરકાર ક્યારે સુધરશે કોને ખબર ? હમણાં દુધમાં ઝેરનું પ્રમાણ પણ ખુબ જ ભયંકર રીતે વધી ગયું છે.

જ્યારે 'શ્વેત ક્રાંતી' ન હતી ત્યારે દુધના ભાવ કેટલા હતા ? ને અત્યારે કેટલા છે ? ત્યારે દુધમાં જંતુનાશક દવાઓનું પ્રમાણ કેટલું હતું ? અત્યારે કેટલું છે ? ભારત વર્ષમાં ક્રોસ-બ્રીડ લાવવાથી ફાયદો થયો કે ગેરફાયદો ? હવે ટૂંકમાં ક્રોસ-બ્રીડ ગાયના ફાયદા જોઈ લઈએ.

(૧) તેઓ આપણી ગાય કરતાં વધારે દુધ આપે છે.

(૨) તેમનો વિયાવાનો ટાઈમ ઓછો હોય છે.

હવે એની સામે દેશી ગાયના ફાયદા અને બ્રીડ ગાયના નુકસાનો જોઈએ.

(૧) દેશી ગાયનું મૈથુન ક્રિયા કુદરતી રીતે થાય છે. જ્યારે વર્ણશંકર ગાયને અકુદરતી રીતે જર્સી ઈત્યાદી વિદેશી બળદનું વીર્ય બળજબરીપૂર્વક ઈન્જેકશનોથી આપે છે.

(૨) આ જર્સી ઈત્યાદી બળદના ઘૂંટમાં ઘણા પ્રકારના રોગો હોય છે તે આપણી ગાયોમાં લાગી જાય છે.

(૩) હવે વાત વધારે દૂધ આપવાનો. આપણા દેશમાં જ્યારે મેકોલે આધારિત શિક્ષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ આધારિત શહેરો અને ફાર્મો, વર્લ્ડ બેંક આદિ આધારિત પશુ-નીતિ ન હતી. જ્યારે પશુવધ બંધ હતો ત્યારે ઘેરઘેર ગાયો હતી. આથી લોકોને મફત દૂધ મળી રહેતું ત્યારે ઘાસચારો વિપુલ હતો અને પશુઓ માટે ખોળનો નિકાસ થતો નહોતો. આથી પશુ બળવાન હતા અને દૂધ વિપુલ પ્રમાણમાં આપતા. વર્ણશંકર ગાય દિવસના જંતુનાશક દવા સહિત દિવસના ૧૨-૨૦ લીટર દૂધ આપે છે. જ્યારે આપણી ગીરની ગાયો જેનું નાથદ્વારામાં અને ગોંડલ આશ્રમમાં શાસ્ત્રીય હિંદી પધ્ધતિથી પાલન થાય છે તે દિવસનું સ્વચ્છ જંતુનાશક દવા વગરનું રોજ ઓછામાં ઓછું ૪૦ લીટર દૂધ આપે છે !

(૪) દેશી ગાય પાળવાનો મુળ હેતુ દૂધ ન હતું. તે તો આડપેદાશ હતી પરંતુ તેનો મુળ હેતુ તો બળદ જ હતું પૂર્વે સર્વ કાર્ય ખેતી, ઘાણી, વાહન વ્યવહાર, શેરડી, પીળવી ઈત્યાદિ બળદ આધારિત હતી. અત્યારે પણ રાષ્ટ્રમાં ૯૦ % કામકાજ પશુ આધારિત જ થાય છે. હવે વર્ણશંકર ગાયના બળદને તો ઉપર ખાંધ જ નથી હોતી. આથી તેઓ ખેતી, વાહન વ્યવહાર ઈત્યાદી કાર્યમાં શું કામ આવી શકે ? આથી તેઓ સીધા જ કત્લખાનામાં જાય! જે પાંજરાપોળ, જીવદયા મંડળી, કચ્છમાં સ્વામી વિવેકાનંદ કેન્દ્ર તથા વસાઈમાં ગોશાળા જે ક્રોસ-બ્રીડીંગ કરાવે છે. તેઓ શું કત્લખાના માટે વાછડાઓનો પુરવઠો તો નથી વધારતા ને ? પાછા કહેવાય ગોપાલક !!

(૫) ભારતમાં દૂધ તો અન્ય પશુ પણ આપે છે પરંતુ છાણ આપવાવાળા તો ગાય અને ભેંસ જ છે. જેમાં ગાયનું છાણ પવિત્ર ગણાય છે. તે ઘર બનાવવામાં, બળતણમાં, આયુર્વેદમાં, ખેતીમાં તેમ જ અસંખ્ય કાર્યોમાં વપરાય છે. હવે વર્ણશંકર ગાય ખુબ લીલુ ઘાસ ખાય છે. એટલે તેનું છાણ પાણીવાળુ હોય છે તેનું પાંદડું થતું નથી આથી તે બળતણમાં વપરાતું જ નથી. ખેતીમાં નાખતા જીવાત થઈ જાય !!! આથી પુષ્કળ છાણનો પુરવઠો તુટી જાય છે.

(૬) હવે વર્ણશંકર ગાયને ૩૫-૪૦ કિલો રોજનું ઘાસ જોઈએ. સુકું બહું ઓછુ ચાલે. હવે જો દેશી ગાયનું બ્રીડીંગ ફોરેન ગાય જોડે થાય તો શું આટલું ઘાસ ઉગાડવા માટેની જમીન શું ભારત પાસે છે , એટલું પાણી છે ? દુષ્કાળ વખતે લીલું ઘાસ ક્યાંથી લાવશે ? ખાસ કરીને કચ્છ જ્યાં પીવાના પાણી પણ દુર્લભ છે ત્યાં શું થશે ? ઓ વિવેકાનંદ કેન્દ્રો હવે તો જાગો ! તમે કચ્છનું સત્યાનાશ વાળવા બેઠા છો ? આ ફાર્મો, પુનો, વિશ્વબેંકના આધારે ?.

(૭) દેશી ગાય સામાન્ય હવામાનમાં એડજસ્ટ થઈ શકે છે બીમાર ભાગ્યે જ પડે છે. બીમાર પડે તો સામાન્ય દેશી દવાથી ચાલી જાય. તેઓ સાદા શેડમાં રહી શકે છે જ્યારે આનાથી વિપરીત વર્ણશંકર ગાય આપણા હવામાનમાં એડજસ્ટ થઈ જ નથી શકતી. એટલે વારે ઘડી બીમાર પડે. આથી તેને દવા આંતરે કરાવવી જ પડે, તેય દેશી ચાલે જ નહીં એને તો આયાત કરાયેલી ચોકકસ દવાઓ જ ચાલે ! હાય ! શું આ કોઈ દવા બનાવવાવાળી વિદેશી કંપનીનું આ કાવતરૂ તો નહીં હોય ને ?

આવા તો ઘણા મુદ્દા છે. તે જો મારા જેવા થોથ જાણી શકતા હોય તો પછી શું આ વેટરનરી ડોકટરો, પશુ મંત્રાલય નહીં જાણતી હોય ? અને જો તેઓ જાણતા હોય તો શા માટે ચૂપ છે ? છાપાઓમાં વાંચીએ છીએ તે પ્રમાણે ભારતમાં પશુઓનું શું કરવું તેની સલાહ ફાર્મો આપે છે. તો શું અબજો રૂપિયા ખર્ચી તૈયાર કરેલા ડોકટરો ડફોળ હશે ? તેઓ શું એટલા માટે કે બળદનો પુરવઠો કપાઈ જાય આથી વર્ણશંકરોની તરફેણ કરે છે. જેથી મંદીમાં ચાલતા ટ્રેકટર ઉદ્યોગને ફાયદો થાય ? કે પછી છાણનું ઉત્પાદન બંધ થાય આથી ખાતર (સેંદ્રિય)નો પુરવઠો બંધ થાય અને તેથી જમીનના સત્યાનાશ કરતી, મહાજેરી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની ખપત થાય જે હવે વેચાતુ જ નથી કેમકે ભોળા ખેડૂતને હવે ખબર પડી જ ગઈ છે. પરંતુ તેને સબસીડી, લોન આદિની જાહેરાત આપી ફસાવવામાં આવે છે. અને આથી આગળ જઈએ તો બળદ-ગાડાનો વ્યવહાર ઘટવાથી પેટ્રોલ - ડીઝલની આયાત વધી જાય !!

હિતેશ હિમોહરવાળા,

મુંબઈ સમાચાર
૨૬.૫.૯૩
પાના. ૮

(૭) A

VINIYOG

# શંકર ગાયના ઉછેરથી થતાં સીધા નુકશાનો

૧. દેશને ખેતીનાં કામ માટે તથા ભારવહનનાં કામ માટે લાખો બળદોની જરૂર છે. શંકર ગાયનાં ઉછેરથી તેવા બળદો પ્રાપ્ત થતા નથી. તેથી શંકર ગાયના નર વાછરડા કતલખાને ધકેલાઈ જાય છે.

૨. દેશને ખેતી માટે, બળતણ માટે તથા વિવિધ ઉપયોગ માટે લાખો ટન છાણાની જરૂરિયાત છે. શંકર ગાયના ઉછેરથી છાણની પ્રાપ્તિમાં મોટો કાપ પડે છે.

૩. શંકર ગાયોની રોગ પ્રતિકારક શકિત ઘણી ઓછી હોય છે. તેથી તેના દૂધમાં પણ રોગનો પ્રતિકાર કરી શકવાની શકિત ઓછી હોય છે. તેથી તેનું દૂધ સત્વહીન હોય છે.

૪. વળી શંકર ગાયના દૂધમાં માખણનું પ્રમાણ ઓછું હોઈ શુધ્ધ દેશી ઘીનાં ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

૫. શંકર ગાય ઉછેરથી એટલે ઘેર હાથી બાંધવો તેનામાં રોગનો પ્રતિકાર કરી શકવાની શકિત ઓછી હોવાથી તેના ઉછેર પાછળ ઈંજેકશનો, દવાઓ વિગેરેનો મોટો ખર્ચ કરવો પડે છે.

૬. શંકર ગાયને આપણા દેશની આબોહવા માફક નથી આવતી. તેથી તેના ઉછેર માટે કન્ડીશન તબેલાઓ વિગેરે વિવિધ સગવડો ઊભી કરવી પડે છે.

૭. શંકર ગાયને પુષ્કળ પ્રમાણમાં લીલો ચારો આપવો પડે છે. શંકર ગાયોને જેટલો ખોરાક આપવામાં આવે છે. તેટલો ખોરાક જો દેશી દૂધાળી ગાયોને આપવામાં આવે તો તે શંકર ગાય કરતાં પણં વધારે દૂધ આપવાની ક્ષમતા ધરાવે છે.

૮. શંકર ગાયો માત્ર ૮ થી ૧૦ લીટર દૂધ રોજ આપે છે. અકબર બાદશાહના વખતમાં દેશી ગાયો રોજનું ૩૨ લીટર દૂધં આપતી હતી.

૯. શંકર ગાયોને પુષ્કળ પ્રમાણમાં પાણી પાવું પડે છે.

૧૦. શંકર ગાય ઉત્પન્ન કરવા પરદેશી બીજનું પરાવલંબન સ્વીકારવું પડે છે.

૧૧. કૃત્રિમ ગર્ભાધ કરતી વખતે ગાયને ભારે શારીરિક ત્રાસ ભોગવવો પડે છે.

૧૨. શંકર ગાય ઉછેરવાની નીતિ બંધારણની કલમ ૪૮નો ખુલ્લેઆમ ભંગ કરે છે. કોઈપણ કાયદો અથવા નીતિ બંધારણની જોગવાઈનો ભંગ કરે તો તેવી નીતિ/ કાયદો ગેરબંધારણીય અને તેથી રદબાતલ કરે છે.

મહાજનમ્ વતી
મીનલ શાહ

મુંબઈ સમાચાર
તા.૧૦.૮.૯૩

# પશુ ઊછેરઃ યુવાનોને પડકાર

> જેની પાસે કોઇ દિશા નથી, હતાશાનો અંધકાર છવાઇ ગયો છે, જીવવા માટે ફાંફા મારતા યુવાનોના આયોજનની શકિત પણ સીમિત બની ગઇ હોય છે. સુગાળવું લાગતું પશુ ઊછેરનું કામ તેમને જીવન બક્ષી શકે તેમ છે, નવીઆશાઓનું આભઆપી શકે, તેમ છે.

આહવાન

અતુલ શાહ

નાનાગામ- શહેરના પ્રતિદિન છિન્નભિન્ન જતા ડીગ્રીધારી બેકાર યુવાનોને સહાયરૂપ બનાવવા જે વિકલ્પો વિચારાય છે એમાં 'પશુ ઊછેર'નો વિકલ્પ પ્રથમ નજરે ભલે વરવો, સુગાળવો, નાકનું ટેરવું ચડી જાય એવો લાગે પરંતુ "પશુ-પાલન"ના આર્થિક, સામાજીક તથા જીવદયા ક્ષેત્રે જે અસીમ લાભો છે. એનો જો વિચાર કરવામાં આવે તો પ્રથમ દ્રષ્ટિએ કદરૂપી લાગતી આ વાતમાં છુપાયેલું શાશ્વત સૌંદર્ય અનુભવી શકાય.

આજ પરિસ્થિતિ એવી મુશ્કેલ છે કે જેની પાસે કોઇ દિશા નથી, સંપૂર્ણપણે હતાશાનો અંધકાર છવાઇ ગયો છે. આ દિશા-હિનતા અને હતાશા પાછળના કારણો અગાઉ જણાવ્યાં જ છે. જીવવા માટે ફાંફા મારતા યુવાનોના આયોજનની શક્તિ પણ ઘણી જ સીમિત અને મર્યાદિત હોય એ સ્વાભાવિક વાત છે. વ્યાપી ગયેલી હતાશાના કારણે ઘણા સુરવેલું કામ પણ યોગ્ય રીતે કરી શકતા નથી એ એવી સ્થિતિ છે.

આવા યુવાનો માટે પશુપાલન- ઊછેરની નક્કર વ્યવસ્થા કરવી જોઇએ. આ આયોજન સામે કહેવાતો સુધરેલો- સભ્ય વર્ગ નાકનું ટેરવું ચઢાવશે કે એ બગાડશે એ નકકી વાત છે. તેમજ જેને સહાયરૂપ બનવા માટે આ વ્યવસ્થા કરાય એ વર્ગ પણ તાત્કાલીક આ યોજના સાથે સહમત નહીં જ થાય. રસ્તાની વચ્ચે ગંદકી ઊભી કરતો છાણનો પોદળો અમૂલ્ય ખાતર છે. એ સમજવા માટે ખેડૂત બનવું જરૂરી છે. એજ પ્રમાણે આ આયોજન નક્કર પરિણામ લાવી તેની ખાત્રી એમાં સંકળાયા પછી જ થાય.

દરેક ગામના મુખ્ય આયોજકો આ વ્યવસ્થા અંત્યંત ધીરજ રાખીને ગોઠવે તો શરૂઆતમાં બેહોળ- મુશ્કેલ લાગતું આ કામ સર્વ રીતે શુભ ફળદાયી બને એમાં બે મત નથી. અને સારા પરિણામો સુધારેલા વર્ગને પણ આવા આયોજનો તરફ આકર્ષશે એ પણ નકકી છે.

એક પણ ગેરલાભ વગરના- સંપૂર્ણપણે લાભદાયી એવા'પશુ પાલન-ઊછેર' વિશે ઊંડાણથી વિચારીએ તો આજના યુગમાં દૂધ રોજંદી જરૂરિયાત છે. હવા- વીજળી- પાણી જેટલી જ દૂધની અગત્યતા છે. એની સામે દૂધનું ઉત્પાદન જરૂરિયાત કરતાં ઓછું છે અને આવનારા દિવસોમાં જરૂરિયાત વધવાની જ છે. એટલે વેચાણનો પ્રશ્ન કદી ઊભો થવાનો નથી. આ રચનાત્મક- સર્જનાત્મક કાર્યથી હતાશા આપ મેળે દૂર થઇ જાય છે. એક નવી દિશા ખૂલે છે.

શરૂઆતમાં યુવાનો આ વ્યવસ્થા સામે ખચકાશે. સ્વભાવગત વિરોધ વ્યકત ન કરે તો પણ ઉત્સાહથી વધાવશે તો નહી જ. માટે શરૂઆતમાં માત્ર પ્રાયોગિક ધોરણે ૮થી ૧૦ યુવાનોનું ગ્રુપ બનાવવું ૧૦૦૦ વાર જમીન લેવી અને જેટલા યુવાનો જોડાય એટલી ભેંસથી સંકુલ શરૂ કરવું. શરૂઆતમાં માલધારી જેવા માણસને નોકરીમાં રાખવો. સવારના પાંચ વાગ્યે શરૂ થઇ જતાં કામ પર યુવાનો દેખરેખ રાખે અને એ કામ જાતે શીખતા જાય.

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અને સ્થળ- સંજોગના કારણે શહેરમાં ન જઇ શકતા યુવાનો માટે આયોજન તાત્કાલિક સફળ બની શકે કારણ કે ગામડામાં પશુપાલન કરવામાં જે સરળતા અને સગવડ છે એમાં જે યુવાનોને 'સ્ટેટસ'નો પ્રશ્ન પણ વિઘ્નકર્તા નહિ બને યુવાન સ્વયં આ આયોજનને આવકારશે.

આવકના આંકડા મૂકો તો એક ભેંસનો ખર્ચ બાદ કરતા માસિક ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયા ચોખ્ખી આવક આવે છે જેમાં સેલ્સ ટેક્ષ કે ઇન્કમ ટેક્ષની કોઇ સમસ્યા નથી સાથે જ વેચાણની પણ કોઇ ચિંતા નથી અને બીજા કામની સરખામણીમાં આવક તો વધારે છે જ.

આ યોજના જો સફળ થાય તો યુવાનો સમક્ષ- દિશા વિનાના છે. માત્ર શારીરિક મહેનત પર જ જીવન ખર્ચે છે. અને સોડાની બાટલી સાફ કરવી, કેમિકલ્સના બાટલા વેચવા અથવા ટાઇલ્સ સાફ કરવા એસીડના બાટલા વેચીને ગુજરાન ચલાવે છે અને એ પણ એહસાનના બોઝ તળે દબાઇને કરે છે આવા યુવાનો માટે આ વગર બુધ્ધિએ, વધુ આવક કરાવી આપનારૂં કાર્ય છે. આ આયોજનની સફળતા અને તદન સામાન્ય સમજ શક્તિ ધરાવતા યુવાનોને મળેલી સફળતા જોઇ બુદ્ધિજીવી યુવાનો પણ આ વ્યવસ્થા તરફ આકર્ષાઇને આગળ આવશે.

ધીરે ધીરે આ વ્યવસ્થા સામુહિકમાંથી વ્યક્તિગત બનીને વિકાસ સાધશે. નબળા ગણાતા યુવાનો સ્વાવલંબી બનતા એમની ચિંતાનો ભાર સરકાર પર નહિ રહે તે છતાં આ કાર્ય શરૂ કરવા માટે પણ કોઇ ચોકકસ આગેવાન જોઇશે. આ અગત્યની વાત છે. વ્યવસ્થાના વિકાસની સાથે જ વ્યક્તિ- કુટુંબનું સ્વાવલંબન પણ ટકી રહેવાનું કારણ કે કુટુંબની સંખ્યાના પ્રમાણમાં પશુની સંખ્યા પણ વધતી જશે. જેથી મોંઘવારી સામે દૂધનું ઉત્પાદન વધ્યા જ કરશું જ હોઇ આ કુટુંબ સાચું સ્વાવલંબી બનશે.

અજડ-અભણ ગણાતી ભરવાડ- રબારી કોમે છેલ્લા એક દાયકામાં જ વિદ્યુતવેગે વિકાસ સાધ્યો છે એનો સમગ્ર યશ પશુપાલનને જાય છે એ સ્પષ્ટ વાત છે.

દિશાહિન-બેકાર- ડીગ્રીધારી યુવાનોને 'કામચોર', 'આળસુ' વ્હાઇટ કોલર જોબના દિવાના' એવા વિશેષણોથી નવાજવા એ વધુ પડતું છે. આવા યુવાનોને જો આવા રચનાત્મક ક્ષેત્રની દિશામાં આ આયોજન દ્વારા સાંકળી લેવાય તો ખૂબ જ ઉત્તમ કાર્ય થઇ શકે.

રસ ધરાવનાર સંપર્ક સાધેઃ અતુલ એચ. શાહ, મોહનલાલજી રાઠોડ, મોનિકા મહેતા મહાજન, ૫૧૦, પ્રસાદ ચેંબર્સ, ઓપેરા હાઉ, મુંબઇ- ૪૦૦૦૦૪.

ગુજરાત સમાચાર

ગુજરાત સમાચાર, મુંબઇ, મંગળવાર, તા.૧૩ જુલાઇ, ૧૯૯૩ ૯

(૮)

VINIYOG

# ગાયને પાળવી એટલે ખોટનો ધંધો : એવું સમજનારા એની ઉપયોગિતા સમજ્યા વિના ગાયને કતલખાને દોરી જાય છે

તંત્રીશ્રી,

ગોપાલની ભારતીય પ્રથા ગાય અને ગાયના દૂધને વેપારની દષ્ટિએ જોવાની નથી. પણ ઘેર ઘેર ગાય પાળીને તેને કુટુંબના સભ્ય તરીકે ઉછેરીને કુટુંબનાં દૂધ, ઘી, બળતણ વગેરે જરૂરિયાતો મેળવવાની છે.

પણ ગાયને કુટુંબના સભ્યપદેથી હડસેલી દઇને ગાય અને દૂધને વેપારની ચીજ બનાવીને, ડેરી ઉદ્યોગનું રૂપાળું નામ આપ્યું કે તરત જ ગાયને ખવડાવવાના ખરચનો, વાછડો દૂધ પી જાય તેની કિંમતનો હિસાબ થવા લાગ્યો. ડેરી ઉદ્યોગનું બીજું પરિણામ એ આવ્યું કે ગાયો ઘરમાંથી નીકળી ડેરીઓમાં પહોંચી અને ત્યાંથી કતલખાને ગઇ. તેની સીધી અસર બળદ, ખાતર, બળતણ અને ઘીના પુરવઠા પર થઇ.

ઘર ઘર ગાયની પ્રથા હતી ત્યાં સુધી ખેડૂતો પોતાના બળદો માટે વાછડાં મફત મેળવી શકતા. આ વાછડાઓ ૨૫૦થી ૩૦૦ દિવસ સુધી માનું દૂધ પીધું હોવાથી વધુ શ્રમ કરી શકતા એટલે વધુ ઝડપથી વધુ જમીન, વધુ સારી રીતે ખેડી શકતા આથી ખેતઉત્પાદનનો ખર્ચ બહુ ઓછો રહેતો.

હવે ખેડૂતોને નીચી કક્ષાના વાછડા વધુ કિંમત આપીને ખરીદવા પડે છે. આ નીચી કક્ષાના બળદો શ્રમ કરવામાં પાછા પડે છે એટલે જે જમીન ખેડવા માટે બળદની એક જોડ પૂરતી હતી ત્યાં હવે બે જોડીની જરૂર પડે છે.

આમ બળદ ખરીદવાનો ખર્ચ વધ્યો. તેમની સંખ્યા વધારવી પડી એટલે તેમને ખવડાવવાનો ખરચ વધ્યો. આમ ખેત-પેદાશનો ખર્ચ વધ્યો એટલે ખેતપેદાશના પણ ભાવો વધ્યા. જેની અસર ઉદ્યોગો ઉપર અને સમગ્ર પ્રજા ઉપર પડી.

અને હવે તો જે ખેડૂતોએ ટ્રેકટર (લોન લઇને) અઢીથી ૩ લાખમાં ખરીદ્યું છે તે તો બિચારો દેવાંના ડુંગર નીચે દટાઇ ગયો છે અને ઉપરથી મોંઘુંદાટ ડીઝલ જેને લીધે તેનો ખર્ચ અમર્યાદ રીતે વધી રહ્યો છે. તેની અસર સીધેસીધી અનાજના ભાવો ઉપર પડે છે.

આપણા ઔદ્યોગિક ઉત્પાદનના ભાવ પણ ઊંચા રહે છે, કારણ કે કાચા માલના તેમ જ અનાજના ઊંચા ભાવોને કારણે મજૂરી મોંઘી પડે છે ઉપરાંત મોંઘવારી ભથ્થાં આપવાં પડે છે અને મોંઘા અનાજને કારણે સરકારી કર્મચારીઓને પણ મોંઘવારી ભથ્થાં આપવાં પડે છે. મોંઘવારી ભથ્થાંના ખર્ચને પહોંચી વળવા સરકાર દ્વારા ઉદ્યોગો પર વધુ ને વધુ કર નખાતાં ઔદ્યોગિક ચીજવસ્તુઓના ભાવો વધે છે. આમ આ વિષચક્ર વધુ ને વધુ મોટું થતું જાય છે.

જો હવે આપણે વેળાસર ચેતીશું નહિ તો વધતાં જતાં કરભારણ, મોંઘવારી અને ભ્રષ્ટાચારના અજગરના ભરડાથી મુક્ત થવાની કોઇ શક્યતા નથી.

*મનીષ કિશોરભાઇ વોરા*
૬, અમૃતધામ, તેજપાલ રોડ,
વિલે પાર્લા (ઇસ્ટ)

સમકાલીન
તા. ૧૪.૭.૯૩
પાના. ૯

# કેનેડા અને અમેરિકામાં શાકાહારી ખોરાક માટે જબરદસ્ત આંદોલન

(૧૦)

VINIYOG

**વીરેન્દ્ર અઢિયા, ટોરાન્ટો (કેનેડા)**

"**તમે** જેવો ખોરાક ખાવ છો તેવા જ તમે બનો છો" "UOU ARE WHAT YOU EAT" એવી કહેવત જાણીતી છે. એક તરફ ભારતમાં જે સમાજના લોકો માંસાહાર કરતા ન હતા તે છૂપી રીતે કે ખુલ્લી રીતે તે ખાવા મંડયા છે. ત્યારે જેઓ જન્મથી જ માંસમચ્છી ખાતા આવ્યા છે એવા કેનેડા અને અમેરિકાના ગોરા લોકો હવે શાકાહારી બનવા માટે ઘણાં ઉત્સુક છે અને તે માટે મોટું આંદોલન ચલાવી રહ્યા છે. જમાનાથી ભારતની શાકાહારી પદ્ધતિનો મર્મ હવે તેમને સમજાય છે અને માંસાહારથી કેટલું નુકસાન થાય છે તથા શાકાહારથી કેટલા લાભ છે તે જોરજોરથી બુમબરાડા પાડીને બધાને સમજાવે છે.

અજબ દુનિયાની ગજબ વાત અને ઉલટી ગંગા તે આનુ નામ ?

## અહીં શાકાહારી ભોજન મળે છે

હવે અમેરિકાના નાના મોટા શહેરોની હોટેલની (રેસ્ટોરન્ટની) બારીઓ પર આ મુજબના પાટીયાઓ લગાડવામાં આવે છે કે "અહીં શાકાહારી ભોજન મળે છે." - PETA - PEOPLE FOR ETHICAL TREATMENT OF ANIMALS - પશુઓને ન્યાય અપાવનારી સંસ્થા તરફથી એવા પ્રચારપત્રકો શાકાહારી ભોજન આપનારા રેસ્ટોરન્ટોને મફત આપવામાં આવે છે. સંસ્થાના સંચાલક રોબીન વોકરે કહ્યુ કે હવેના દાયકામાં શાકાહારી બનવું અને રહેવું એ નવા જમાનાની ખાસ માંગ છે. હવે મોટા ભાગના અમેરિકનો તેમના સ્વાસ્થ્ય માટે, વાતાવરણની શુદ્ધીને માટે અને નૈતિક સિદ્ધાંતને ખાતર શાકાહારી બની રહ્યા છે."

માંસાહારથી વકરાઈ ગયેલા અને એ જીવન પદ્ધતીથી છુટવા મથતા અનેક અમેરિકનો પોતાની મોટરની પાછળના બંપર ઉપર "અમે શાકાહારી બની તે માટે ઘણાં સ્વાભિમાની છીએ." "WE ARE PROUD TO BE VEGETARIANS."

## કેનેડામાં "મેકડોનલ્ડ" રેસ્ટારન્ટ સામે દેખાવો

એપ્રિલ મહિનાના ત્રીજા અઠવાડિયામાં ટોરાન્ટો અને આજુબાજુના ઉપનગરોના માંસાહારી "મેકડોનલ્ડ" રેસ્ટોરન્ટ સામે ઘણાં ગોરાઓએ દેખાવો કરીને "માંસાહાર બંધ કરો, શાકાહારી ભોજન આપો." એવી જોરદાર માગણી કરી છે. "દરેક માનવી માટે જરૂરી એવો શાકાહારી ખોરાક આ દુનિયામાં પૂરતો છે જ, માંસાહારની જરૂર નથી." એવી દલીલો એમણે કરી હતી. ટોરાન્ટોમાં "મેકડોનલ્ડ" રેસ્ટોરન્ટના સંચાલકોએ એમને શાંત પાડીને એમની માગણીઓનો ગંભીરતાથી વિચાર કરવાની બાંહેધરી આપી છે. હવે ટૂંક જ સમયમાં કેનેડા તથા અમેરિકાના દરેક શહેરમાં જ્યાં જ્યાં "મેકડોનલ્ડ" રેસ્ટોરન્ટો છે ત્યાં ત્યાં "શાકાહારી વિભાગ" ટૂંક જ સમયમાં શરૂ થવાની શક્યતા છે. "ધુમ્રપાનની બંદી છે." એવી સૂચનાઓ કેનેડાની સરકારી ઓફીસો, ફેકટરીઓ, વિમાન કંપનીઓ તથા રેસ્ટોરન્ટોમાં છે તેવી જ રીતે દરેક કાફેટેરીયામા "ભલે પધારો શાકાહારીઓ" એવા સુસ્વાગતમના પાટીયાઓ લાગશે તો તેમાં નવાઈ નથી.

## શાકાહારી ખોરાકની તરફદારી કરતા ડોકટરો

અહીં વારંવાર ગોરા કેનેડિયન ડોકટરોના માંસાહારની વિરૂદ્ધમાં અને શાકાહારની તરફેણમાં અભિપ્રાયો જાહેર થતા જ રહે છે.

એમના સંશોધન પછીના પાકા અભિપ્રાય મુજબ કેનેડા તથા અમેરિકાની મોટા ભાગની બિમારીઓ માંસાહારને કારણે જ થાય છે એવું તેઓ છડેચોક જણાવે છે. વળી માંસાહારી ખોરાકની જરૂરી અને સ્વચ્છતા વિષે પણ એમણે શંકાઓ વ્યકત કરી છે. લીલોતરી શાકભાજીઓ અને તાજા ફળો ખાવાનો અનુરોધ તેઓ હંમેશા કરે છે. શાકાહારીઓની દાળમાં ચીકનસુપથી વધારે શકિત અને પૌષ્ટિકતા છે એવું પણ એમણે કહ્યુ છે. મહત્વની વાત તો એ છે કે માંસાહારીઓ કરતા શાકાહારીઓ વધારે લાંબુ જીવન જીવે છે એવું સત્તાવાર સર્વે કરીને ડોકટરોએ પૂરવાર કરેલ છે. બીજાની જીંદગી ખાઈને વહેલા મરવા કરતા શાકાહારી રહી વધુ જીવવામાં શું વાંધો છે ?

## યુનાયટેડ નેશન્સના એફએઓના બોલતા આંકડાઓ

દુનિયાની જાણીતી સંસ્થા યુનાયટેડ નેશન્સની એક જાણીતી સંસ્થા FAO (FOOD AND AGRICULTURE ORGANIZATION) એફએઓ છે. સંસ્થાના સત્તાવાર આંકડાઓ પરથી જાહેર થયેલ છે કે માંસાહારીઓના ખોરાક માટે પશુપક્ષીઓ માટે જેટલી જમીનનો વપરાશ થાય છે તેથી અડધી જ જમીનનો વપરાશ શાકાહારીઓ માટે બસ છે. વળી પશુપક્ષીઓને ઘાસચારો ખવડાવો, અનાજ ખવડાવો, મસ્ત બનાવો અને પછી એમનું માંસ ખાવ એટલે જમીનનો બમણો વપરાશ થાય છે. જો ઝાડ - પાંદડા જ ખાવા હોય તો તે પશુપક્ષીઓના પેટમાં ભરીને તેમના માંસ સાથે શા માટે ખાવા ? એવા સેકન્ડહેંડ ખોરાક કરતા ફર્સ્ટહેન્ડ ખોરાક તરીકે જ શાકભાજીઓ અને અનાજ સીધા જ કેમ નહિ આરોગવા ?

યુરોપ અને અમેરિકા - કેનેડામાં શાકાહારીઓની સંખ્યા વધતી જાય છે તે કોઈ ધાર્મિક પ્રચારને કારણે નહિ પણ માનવતા, નૈતિક ધોરણ, સ્વાસ્થ્ય અને આર્થિક ડહાપણને કારણે જ થઈ રહી છે એમાં જરા પણ શંકા નથી.

## હવે ભારતમાં "મેકડોનલ્ડ" શું કરશે ?

હવે મુકત આર્થિક વ્યાપારના બહાને ભારતમાં પણ "મેકડોનલ્ડ" રેસ્ટોરન્ટ ઠેર ઠેર ખોલવાની યોજના છે. તો શું તેમાં ગાય - ડુક્કરોના, મરઘા - બતકાઓના કે સસલા - દેડકાઓના માંસની વાનગીઓ જ ખપશે ? શું કરોડો ભારતીઓનો આત્મા જ મરી ગયો છે કે એટલા મોટા પ્રમાણમાં રોજની લાખો પશુપંખીઓની કતલ લોકો ચલાવી લેશે ? મુકત વેપારને બદલે બકરૂ અને ઘેટું પેસી જશે ? શુદ્ધ શાકાહારીઓની સંખ્યા ભારતમાં ઘટી જશે ? બ્રાહ્મણોથી માંડી બધા વધુ માંસાહારી બની જશે ? ભારતનો ઈતિહાસ, સંસ્કૃતિ, ધર્મ, સહિષ્ણુતા, માનવતા, જીવદયા બધું જ ભુલાઈ જશે ? ભારતના ડોકટરો અને વૈદ્યો શું "તેરી ભી ચૂપ ઓર મેરી ભી ચૂપ" કહી બેસી રહેશે ? ભારતના સાધુસંતો તે સામે ઊંચો અવાજ પણ નહિ કરે ?

મુંબઈ સમાચાર.

VINIYOG

### મહામુલું પશુધન કતલખાના તરફ ઢસડાય છે

# બિલાડીના ટોપની જેમ યોજાતા પશુમેળાઓ બંધ કરવા માગ

(પ્રદિપ મહેતા દ્વારા) પાલનપુર તા. ૬

ઉનાળો બેસતાં જ ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને સરહદી બનાસકાંઠા જીલ્લામાં બિલાડીના ટોપની જેમ પશુમેળાઓ ભરવાનું ચાલુ થઇ ગયેલ છે આ પશુમેળાઓ-માંથી જીલ્લાભરનું મહામુલું પશુધન કતલખાના તરફ ઘસડાઈ રહ્યું છે. કતલખાનાના માલિકો અને તેમના મળતિયાઓ લાખો રૂા ની કરન્સી નોટો લઇને મેળાઓમાં અડીંગા જમાવે છે. પૈસાલોભી ખેડૂતો પાણીનામુલે મહામુલુ પશુધન લુંટાવી રહ્યા છે. જેથી દેશને આર્થિક નુકસાન વેઠવું પડશે.

## કતલખાનાના મળતિયાઓ દેશની ઘોર ખોદી રહ્યા છે

જિલ્લાના થરાદ, વાવ, ઢીમા, ધાનેરા, થરા, દીયેદર રાધનપુર. વારાહી ખાતે પશુમેળાઓ તાત્કાલિક બંધ કરાવવા જરૂરી છે. તેના આયોજકો પશુ આવક પાસ અને વેચાણ પાસ બનાવી આપવાના લાખો રૂપિયાના લોભમાં દેશની ઘોર ખોદી રહ્યા છે. એક તરફ પેટ્રોલીયમ પેદાશોના તળિયા દેખાવા લાગ્યા છે. ત્યારે આ પશુધન જ આપણા રાષ્ટ્રને ઉર્જા શકિત પુરી પાડશે. ખેડુતોનો સચો સથી ટ્રેકટર નથી પણ બળદ છે ટ્રેકટર તેલ ખાઇને પ્રદુષણ ઓકે છે. જ્યારે બળદ ઘાસ જેવી તુચ્છ વસ્તુ દ્વારા જીવન ચલાવીને મહામુલુ દેશી છાણીયું ખાતર આપે છે. જ્યારે રાસાયણિક ખાતર જેના માટે લાખો રૂા. હુંડિયામણ ધકેલી દેવું પડે છે. બદલામાં તો ઝેર જ મળે છે દેશના વહીવટદારો આવી સાચી વાત સમજીને પશુપાલન અને નિભાવમાં રસ લેતો કતલખાનાનો પુરવઠો બંધ થાય અને દેશના લાખો ગ્રામ્યજનોને રોજીરોટી મળી રહે.

बम्बई का देवनगर कत्लखाना

# जहां इन्सान की पाशविकता पर पशु भी रो रहे हैं (१२)

□ सुनील शर्मा

बम्बई के देवनार कतलखाने के आस पास बड़ा ही अजीब दृश्य होता है। हृदयविदारक और घृणित माहौल शोकाकुल नजर आता है। पशुओं की दर्द-भरी चीख सुनाई पड़ती है और उनकी आंखों से आंसू टपकते हैं। यहां गन्दगी और दुर्गन्ध का साम्राज्य है। पशुओं के साथ खुले आम हिंसा के निष्ठुर दृश्य यहां आम है। यहां-वहां चील-गिद्ध और कौवों के झुण्ड पशुओं के मांस को नोंचते नजर आते हैं।

देवनार में हर रोज कानून की हत्या होती है। प्रशासन का नाक के नीचे और कानून की निगाहों के सामने गैरकानूनी करार दिए गए बर्बरतापूर्ण तरीकों से इन मूक प्राणियों के साथ व्यवहार किया जाता है। बूढे बैलों के नाम से गायें कटती है।

देवनार कतलखाना कभी न मिटने वाली कातिल भूख लिए खड़ा है। यहां पशुओं के रोंगटे खड़े हो जाते हैं और अन्दर आते ही इन मूक पशुओं की जिन्दगी कुछ मिनटों की ही बचती है। अगर किसी कारणवश कई घंटो का जीवन-दान मिल भी गया तो चारे और पानी बिना छटपटाते और दर्द से रंभाते नजर आते हैं।

गौ मांस का निर्यात अरब देशों में होता है और वे लोग मुलायम और उत्तम मांस की मांग करते हैं। इसलिऐ कई गलत तरीकों से जवान और उपयोगी गाय, बैल और बछड़ों का वध भी यहां किया जाता है। जवान और अच्छे जानवरों को कत्ल के लायक बनाने के लिए उन्हें लंगड़ा या अंधा कर दिया जाता है। इस तरह से इन पशुओं को क्रूरता से वध के योग्य बनाया जाता है। जवान और स्वस्थ बछड़ों का भी काटने योग्य का प्रमाणपत्र पशु-चिकित्सा विभाग के अधिकारी कई कारणों से देते है। नाम नहीं बताने की शर्त पर एक व्यक्ति कहता है रात में ज्यादातर जवान और कोमल बछड़ों को काटा जाता है। कानून से सर्टिफिकेट लेने के लिए वे मार मार कर इन पशुओं के पैर तोड़ देते हैं या आंखों में नुकीला लोहा डालकर उन्हें अंधा बना देते है। ऐसा करने के पीछे पशु-व्यापारियों का यह उद्देश्य रहता है कि वे जानवर अब कृषिकार्य के लायक नहीं रहे हैं। यह अपराध विशेष तौर पर रात्रि 12 बजे से प्रात: 4 बजे तक किया जाता है।

मरे हुए गाय बैलों का चमड़ा कड़ा हो जाता है। चमड़ा नरम रहे, इसके लिए जिन्दा जवान गाय-बैल को कत्ल किया जाता है। मुलायम चमड़े के इन मूक पशुओं पर इन्सानों का भी दिल दहला देने वाले जुल्म होते हैं।

देवनार कतलखाना से जुड़े एक व्यक्ति ने यहां तक कहा कि कतलखाना में अस्सी प्रतिशत उपयोगी जवान बैल कट रहे हैं।

अधिकांश राज्यों में यह कानुन है कि उनके प्रदेशों से कत्ल के लिए पशुओं की निकासी नहीं होगी, लेकिन ठीक इसके विपरीत हो रहा है। गुजरात, मध्य प्रदेश, और राजस्थान से देवनार कतलखाना में नियमित मवेशी वध के लिये आते हैं। गुजरात सरकार ने कत्ल के बैलों की उम्र बढाकर सोलह साल कर दी है। वहां यह भी कानून है कि गुजरात की सीमा के गाय बैल कटने के लिए बाहर नहीं जायेंगे। इन कानूनों के बादजूद प्रतिदिन लगभग 25 ट्रक जवान बैल बम्बई आ रहे हैं। एक ट्रक में आठ बैल लादने की इजाजत है, पर एक-एक ट्रक में 18 से 20 बैल निश्चित ठूंसे जाते हैं। रास्ते में दम घुटकर दो-चार मर जाते हैं एक दो आपस में सींगा टकराने से लहूलुहान हो जाते हैं।

कतलखाना-परिसर में कुछ लोग बर्तन लिए घूमते रहते हैं, कत्ल से पूर्व भैंसों के दूध का आखिरी कतरा तक निकालने के लिए।

वैसे तो जो भी मवेशी देवनार पहुँच गया, उसे कत्ल के योग्य का प्रमाण पत्र मिल ही जाता है पर कानूनी बचाव और सन्तोष के लिए दो चार पशुओं को प्रमाण पत्र नहीं भी दिया जाता है। ऐसे पशु भी जिन्दा नहीं रहते, बल्कि अन्धेरी गलियों में काटे जाते है, एक कसाई ने ऐसा कहा। देवनार कतलखाना के आस-पास बहुत से ऐसे मजदूर घूमते रहते है जिनका काम यहां नहीं कटने वाले बैलों, को दूसरे कतलखाने तक पहूंचाने का होता है।

देवनार कतलखाना एशिया का सबसे बड़ा और विश्व का दूसरे नम्बर का कतलखाना है। यहां चौबीस घंटों में ग्यारह हजार जानवरों को काटने की व्यवस्था है—एक हजार बैल, एक हजार भैंस, एक हजार सुअर तथा आठ हजार भेड़ बकरे दुनिया में इससे बड़ा शिकागो (अमेरिका) का कतलखाना है। देश में प्रतिदिन अनुमानत: तीस हजार गाय-बैल काटे जाते हैं।

वर्तमान कानून, आर्थिक लाभ तथा भ्रष्टाचार के कारण गोवंश-हत्या को प्रोत्साहन दे रहा है। गाय-बैल खरीदने-बेचने वाले व्यापारी, दलाल, परिवहन वाले कतलखानों से जुड़े हुए छोटे-बड़े लोग, सरकारी कर्मचारी, देश-विदेशों में गोमांस और चमड़े का व्यापार करने वाले लोग सबके सब आर्थिक स्वार्थवश गोहत्या से जुड़े हैं।

देवनार कतलखाने के आस-पास कई सुवाक्य लिखे हैं: "मूक प्राणियों के लिये असीम करुणा की जरूरत है" गांधी जी कहा करते थे: गाय-बैल दया-धर्म की मूर्तिवत कविता हैं। इस गरीब और सरीफ जानवर में केवल दया ही उमड़ती है। यह लाखों करोड़ों हिन्दुस्तानियों को पालने वालो माता है। इस गाय-बैल की रक्षा करना ईश्वर की सारी मूक सृष्टि की रक्षा करना है। गांधीजी के अनुसार गोरक्षा हिन्दुस्तान की संस्कृति की दुनिया के लिए बख्शिश है।

पशुधन के जानकार कांतिभाई बताते हैं कि गो वध से देश को कितनी अपार हानि हो रही है। केवल देवनार कतलखाने में 1985-86 में 165926 पशु काटे गये थे। 1989-90 में इनकी संख्या बढकर 204762 हो गई थी। जबकि गाय बैलों का वध केवल पंजीकृत बूचड़खानों में ही नहीं होता है। इस कारण यह अंदाज कठिन है कि कितने उपयोगी पशु वास्तव में काटे जाते हैं। अनुमान है कि दूध देने वाली पचास हजार से अधिक गाय-भैंसे केवल कलकत्ता मद्रास और बंबई में काटी जाती है।

दो हजार टन गोमांस 1973-74 में निर्यात हुआ था। वहीं 1969-70 से 42 हजार टन गोमांश विदेश भेजा गया था। 1981-82 में एक लाख 90 हजार टन गोमांश का निर्यात हुआ था। यह गोमांश मुख्यत: स्वस्थ पशुओं का रहा है। समय के साथ विदेशी मुद्रा की लालच में सरकार इस गोमांस-निर्यात को बढावा देती रही है।

कई गोरक्षा प्रेमियों का मानना है कि आज देश में खेती के काम के लिये जरूरी पशुओं की संख्या में खतरनाक कमी आ रही है।

VINIYOG



ગુજરાત સમાચાર - જુલાઈ ૯૩

# ભારત ખાતેથી હવે ઈરાન-ઈજીપ્તમાં માંસની નિકાસ થશે

નવી દિલ્હી, તા. ૧૦મી જૂલાઈ. (પી. ટી. આઈ.)

ઈરાન અને ઈજીપ્તમાં બે નવી બજારો ખોલીને, ભારતે માંસ અને માંસના ઉત્પાદનોની નિકાસના ક્ષેત્રમાં મોટી સફળતા હાંસલ કરી છે.

ભારત ખાતેથી ભેસનું આશરે વીસ હજાર ટન થીજાવેલું (ફ્રોજન) માંસ ખરીદવાના પોતાના ઈરાદાનો ઈરાને અગાઉથી નિર્દેશ કર્યો છે અને હૈદરાબાદ ખાતે હાલમાં શરૂ થયેલા અલ કબીર સંકુલને એક હજાર ટન માટેનો અગાઉથી ઓર્ડર પણ આપી દીધો છે.

તાજેતરમાં યોજાયેલી એક બેઠકમાં ઈજીપ્તના કૃષિ મંત્રાલયે અલ્લાના સન્સની માલિકીના ઔરંગાબાદ સંકુલ ખાતેથી ડબ્બામાં, (ફ્રેન્ડ) તથા થીજાવેલા (ફ્રોઝન) બંને રૂપમાં ભેસનું માંસ આયાત કરવાની સંમતિ દર્શાવી હતી.

એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફુડ પ્રોડકટસ એકસ્પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના એક પ્રવકતાએ અહીં જણાવ્યું હતું કે કૈરો ખાતેના ભારતીય દૂતાવાસ તરફથી અમને આવી માહિતી મળી છે.

હાલ ઈજીપ્તના સત્તાવાળાઓએ માંસના પૂરવઠા માટે માત્ર ઔરંગાબાદ ખાતેના એક કતલખાનાને મંજૂરી આપી છે. વેટેરિનરી સર્વિસીસ ઓથોરિટી ઓફ ઈજીપ્તના અધ્યક્ષ ડો. અલી મુસાના નેતૃત્વ હેઠળ એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ, અન્ય કતલખાનાઓનું નિરીક્ષણ કરવા માટે આ વર્ષે સપ્ટેમ્બરમાં ભારતની મુલાકાતે આવવા માટે સંમત થયું છે.

ભારત હાલ વિવિધ દેશો ખાતે આશરે એક લાખ ટન માંસ અને માંસની ઉત્પાદનોની નિકાસ કરે છે અને લગભગ રૂપિયા ૩૩૦ કરોડનું વિદેશી હુંડિયામણ કમાય છે.

મધ્ય પૂર્વ, મલેયશિયા, મોરિશિયસ તથા અન્ય દેશોમાં ભારતના માંસને પસંદ કરાય છે. આ દેશોમાં હલાલ માંસની માગ હોય છે.

VINIYOG



## મનુષ્ય પોતાને જીવતો રાખવા અનેક જીવોને મારી નાખે છે: સ્વાર્થ ખાતર અનેકને પાયમાલ કરે છે

તંત્રીશ્રી,

ભુતકાળમાં પણ આ દેશમાં હિંસા થતી હતી. આજે પણ થાય છે. પરંતુ બન્ને કાળની હિંસામાં આકાશ-પાતાળનું અંતર છે. ભુતકાળમાં થતી હિંસાનું મુખ્ય કારણ ભુખ ભાંગવાનું અથવા જીભના સ્વાદને પોષવું હતું. વળી એ બે મુખ્ય કારણોને લઇને થતી હિંસા પણ તિરસ્કૃત અને ઘોર ઘૃણાસ્પદ ગણાતી અને મહત્ત્વની વાત તો એ હતી કે ક્યારેય રાજય તરફથી નિર્દોષ પ્રાણીઓની હિંસાને પ્રોત્સાહન મળતું ન હતું તેથી ભુતકાળમાં હિંસા થતી હોવા છતાં નિયંત્રિત રહેતી.

વર્તમાનકાળમાં હિંસા અમર્યાદપણે વધી રહી છે. તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે:

(૧) હિંસાને 'ધંધા'નું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

(૨) તેને તિરસ્કૃત ગણવાને બદલે તેને પ્રતિષ્ઠિત ગણવામાં આવી રહી છે.

(૩) રાજ્ય તરફથી આર્થિક પ્રલોભનો આપી હિંસાને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે અને તેમાં અગવડ ન પડે તે માટે હિંસાની વ્યાખ્યા બદલી 'Farming'નું રૂપાળું નામ આપ્યું છે. દા.ત. સસલાં- ખેતી, ડુક્કર- ખેતી, કુક્કુટ-ખેતી, મત્સ્ય અથવા દરિયાઇ ખેતી વગેરે. આથી ધાન્યોત્પાદાનાદિ કાર્ય માટે કરરૂપે અપાતા પ્રજાના પૈસા મુખ્યત્વે કૃષિ ખાતું આવા 'Farming'માં આપે છે! જે એક હર્ષદ મહેતા- 'નરસિંહ' રાવના નાણાકીય કૌભાંડ કરતાં પણ મોટું કૌભાંડ છે, છળકપટ છે, પ્રજા સાથે ઘોર વિશ્વાસઘાત છે.

પ્રાચીન અર્થવ્યવસ્થા પશુ આધારિત ગ્રામોદ્યોગલક્ષી હતી, જેથી મનુષ્યો પોતાના જ ગામમાં- ઘરમાં, કુટુંબ કબીલા સાથે રહીને ઉદ્યોગ કરતા હતા જેથી તેઓ તન-મન-ધનથી અતિસમૃધ્ધ હતા.

પરંતુ આધુનિકતાને નામે શોષણખોર પાશ્ચાત્ય સંસ્કૃતિનું અંધાનુકરણ કરી સુવિધાઓ દાખલ કરવામાં આવી, એથી ઘણાખરા લોકો બેકારીના ખપ્પરમાં હોમાઇ ગયા, પશુઓ બેકાર થતાં કતલખાનાઓમાં જવા લાગ્યાં અને પર્યાવરણનો દાટ વળી ગયો.

દા.ત. પહેલાં ગામેગામ બળદઘાણી હતી. સરેરાશ એક ગામમાં દસ ઘાણી લેખે ભારતનાં છ લાખ ગામોમાં ૬૦ લાખ બળદઘાણીઓ હતી. પ્રત્યેક ઘાણીમાં બે જોડી બળદ લેખે ૨×૨×૬૦=૨૪૦ લાખ બળદોને અભયદાન અને ૬૦ લાખ કુટુંબોને ઘેરબેઠાં પોતાના જ ગામમાં રોજીરોટી મળતી હતી. આથી પશુઓને ખોળ, ખેતીમાં મફત છાણ મળતું તે નફામાં. પરંતુ જ્યારથી યાંત્રિક ઑઇલ મિલ આવી ત્યારથી પશુઓ બેકાર થયાં, મુઠ્ઠીભર લોકોને છોડી ઘણા લોકો બેકાર થઇ ઘરથી બેઘર થઇ શહેરોની ઝૂંપડપટ્ટીમાં સડવા લાગ્યા.

તેથી જો અમર્યાદપણે હિંસા રોકવી હોય તો, પ્રજાએ કડકમાં કડક શબ્દોમાં સરકારને આદેશ આપવો જોઇએ કે પશુઓને મારી નાખવાની હિંસક પ્રવૃત્તિઓને 'Farming'ની વ્યાખ્યામાંથી હટાવી દે અને બીજું હિંસાના અઘોરી કાર્યને ઘૃણાસ્પદ ગણી ધંધામાં ન ખપાવવું જોઇએ. મહાપ્રદૂષણકારી, મોંઘાંદાટ, બેકારીસર્જક તોતિંગ નાનાં-મોટાં સર્વે યંત્રોને તિલાંજલિ આપી પુન: ગામડાંઓને જીવતાં કરી ભારતને સમૃધ્ધિ બક્ષવી જોઇએ.

એ પ્રજાજનો, આ પડકારનો સ્વીકાર કરવા તૈયાર છો ને?

એચ. એન. મહેતા
એન-૯/૧૭, ગણપતિ નિવાસ,
બાંગુર નગર, ગોરેગામ (વિસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૯૦

સમકાલીન
તા. ૧૨-૭-૯૩

આભિપ્રેત

# ડંકેલદાદાનો ડંગોરો !

આજકાલ ડંકેલદાદા અને એમના ડંગોરાની ચર્ચા જોર-શોરથી ચાલી રહી છે. "દાદાનો ડંગોરો લીધો, તેનો તો મેં ઘોડો કીધો !"—એમ કેટલાક એ ડંગોરાનાં ખુશ થઈ થઈને વખાણ કરે છે. તો બીજા કહે છે કે આ ડંગોરો તો આપણાં ટાલકાં તોડશે, આ દાદાનો નહીં, દાદાગીરીનો ડંગોરો છે. આમાંથી શું સાચું ને શું ખોટું, તે તારવવું જરીક મુશ્કેલ છે. ઉપયોગ તો જાણે ડંગોરાના બેઉ થઈ શકે તેમ છે.

કોણ છે આ ડંકેલદાદા ? અને એમનો ડંગોરો કેવોક છે ?

વિકાસ અને પ્રગતિના નામની આંધળી દોટમાં પશ્ચિમનાં રાષ્ટ્રોનાં આર્થિક-રાજકીય હિતો એકબીજા સામે ટકરાવા લાગ્યાં. દુનિયા આખાને પોતપોતાના લાભ માટે ખંડી લેવા નીકળેલાં એ રાષ્ટ્રો ભુરાયાં થયાં, "મારું કે મરું"—એવા ઝનૂને ચઢ્યાં. અને એમણે દુનિયા આખીને બબ્બે વાર ખૂનખાર યુદ્ધમાં ધોલી દીધા. એવા બીજા યુદ્ધ પછી આ રાષ્ટ્રોએ વિશ્વ-વ્યાપારના નિયમન માટે એક કરાર કર્યો—"જનરલ એગ્રીમેન્ટ ઑફ ટ્રેડ એન્ડ ટૅરિફ્સ" (GATT). ૧૯૪૮માં થયેલા આ વેપાર અને જકાત બાબતના કરારમાં શરૂમાં ૪૮ દેશો જોડાયેલા. અત્યારે તે સંખ્યા વધીને ૧૦૮ થઈ છે.

શરૂમાં કલ્પના એવી હતી કે આ કામચલાઉ કરાર છે, અને ધીરે ધીરે આમાંથી આપણે એક વૈશ્વિક સંગઠન—ઇન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનાઇઝેશન (ITO) ઊભું કરીશું. દુનિયાના બધા દેશોના વિકાસ ને પ્રગતિ માટે આવું સંગઠન કામ કરશે અને વિશ્વ-વ્યાપારનો લાભ બધાને મળી રહે તે માટે મથશે. પરંતુ આવી કોઈ વિશ્વ-વ્યાપાર સંસ્થા આજ સુધી ઊભી થઈ શકી નથી. એમ પણ કહેવાય છે કે ઔદ્યોગિક રીતે આગળ વધેલા પશ્ચિમનાં રાષ્ટ્રોને આવી કોઈ વિશ્વ-કલ્યાણની બાબતમાં ઝાઝો રસ છે નહીં. એમને તો પોતાનાં વેપારી હિતો જળવાઈ રહે અને હવે ફરી પોતે અંદરોઅંદર લડી ન મરે, એટલામાં જ રસ છે.

તેથી પેલો કામચલાઉ કરાર જ છેલ્લાં ૪૫ વરસથી ચાલ્યો આવે છે. વખતોવખત તેમાં સુધારાવધારા થતા રહે છે. હમણાં ફરી આ કરારમાં થોડાક ધરમૂળથી સુધારા-વધારા કરવાની હિલચાલ ચાલી રહી છે. તેની ચર્ચા-વિચારણા છ-સાત વરસથી શરૂ થઈ છે. આ "ગાટ"ના અત્યારના ડાયરેક્ટર જનરલ આર્થર ડંકેલે છેલ્લે ૧૯૯૧માં સુધારા-વધારાનો એક મુસદ્દો રજૂ કર્યો છે. તેમાં એમણે ચોક્કસ દરખાસ્તો મૂકી છે ને "ડંકેલ દરખાસ્તો" તરીકે જાણીતી થઈ છે, અને તેના વિશે અત્યારે જોરશોરથી ચર્ચા-વિચારણા ચાલી રહી છે. ડંકેલના ડંગોરાની આટલી પૃષ્ઠભૂમિ છે.

આ દરખાસ્તોની બધી વિગતોમાં ઊતરવાનું તો અહીં શક્ય નથી. માત્ર બે ત્રણ ક્ષેત્રમાંની કેટલીક અત્યંત વિવાદાસ્પદ બની ગયેલ દરખાસ્તોની ચર્ચા જેટલી સમજી શકાઈ છે, તેટલી રજૂ કરવાની કોશિશ કરીશું.

કૃષિ ક્ષેત્ર માટેની ડંકેલની દરખાસ્તો આવી છે: (૧) અનાજના વિશ્વવેપાર માટે મુક્ત બજાર હોવું જોઈએ. (૨) દેશના કુલ વપરાશના સાડા ત્રણ ટકા જેટલી ખેત-પેદાશો ફરજિયાત આયાત કરવી પડશે. ઉપરાંત, ૧૯૮૬ થી ૧૯૮૮નાં ત્રણ વરસ દરમ્યાન જેટલી આયાત કરી હોય તેની સરેરાશ વાર્ષિક આયાત તો ઓછામાં ઓછી કાયમ કરવી જ જોઈએ. (૩) કૃષિ ક્ષેત્રે અપાતી જાતજાતની સબસિડીઓ બંધ કરવી. સરકારે ટેકાના ભાવો ન આપવા. ખેડૂતો પાસેથી અનાજની ખરીદી ખુલ્લા બજારમાંથી જ કરવી. અમુક અપવાદોને બાદ કરતાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સામાન્ય જનતાને સરકારે સસ્તા ભાવે અનાજ ન આપવું. (૪) બિયારણ, ખાતર, દવાઓ વગેરેને પણ પેટન્ટ પ્રથા હેઠળ આવરી લેવા.

ટૂંકમાં કૃષિ ક્ષેત્રે આ મુખ્ય દરખાસ્તો જણાય છે.

ખેડૂતવર્ગમાં આ દરખાસ્તોના લાભાલાભ વિશે તીવ્ર મતભેદો ઊભા થયા છે. શરદ જોષી, ભુપેન્દ્રસિંઘ માન વગેરે મુક્ત અર્થતંત્ર અને ખુલ્લા સમાજના કાયમ હિમાયતી રહ્યા છે. તેઓ કહે છે કે અમને સબસિડી વગેરે પણ નથી જોઈતી, અમને ખુલ્લું બજાર આપો. તેથી એમના જેવી વિચાર-સરણી-વાળા બધા દરખાસ્તોથી ખૂબ ખુશ છે. કૃષિ-પેદાશોના વેપાર ઉપર દેશમાં કે દેશ બહાર કોઈ રોકટોક ન જોઈએ. પોતાના બળબૂતા ઉપર વિશ્વબજારમાં હરીફાઈ કરીને આપણી ખેત-પેદાશોની ધૂમ નિકાસ કરી શકવાની એમને હામ છે, હોંશ છે.

પરંતુ બીજાઓને આ મૃગજળ પાછળની દોટ જેવું લાગે છે. એમનું કહેવું છે કે વિશ્વબજારમાં તમારો ક્યાંય ગજ વાગવાનો છે નહીં અને વિદેશની આ રાક્ષસકાય માતેલી કંપનીઓ તમને ક્યાંય હાથ મૂકવા દેશે નહીં. વંદના શિવા વગેરે કહી રહ્યાં છે કે મુક્ત વેપારના નામે માત્ર વિશ્વબજારમાં જ નહીં સ્થાનિક બજારમાંયે બધો દોર બહુરાષ્ટ્રીય કંપનીઓના હાથમાં જતો રહેશે અને આપણે એમના ગુલામ બનતા જઈશું.

આ સંદર્ભમાં થોડા વખત પહેલાં અમેરિકાના 'ટાઈમ" મૅગેઝિનમાં છપાયેલો સેનેટર રુડી બોસ્કવિટ્ઝનો એક પત્ર જોવા જેવો છે. સેનેટર રુડી પ્રમુખ રેગનના શાસન વખતે એમની કૃષિ નીતિના એક પ્રવક્તા હતા. એમણે પોતાના પત્રમાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું: 'વિશ્વબજારમાં આપણા હરીફ તરીકે વિશ્વના દેશો ઘૂસી ન જાય તેની આપણે તકેદારી રાખવી જોઈએ. આપણે જો અત્યારથી જ આપણી કૃષિ પેદાશોના ભાવો ઘટાડી નાખીને આ દેશોને વિશ્વબજારમાં પ્રવેશતા અટકાવીશું

નહીં, તો પછી આગળ જતાં એમની સ્પર્ધામાં ટકવાનું આપણે માટે મુશ્કેલ ને મુશ્કેલ બનતું જશે. માટે અત્યારે આપણી સામેનું સૌથા મુખ્ય ધ્યેય આ હરીફોને ઊગતા જ ડામવાનું રહેવું જોઈએ.'

તેથા આજે ઘણા એમ કહી રહ્યા છે કે મુક્ત બજાર કદી મુક્ત હોતું નથી, એ તો અનેક રાજકીય-આર્થિક પરિબળોની કઠપૂતળી સમાન જ બની રહેતું હોય છે. તમારી ખેતપેદાશોને વિશ્વબજારમાં પ્રવેશતાં રોકવી હશે તો ગુણવત્તાના બહાને, સફાઈ-શુદ્ધતા-પોષકતા વગેરેના બહાને રોકી શકશે. આ બધું જે કાંઈ થઈ રહ્યું છે, તે એક વિશ્વવ્યવસ્થા ઊભી કરવાની પ્રેરણાથી નહીં પણ પોતાનાં વ્યાપારી હિતો સાધવાની પ્રેરણાથી થઈ રહ્યું છે.

તમને આયાત કરવાની જરૂર ન હોય, છતાં તમારે ફરજિયાત આયાત કરવી જ પડે, એ વાત કાંઈ આપણા જેવાની સામાન્ય બુદ્ધિમાં ઊતરે એવી નથી. સાડા ત્રણ ટકાની આયાતની ફરજ પાછળ શું ઊંડાં ભણાવાઈ રહ્યાં છે, તે સમજાતું નથી. પણ આ વરસે આપણે ત્યાં જે બન્યું, તે જો ભવિષ્યનાં એંધાણ આપી જતું હોય તો ચોંકાવી મૂકે એવું જરૂર છે.

અત્યારે આપણી પાસે પૂરતું અનાજ હતું. કહે છે કે ૧૧૫ લાખ ટનનો બફર સ્ટોક મોજૂદ છે. અરે, ૮ લાખ ટન ઘઉં અને ૭ લાખ ટન ચોખા તો આપણે નિકાસ પણ કરેલા. અને છતાં સરકારે વિદેશોમાંથી ૩૦ લાખ ટન જેટલા ઘઉં આયાત કર્યા! અને તે પણ ૫૧૬ રૂપિયે ક્વિંટલના ભાવે. જ્યારે આ જ સરકાર આપણા ખેડૂતોને ૩૫૦ રૂપિયાનો ભાવ આપવામાંયે આનાકાની કરતી હતી.

આ કાંઈ સમજાતું નથી. લોકસભામાં આ વિશે ઊહાપોહ થયો. સરકાર તરફથી ગાળા ચવાયા—સ્થાનિક ભાવોને અંકુશમાં રાખવા, સસ્તા અનાજની દુકાનોને પૂરતો પુરવઠો આપવા, ખરાબ ચોમાસાની બીકને કારણે આ આયાત જરૂરી બની હતી. આની પાછળ ૧૫૦૦ કરોડ રૂપિયાનું હૂંડિયામણ હોમાયું અને એવે વખતે, જ્યારે હૂંડિયામણ મેળવવા આપણે વલખાં મારીએ છીએ અને વિદેશી ધિરાણ માટે ભીખ માગતા ફરીએ છીએ. એટલે આની પાછળ કોઈક અદૃશ્ય હાથ કામ કરી રહ્યો હોય તો નવાઈ નહીં. મુક્ત બજારમાં આ અદૃશ્ય હાથ આપણને કઠપૂતળીની જેમ નચાવવા મુક્ત નહીં હોય?

બિયારણ વગેરેને માટે આપણે એમની પેટન્ટ સ્વીકારીને રોયલ્ટી આપતા રહેવાની છે. વાસ્તવિકતા એ છે કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં છદ્મવેશે ચાલેલા આર્થિક સામ્રાજ્ય-વાદમાંથી આજની પરિસ્થિતિ ઊભી થઈ છે. અમેરિકાએ સો-એક દેશોમાં બીજ-બેન્ક કે જીન-બેન્ક ખોલી. તેમાં નક્કી એમ કર્યું કે આ જીન-બેન્કોમાં જે જે બિયારણ જમા કર-વામાં આવે, તેનો એક નમૂનો અમેરિકાના કૃષિ વિભાગને અવશ્ય મોકલવો. આ જીન-બેન્કોમાં બાયો-ટેકનોલોજીના કીમિયા વડે નવી નવી જાતો વિકસાવવામાં આવી. આજે અમેરિકા પાસે લગભગ અઢી લાખ જાતોનો બિયારણ-સંગ્રહ ભેળો થઈ ગયો છે. એટલે જૈવ સંપત્તિની બાબતમાં અમેરિકા સૌથી વધુ સમૃદ્ધ દેશ બની ગયો છે. હવે આ બિયારણ ફરી પાછું દુનિયાને આપીને અમેરિકા તેના ઉપર કરોડો ને અબજો રૂપિયાની રોયલ્ટી કમાઈ લેવા માગે છે.

આની સામે જબરો ઊહાપોહ ઊઠ્યો છે. "જીન કેમ્પેઇન" નામે આંદોલન ઊભું થયું છે. આપણા સુપ્રસિદ્ધ કૃષિ-વિજ્ઞાની સ્વામીનાથન વગેરે કહે છે કે આ રીતે બાયો-ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં ભારતના અનેક વિજ્ઞાનીઓએ પણ બહુ આગળ પડતો ભાગ ભજવ્યો છે. આજે હવે આની રોયલ્ટી અમેરિકા શાનું માગે? અને મૂળ બિયારણ તો આપણી પાસેથી જ મેળવાયું છે. તેની રોયલ્ટી અમેરિકાએ ચૂકવી હતી ખરી?

રોયલ્ટીનો આ પ્રશ્ન કેવળ કૃષિ ક્ષેત્ર પૂરતો જ મર્યાદિત નથી. બધાં જ ક્ષેત્રોમાં એ આજે સૌથી વધુ સળગતો પ્રશ્ન બની ગયો છે. જ્ઞાનનો આવો ઈજારો હોઈ શકે? ડંકેલ દરખાસ્ત એમ કહે છે કે માત્ર અમુક ફોર્મ્યુલાની જ નહીં પણ વસ્તુનીયે પેટન્ટ જોઈએ તથા સૂક્ષ્મ જીવાણુ અને સૂક્ષ્મ જૈવિક પ્રક્રિયાઓના સંશોધનોનીયે પેટન્ટ. જિનેટિક એન્જિ-નીઅરિંગ અને બાયો-ટેકનોલોજીના ક્ષેત્રમાંયે પેટન્ટ જોઈએ.

આ વસ્તુ જો સ્થાપિત થઈ જાય, તો તેમાં બહુ મોટું જોખમ રહેલું છે. આ વસ્તુ વૈજ્ઞાનિક સંશોધનને રૂંધશે અને વ્યાપારી હિતો ધરાવતાં રાક્ષસકાય કોર્પોરેશનો આ રીતે દુનિયા આખીને બાનમાં લઈ શકશે.

દાખલા તરીકે થોડા વખત પહેલાં અમેરિકાની સરકારે એવો નિર્ણય કર્યો કે માનવ મસ્તિષ્કનાં શોધાયેલાં ૨૩૦૦ જેટલાં જીન્સ માટે પેટન્ટ મેળવી લેવી. આ રીતે એમના હાથમાં આ ક્ષેત્રમાંના સંશોધનનો ઈજારો આવી જશે તેમજ માનવજીવન સાથે ચેડાં કરવાનીયે શક્તિ આવી જશે.

વળી, વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા નવા નવા life forms પણ ઊભા થતાં રહે છે. એને પેટન્ટમાં બાંધી લેવાથી તેના ઉપર પણ વ્યાપારી ઈજારો આવી જશે. કોઈ પણ life forms ઉપર માણસનો આવો ઈજારો અને તેમાંથી વ્યાપારી લાભ, એ અનૈતિક છે અને કુદરતના ક્રમ તેમજ ઇકોલોજીની વિરુદ્ધ છે.

એક બીજો દાખલો લઈએ. આપણે ત્યાં સર્પગંધાનો છોડ થાય છે. તેમાંથી અનેક દવાઓ બનાવવામાં આવી છે. અમેરિકામાં જ તેનું ૨૦ કરોડ ડોલરનું બજાર છે. હવે આ છોડ ઉપર પોતે થોડોક જીનેટિક ફેરફાર કરીને જો કોઈ કંપની તે છોડ ઉપર પોતાનો પેટન્ટ હક સ્થાપી દે, તો એવો

૨૧

છોડ આપણે તેને રોયલ્ટી આપ્યા વિના ઉગાડી શકીએ નહીં. એટલે તેનાં બિયારણ, વાવેતર વગેરે ઉપર તેનો વ્યાપારી ઈજારો આવી જાય.

અત્યારે કોમ્પ્યુટરનું વિજ્ઞાન ઘણું વિકસી રહ્યું છે. તેમાં નવાં નવાં સોફ્ટવેર તૈયાર થઈ રહ્યાં છે. સ્વાભાવિક છે કે કોઈ પણ નવા સોફ્ટવેરમાં અગાઉનાં સોફ્ટવેરોનો કાંઈ ને કાંઈ ઉપયોગ થયો જ હોય. પરંતુ જો આવા અગાઉના સોફ્ટવેરને પેટન્ટ દ્વારા જકડી લેવાયું હોય, તો તમે મુક્ત રીતે નવું સંશોધન કરી ન શકો તેમજ તેને બજારમાંયે ન મૂકી શકો.

કૃષિ ક્ષેત્રે આનું એક નાટ્યાત્મક પરિણામ આવવાનો એવો ભય પણ દર્શાવવામાં આવે છે કે પેટન્ટવાળા બિયારણમાંથી જે પાક લેવાયો હોય, તે પાકમાંથી ખેડૂત આવતા વરસ માટેનું બિયારણ સાચવી રાખી શકશે નહીં. તેણે ફરી ફરી રોયલ્ટી આપીને એ પેટન્ટવાળું બિયારણ કંપની પાસેથી ખરીદવું પડશે. આમ, તમારી ખેતી ઉપર વ્યાપારી હિતોનો ભરડો વધતો જશે.

ટૂંકમાં, આ પેટન્ટવાળો પ્રશ્ન ઘણો પેચીદો જણાય છે, અને બહુ ઝીણવટથી તેના ઊંડાણમાં જવાની જરૂર છે. ડંકેલની અન્ય દરખાસ્તોમાં બૅન્કિંગ વગેરે સેવાક્ષેત્રોમાંયે બહારના દેશોને મુક્ત પ્રવેશ આપવાની વાત છે. આની પણ દૂરગામી અસરો થશે.

તેથી ડંકેલ દરખાસ્તો વિશે બહુ લાંબી દૃષ્ટિએ વિચાર કરવાનો છે. તેની પાછળનો સંદર્ભ પણ ભૂલવા જેવો નથી. આ બધાં રાષ્ટ્રો જે રાષ્ટ્રીયતાની વાડ કરીને પોતે વિકસ્યાં, તે વાડ હવે એમને કઠે છે. વળી, પોતાની ઘર આંગણાની મંદી ને બેકારી ખાળવાનો ને ટાળવાનો ઉપાય તેઓ શોધે છે. પોતાના મબલખ ઉત્પાદન માટે એમને મબલખ માર્કેટ જોઈએ છે. વૈશ્વિકતા અને નવી મુક્ત વ્યવસ્થાને નામે થતા એમના આજના ધમપછાડા પાછળ મૂળ સંદર્ભ આ છે. આ વૈશ્વિકતા "વિશ્વ-માનુષ:" અથવા "વિશ્વકુટુંબકમ્"ની ભાવનાની નહીં, પણ "વિશ્વ આખું મારું બજાર"ની લાલસાની છે.

આવા સંજોગોમાં "ફ્રી ટ્રેડ"થી કોનું "ફ્રીડમ" વધશે? મુક્ત વેપાર કોને મુક્ત કરશે? નવો આર્થિક સામ્રાજ્યવાદ પૃથ્વીના પટ પર ફેલાવી દેવાના પોતાના અભિયાનમાં વચ્ચે આવતી આડખીલીઓ દૂર કરવાના જ એમના આ બધા કારસાઓ નથી ને? એમની વિકાસ-પ્રગતિની ફોર્મ્યુલાઓ આપણા માટે સદંતર નિષ્ફળ નીવડી અને ઊલટાની આપણને ઊંડી ખાઈમાં ધકેલી ગઈ, એ વસ્તુસ્થિતિ સામે ઢાંકપિછોડો કરીને હજી "હાર્યો જુગારી બમણું રમે"– એવા આત્મઘાતક મારગે તો આ બધા આપણને નથી ધકેલી રહ્યા ને?

ડંકેલનો ડંગોરો દાદાનો છે કે દાદાગીરીનો? –રામ જાણે!

## મુક્ત વેપાર તો મુક્ત જ્ઞાન કેમ નહીં?

પેટન્ટ–રોયલ્ટીની વાત શાંતિથી વિચારીએ. આપણે ત્યાં જ્ઞાન એ વિક્રયની–વેચાણની વસ્તુ નહોતી. શિષ્ય ગુરુને ઘેર ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી ગુરુ-પરિવારના એક સભ્ય તરીકે રહેતો, ટ્યુશન ફી નહોતી. જતી વખતે પોતે વણેલા કાપડનો ટુકડો યા પોતે બનાવેલી ચાખડી યા લોટો એવું કંઈક ઋણ-સ્વીકારના પ્રતીક સ્વરૂપે આપતો. ગુરુ કરતાં શિષ્ય સવાયો નીવડે, મળેલી વિદ્યાને દીપાવે, જીવનમાં અપનાવે એ જ ગુરુની દક્ષિણા. એ પામીને ગુરુ ધન્ય ધન્ય થતા.

જ્ઞાન એ વૈશ્વિક વસ્તુ છે. આજે એકને જડ્યું, એને ન જડ્યું હોત તો કાલે બીજાને જડત. એ કોઈની માલિકીની કે પેટન્ટની વાત હોય તે વાત ગળે ઊતરતી નથી.

પરંતુ કોઈ વેપારી પેઢી કે રાષ્ટ્ર આવા સંશોધન પાછળ ખર્ચ કરે તેનું શું? એનું વળતર એને નહીં આપવાનું? અને વિજ્ઞાનીને શું મળ્યું? આ જ એની મહત્ત્વની કડી છે. એનો જવાબ મળવો જોઈએ.

અમને લાગે છે કે જો ઉદારીકરણ અને જગતીકરણ (લિબરલાઈઝેશન અને ગ્લોબલાઈઝેશન)ના નામે વેપારના સીમાડા ખોલી નંખાતા હોય, તો જ્ઞાનના સીમાડા શા માટે સ્વીકારવા જોઈએ? વિજ્ઞાની શોધ કરે છે, તેની શોધ માટેની મથામણનો ને અંતે સફળતાનો આનંદ એ એની સાર્થકતા!

પણ વેપારી પેઢી કે રાષ્ટ્ર ખર્ચ કરે તેનું શું?

અમને લાગે છે કે એનું પણ જગતીકરણ (ગ્લોબલાઈઝેશન) કરવાનો સમય પાકી ગયો છે. આજે સંયુક્ત રાષ્ટ્ર સંઘ શાંતિ જાળવવા માટે "શાંતિ સેના" (પીસ ફોર્સ) રાખે છે; અને છેલ્લે તો ઈરાક સામે યુદ્ધ માટે વોર ફોર્સ–યુદ્ધ સેના પણ રાખી. તો આ પૃથ્વી ઉપગ્રહ પરથી અજ્ઞાન, અભાવ, ગરીબી, બેકારી, બીમારી આદિ દૂર કરવા વિજ્ઞાનીઓની સેના કેમ ન રાખીએ?

કેન્દ્રમાં એક વિરાટ વિજ્ઞાન નગરી હોય, અને દેશેદેશમાં એની શાખા-પ્રશાખાઓ હોય. તેમાં દુનિયાના પ્રશ્નોને લઈને સંશોધનો ચાલે. દુનિયામાં આજે રાસાયણિક અને અણુ તથા બીજા પ્રકારનાં શસ્ત્રો માટે કેટલો મોટો ખર્ચ સંશોધન અને ઉત્પાદન પાછળ થાય છે! માણસને મારવા માટે કેટલો મોટો પુરુષાર્થ કરાય છે! એને બદલે માણસને જીવાડવા માટે, આજના કરતાં વધારે સારી આવતી કાલ માટે, વધારે સારા જીવન માટે કેમ ન મથીએ? જગતીકરણ કરવું હોય તો એ દિશામાં પણ કરવું જોઈએ. આમ થાય તો પેલા ખર્ચનો સવાલ ઊકલી જાય. બાકી વેપાર કરી ધન ઢસડી ઢસડી પોતાના ઘરમાં કે દેશમાં ભરવાની વૃત્તિ અમને તો આસુરી લાગે છે. એમાંથી બીજાં રાષ્ટ્રોનું શોષણ, આર્થિક પરાધીનતા અને બેહાલી જ જન્મે.

–ચુનીભાઈ વૈ.

# ડન્કેલનું જાળું : કરોળિયો માખીને આમંત્રે છે

(૯)

VINIYOG

ડિસેમ્બર ૧૯૯૧માં આર્થર ડન્કેલ નામના એક નઠારા અને વાહિયાત અમેરિકને ગાટ સંસ્થાના પ્રમુખ નિર્દેશક તરીકે અમુક પ્રસ્તાવો કર્યા જે વિશ્વભરમાં ચકચારનો વિષય બની ગયા છે. (ગાટ એટલે વિશ્વ વેપાર અને સીમાશુલ્ક પરિષદ) ૧૯૪૭ પછી દેશના સાર્વભૌમત્વ પર આવો મોટો ખુલ્લો પ્રહાર આજ સુધી થયો નહોતો. આનો પ્રતિકાર કરવાનું તો બાજુએ રહ્યું, નામ સંસ્થા તરફથી તેમાં જબરદસ્ત અને મૂળભૂત ફેરફારો કરાવવાની ઝુંબેશ ઉઠાવવાનું તો દૂર રહ્યું (નામ એટલે તટસ્થ રાજ્યોનો સંઘ), પણ દેશદાઝવિહોણી આપણી દલાલ કોંગ્રેસના નેતાગણો, જેમાં નરસિંહ રાવ, પંત પ્રધાન, મનમોહન સિંહ, નોકરશાહ નાણાપ્રધાન અને પ્રણવ 'રિલાયન્સ' મુખરજી, વેપારપ્રધાન મુખ્ય છે. આ જગજાત દલાલોની ત્રિપુટીએ ડિસેમ્બર ૧૯૯૩ સુધીમાં ડન્કેલ પ્રસ્તાવોને બહાલી આપી, જોઇતા સહીસિક્કા કરવાનું કબૂલી લીધું છે (જુઓ, વેપારસચિવ, એ. વી. ગણેશન સાથેની મુલાકાત, "આપણી પાસે પર્યાય નથી," ઇકોનોમિક ટાઇમ્સ ૮/૬/૧૯૯૩).

ડન્કેલ દરખાસ્તો ફક્ત વેપાર અને સીમાશુલ્ક પૂરતી મર્યાદિત નથી. આંતરરાષ્ટ્રીય વેપારના ઓઠા હેઠળ અનેક બીજા વિસ્તૃત આર્થિક ફેરફારો ડન્કેલે સૂચવ્યા છે. ઔદ્યોગિક નીતિ, પરદેશી રોકાણ નીતિ, વ્યાપક વિત્ત નીતિ, દવાદારૂ, બિયાણ, જીવંત નસલો વગેરે પરની પેટન્ટ નીતિ, આવું ઘણુંબધું ડન્કેલે પોતાનાં સૂચનોમાં સમાવી લીધું છે. તે ભૂંડાં સૂચનો ભારત સરકારે લગભગ સંપૂર્ણપણે માન્ય કર્યાં છે.

એક વિશાળ જનઆંદોલન વગર અને આ સરકારને ઉથલાવ્યા વગર આપણું રાષ્ટ્રીય અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે. બલકે આપણે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય લગભગ ખોઇ નાખ્યું છે. આ પહેલાં ચૌરાહામાં વર્લ્ડ બેંક અને ઇન્ટરનેશનલ મોનિટરી ફન્ડે આદરેલા આપણા દેશ પરના આક્રમણનો ઉલ્લેખ થઇ ચૂક્યો છે (૨૯/૫/૯૩ અને ૧૮/૬/૯૩). ગાટ સંસ્થા આ જ નવઉપનિવેષવાદની રાક્ષસી સાંકળની ત્રીજી કડી છે, જે જગતને ભીંસમાં લઇ રહી છે.

સૌપ્રથમ આપણે ડન્કેલ પ્રસ્તાવો શું છે તે સમજી લઇએ. સંપૂર્ણ વિગતો અને તેનું વિવેચન એક લેખમાં સમાવી લેવું અસંભવિત છે, પણ આ લેખ માટે આપણે બેત્રણ મુદ્દા ચૂંટી લઇશું, જેવા કે (૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ, (૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયતાની સીમારેખા અને (૩) બિયાણ અને જીવંત નસલોની પેટન્ટના હકો, બાકીનું આગળ ઉપર.

**(૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ :** ડન્કેલે સૂચવેલા 'સુધારાઓ' આ મુજબના છે :

* પરદેશી રોકાણકારો સાથે પ્રત્યેક બાબતમાં દેશી કંપનીઓ જેવો જ બરાબરીનો વ્યવહાર કરવામાં આવશે.
* પરદેશી મૂડીરોકાણની રકમ ઉપર કોઇ પ્રતિબંધ નહીં રહે.
* પરદેશી રોકાણનાં ક્ષેત્રો અસીમિત રહેશે.
* દેશમાં બનેલો માલ બને ત્યાં સુધી વાપરવાનો આગ્રહ પરદેશી રોકાણવાળી સંસ્થાઓ પર લાદવામાં નહીં આવે.
* પરદેશી રોકાણકારોને સંપૂર્ણપણે કાચો માલ, આવશ્યક ઘટકો (કોમ્પોનન્ટ્સ) અને અર્ધ તૈયાર માલ આયાત કરવાની છૂટ રહેશે.
* પરદેશી મૂડીવાળા સંકુલો પર કોઇ પણ જાતનો નિર્યાતનો બોજો નાખવામાં નહીં આવે.
* ગાટે અપનાવેલી સર્વ પદ્ધતિઓને અનુકૂળ ન હોય તેવી બધી નીતિઓને રદ કરવામાં આવશે.

(સ્રોત : ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૧૧/૬/૯૩)

કોઇને એવો ભ્રમ હોય કે આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું તે દેશની ઔદ્યોગિક ઉન્નતિ માટે; દેશના મુક્ત આર્થિક વિકાસ માટે, દેશ વધારે ને વધારે આત્મનિર્ભર થાય તે સારુ, દેશબાંધવોનું પરદેશી તાકાતો દ્વારા થતું શોષણ અટકે તે હેતુથી, વગેરે ભૂલભરેલા ખ્યાલોને તિલાંજલિ આપીને હવે આપણે પરદેશી મૂડીના દલાલો બનીને સુખશાંતિથી રહેવાનું છે. તે મુજબની ડન્કેલની દરખાસ્તો છે, જે આપણી સરકારે શિરસાવંદ્ય માની છે.

**(૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયતાની સીમારેખા :** આ બાબતમાં ઊહાપોહ અને વિરોધ અમસ્તા અમસ્તા જાગ્યા છે, એવું વેપારસચિવ એ. વી. ગણેશનને લાગે છે. તેથી બધી ગેરસમજૂતી દૂર કરવાના શુભ આશયથી ભાઇ ગણેશને પોતે જ ડન્કેલની દરખાસ્તોનું એક સંક્ષિપ્ત વિવરણ તૈયાર કર્યું છે (જુઓ 'ડન્કેલ દરખાસ્તો વિશે તમને જે બધું જાણવું છે તે', ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૭/૬/૯૩).

નોકરશાહ ગણેશન મનમોહન સિંહનો જોડિયો ભાઇ છે, એવી સુફિયાણી, સુંવાળી, દગાબાજ દલીલો એણે કરી છે કે આપણે પળભર દિંગ થઇ જઇએ. આપણી બધાની સૌથી મોટી ગેરસમજ એ રહી કે આપણે એમ માની લીધું છે કે કેટલાક દાયકાથી ભારત સ્વતંત્ર છે. આપણે આઝાદીના યુદ્ધની સાચી મકસદ પકડી પાડવામાં નિષ્ફળ ગયા છીએ. આપણે સ્વતંત્રતા એટલા માટે મેળવેલી કે શાહીવાદી પરદેશી મૂડીને કોઇ પણ જાતનાં બંધનો કે અંતરાયો વગર અહીં વિહરવાની, ફળવાફાળવાની તક મળે તો જ દેશનો આર્થિક વિકાસ સધાયને. શરૂઆતનાં થોડાં વર્ષ અડધોપડધો રાષ્ટ્રવાદ આપણે શા માટે અપનાવેલો તે બિરાદર ગણેશન અને મનમોહનને સમજાતું નથી. ટૂંકમાં પોતાના વિવરણ દ્વારા ગણેશનનું કહેવું છે કે આપણી આર્થિક અને ઔદ્યોગિક નીતિઓ પહેલેથી જ ડન્કેલ દરખાસ્તોને અનુરૂપ હતી. જ્યાં અનુકૂળ નહોતી ત્યાં મનમોહન સિંહ ચોવીસ મહિનાથી કરી રહ્યા છે. હજી નાના નાના ફેરફારો કરવા જેવા લાગશે તો તે અમે કરી લઇશું અને ધન્ય ધન્ય થઇ જઇશું.

નોકરશાહ ગણેશનના શબ્દોમાં : 'ખેડૂતોને અપાતી વિવિધ પ્રકારની સહાય (સબસિડી) ૧૯૮૬થી ૧૯૮૮નાં વર્ષોમાં થયેલા કુલ કૃષિઉત્પાદનની કિંમતના દસ ટકાથી વધુ ન હોવી જોઇએ, ભલે તે સહાય ચોક્કસ પેદાશો માટેની હોય કે અચોક્કસ (નૉન-સ્પેસિફિક) સમગ્ર ખેડૂતવર્ગ માટેની હોય. આમાં બધું આવી ગયું : ખાતર, પાણી, બિયાણ, ધિરાણનો બોજો, વિદ્યુતના પાડેલા દર, ખરીદી માટે બાંધેલો કિમાન સરકારી ભાવ (જે આપણે ત્યાં ૨૦ પ્રકારની ફસલો પર લાગુ છે). આ બધી જ જાતની સહાય કુલ મળીને ઉત્પન્નના દસ ટકાની અંદર રહેવી જોઇએ. અબઘડી આપણે ત્યાં આવી સહાય ફક્ત પાંચદશાંશ બે ટકાની જ છે. એટલે ડન્કેલ દરખાસ્તો સ્વીકારવામાં શી હરકત છે?

મુખ્ય મુદ્દાઓ બાજુએ સેરવીને આડવાતોમાં નાગરિકને અટકાવવાની નોકરશાહોની હંમેશની ચાલ એટલી પારદર્શક અને મૂર્ખાઇભરેલી હોય છે કે ગણેશન (અને મનમોહન)ના નીચ પ્રયાસો સહેલાઇથી વર્તી શકાય છે (આવી ચાલાકીઓને અંગ્રેજીમાં સ્ટુપિડ સ્માર્ટ કહે છે).

પહેલો મુદ્દો છે કે પાંચ પૂર્ણાંક બે દશાંશની સહાય અત્યારે ખેડૂતોને અપાઇ રહી છે તે પૂરતી છે એવું કોણે કહ્યું? દેશના કિસાનોની ચીંથરેહાલ અને કંગાળ હાલત જોતાં સરકારી સહાય કેટલી અપૂરતી છે તેનો અંદાજ આસાનીથી મળે છે. એટલે કે હાલના ૫.૨ ટકા અને ડન્કેલે સૂચવેલા ૧૦ ટકા બન્ને ગેરવાજબી હોઇ શકે છે અને વસ્તુત: છે. આપણા દેશની ગરીબી હટાવવા આપણે કિસાનોને અનેક ટકાની મદદ કરીએ પણ ખરા અને કરવા બંધાયેલા પણ છીએ. જોકે કોંગ્રેસે આવી કોઇ જવાબદારી સ્વીકારી નથી પણ છતાં સવાલ છે ડન્કેલની દરમિયાનગીરી શા માટે?

બીજો મહત્ત્વનો મુદ્દો છે : દસ ટકા તે કઇ રકમના? આપણા દેશના ખેતમજૂરોની રહેણીકરણીનો સ્તર, બીજો બધો ખેતીનો ખર્ચ વગેરે બધું એટલું નીચું છે કે ખેતીવાડીની કુલ પેદાશની કિંમત જ નગણ્ય થઇ રહે છે. ધોળા વિકસિત દેશોના માનેલા ખેડૂતો એટલાં અત્યાધુનિક સાધનો અને ઊંચા જીવનનિર્વાહના સ્તર પર

Contd- 2

૧ (૨૯)

...ન કરતા હોય છે કે તેમના દેશોમાં વાર્ષિક ...પાદન જ લાખો અબજ ડૉલરની કિંમતનું થાય ... તેના દસ ટકા એ એક જુદી જ જાતનું જાનવર છે. જ્યારે **આપણે** ત્યાંની ૧૯૮૬થી ૮૮ની કુલ કૃષિપેદાશની રકમ જ એટલી તુચ્છ હતી કે તેના દસ ટકા તો શું તેના પચાસ ટકા પણ ઓછા પડે. ખાસ કરીને દેશની તોતિંગ વસતિના કૃષિઉદ્યોગ પર નિર્ભર રહેતા જંગી પ્રમાણનો વિચાર કરીએ ત્યારે.

પરદેશના ખેડૂતોને કેટલી ગજબની સરકારી સહાય મળે છે તેના છેલ્લા આંકડા તપાસીએ: આ નાણાકીય મદદ (સબસિડી) ૧૯૯૨ના વર્ષમાં ઓઇસીડીના બધા દેશો માટે કુલ મળીને ૩૫૪ બિલિયન ડૉલર અથવા ૧૧ હજાર અબજ રૂપિયા હતી (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૦/૬/૯૩ ઓઇસીડી એટલે ઓરગેનાઇઝેશન ફોર ઇકૉનૉમિક કૉ-ઓપરેશન ઍન્ડ ડેવેલપમેન્ટ જેમાં ઑસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, કેનેડા, ડેનમાર્ક, ફિનલૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, આઇસલૅન્ડ, આયરલૅન્ડ, ઇટલી, જપાન, લક્સેમ્બર્ગ, નેધરલૅન્ડ, ન્યુ ઝીલૅન્ડ, નૉર્વે, પોર્ટુગલ, સ્પેન, સ્વીડન, સ્વિટ્ઝરલેન્ડ, ટર્કી, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સનો સમાવેશ થાય છે (ટૂંકમાં બધા જ વિકસિત પૈસાદાર ધોળા દેશો વત્તા જપાન અને ટર્કી)

ત્રીજો અતિમહત્ત્વનો મુદ્દો છે રૂપિયાના સતત થઇ રહેલા અવમૂલ્યનનો અને ચોથો મુદ્દો છે વિકસિત અને ગરીબ દેશો વચ્ચેની આયાતનિકાસની સર્વસામાન્ય વિનિમય શરતોનો (ટર્મ્સ ઑફ ટ્રેડ). આપણે ત્યાં ખેતીવ્યવસાય સાવ કસ વગરનો કેમ ન હોય, હજી વધારે નુકસાનકારક કેમ ન નીવડે, પણ ભારતીય કિસાન પાસે બીજો કોઇ જીવવાનો જ પર્યાય ન હોવાથી તે ખેતી કરતો જ આવ્યો છે અને કરતો રહેશે. આવી દારુણ અને કરુણ હાલતમાં સબસિડી ઓછી કરવાથી કૃષિઉત્પન્નની બજારકિંમત ઊંચી નહીં આવે. બીજા ઉદ્યોગ-વ્યવસાય તરફ ભારતનો કિસાન વળી નહિ જાય (બીજા ઉદ્યોગો જોઇતા પ્રમાણમાં અસ્તિત્વમાં જ કયાં છે?). પરિણામે બીજા ગરીબ દેશોની સાથે જબરી હરીફાઇ કરીને પોતાનો જ માલ પાણીની કિંમતે ભારતને વેચવો પડશે. ધોળાને ફાવતું થશે, પણ કાળો રહેંસાઇ જશે. દેશના દલાલો તાગડધિન્ના કરશે, પણ સામાન્ય માણસનું નિકંદન નીકળી જશે.

ઉપલાં વિધાનોના પુરાવા અનેક છે :

(અ) આપણા દેશની વસતિનો ૭૪ ટકા હિસ્સો ગામડાંમાં વસે છે (૧૯૯૧). ૬૯ ટકા લોકો ખેતી અને તેને લગતા વ્યવસાયોમાં રોકાયેલા છે (૧૯૯૦) દેશની વાર્ષિક આવકમાંથી ફક્ત ૩૧ ટકા ખેતીની ઉત્પન્ન છે (૧૯૯૦), એટલે કે દેશની હાલની ભયાનક નીચી સરેરાશ આવક (દુનિયાના ૧૭૩ દેશોમાંથી આપણો નંબર ૧૪૬મો છે), તેના પ્રમાણમાં પણ ૬૯ ટકા લોકો ફક્ત ૩૧ ટકાનું ઉત્પાદન કરે છે. આમ પાતાળ પ્રદેશની સરેરાશ હોવા છતાં તેથી પણ અડધી આવક કૃષિક્ષેત્રે છે. (સ્રોત : ગામડાંની વસતિનું પ્રમાણ : ૧૯૯૧નો સેન્સસ રિપૉર્ટ, સિરીઝ ૧, પેપર ૨, પૃ. ૧, ખેતીવ્યવસાય પરની નિર્ભરતાનું પ્રમાણ : સીએમઆઇઇ, ૧૯૯૦, વોલ્યુમ ૧, કોષ્ટક ૯.૧ બ, રાષ્ટ્રીય ઉત્પન્નમાં ખેતીનું પ્રમાણ : વર્લ્ડ બૅન્ક રિપૉર્ટ ૧૯૯૨, પૃ. ૨૨૨-૨૨૩, દુનિયામાં આપણું સ્થાન : યુએનડીપી રિપૉર્ટ ૧૯૯૩, પૃ. ૧૪)

(બ) વર્લ્ડ બૅન્કે પોતે એકરાર કર્યો છે કે અવમૂલ્યન તો શું રૂપિયાનું ઊર્ધ્વમૂલ્યન થવું જોઇએ. ૧૯૯૨ના ડેવેલપમેન્ટ રિપૉર્ટના કોષ્ટક ૧માં આપેલી ભારતની ૩૫૦ ડૉલરની માથાદીઠ આવક, તેમણે તે જ રિપૉર્ટના કોષ્ટક ૩૦માં ખરીદશક્તિનો કયાસ કાઢીને ૧૧૫૦ ડૉલરની કરીને સુધારી લીધી છે. 'ચૌરાહા'ની ૨૯-૫-૯૩ની કટારમાં આ વિરોધાભાસની નોંધ લેવાઇ હતી અને રૂપિયાની બેઇજ્જતી કરવા માટે નરસિંહ રાવની સરકારનો ઊધડો લેવામાં આવ્યો હતો. મારા નમ્ર મત મુજબ રૂપિયો આંતરરાષ્ટ્રીય બજાર પેઠમાં ૭થી ૧૦ ગણો નીચો બોલાય છે. ખરીદશક્તિના હિસાબે સાચી કિંમત એક ડૉલરની ત્રણથી ચાર રૂપિયા હોવી જોઇએ.

(ક) આયાત-નિકાસની સર્વસામાન્ય વિનિમયની શરતો ગરીબ દેશોનાં હિતની સાવ વિરુદ્ધ કામ કરતી હોય છે. વિશ્વ બજારપેઠો આઝાદ નથી. તેમાંની અસમાન ભાગીદારી, અવિકસિત દેશોને વાર્ષિક ૫૦૦ બિલિયન ડૉલરનો ફટકો મારે છે- એમને મળતી વાર્ષિક વિદેશી સહાય કરતાં દસ ગણો મોટો (યુએનડીપી રિપૉર્ટ ૧૯૯૨, પૃ. ૫).

"ગરીબ દેશોની પાસેથી લેવામાં આવતા વ્યાજનો દર ૧૭ ટકા છે, જયારે પૈસાદાર દેશો એકબીજાને ફક્ત ૪ ટકાના વ્યાજે ધિરાણ કરતા હોય છે" (એ જ રિપૉર્ટ, પૃ. ૪૮).

"૧૯૮૦થી ૧૯૯૧ના દાયકા દરમિયાન ૩૩ કાચા માલોની જાતોની કિંમત ૧૦૫ના તોલધર સરેરાશ આંક (વેઇટેડ ઇન્ડેક્સ) પરથી ૫૭ સુધી નીચે આવી હતી" (એ જ રિપૉર્ટ, પૃ. ૫૯).

**(૩) બિયાણ અને જીવંત નસલો વિશેનો પેટન્ટ હક :** ભાઇ ગણેશન કહે છે કે બિયાણ અને જીવંત નસલોની પેટન્ટ, જે આપણા ૧૯૭૦ના પેટન્ટ કાયદા મુજબ થઇ શકતી નહોતી તેની ઉપર હવે પછી પણ આપણા ખેડૂતોને ખાસ કંઇ સહન નહીં કરવું પડે, કારણ ડંકેલ દરખાસ્તોમાં જોગવાઇ છે કે કાં તો તે સ્વીકારવી અને કાં તો આપણે પોતે અસરકારક સ્વસર્જિત (સુઇ જેનેરીસ) પર્યાયનો કાયદો બનાવવો. આ બચાવ હાસ્યાસ્પદ છે. આપણે ઘડેલો પર્યાય અસરકારક છે કે નહીં તે તેમણે નક્કી કરવાનું? ધોળા પૈસાદાર દેશોએ અને સ્વસર્જિત પર્યાય આપણે તૈયાર

# ચૌરાહા

ડૉ. વિનાયક પુરોહિત

કરીએ છીએ એનો અર્થ એ થયો કે જીવંત નસલો વિશેની અને બિયાણની પેટન્ટ થઇ શકે તે આપણે સિદ્ધાંતરૂપે માન્ય કર્યું છે. આપણા ૧૯૭૦ના કાયદાનો આ સીધેસીધો પડકાર છે.

હવે આટલા ત્રણ મુદ્દાની ચર્ચાને સમેટી લઇએ.

પરદેશી મૂડીના રોકાણ બાબત તો એટલું જ કહી શકાય કે એક તરફ ડંકેલ, ગણેશન, મનમોહન અને નરસિંહ રાવ અને બીજી તરફ સામાન્ય ભારતીય નાગરિક વચ્ચે એક નાનકડી ગેરસમજૂતી છે. આપણને બધાને એમ લાગે છે કે આપણો દેશ સ્વતંત્ર છે તે આપણી મોટી ભૂલ છે. વિદેશી મૂડીનો સ્વૈરવિહાર યોજવા જ આપણે ૧૯૪૭નું લાલ કિલ્લા પરનું નાટક ભજવ્યું હતું એમ આ ચંડાળચોકડીનું કહેવું છે અને ચંડાળચોકડી સત્તા પર છે એટલે આપણું શું ચાલે? નવો નરસિંહ મંત્ર છે કે વિદેશી મૂડી વગર દેશનો વિકાસ સંભવિત જ નથી. સ્વાતંત્ર્યની નવી વ્યાખ્યા અને 'સ્વતંત્ર' ભારતનો નવો ઇતિહાસ કૉંગ્રેસ નેતાઓ લખી રહ્યા છે તે આપણે છેલ્લાં બે વર્ષથી વાંચી રહ્યા છીએ.

કૃષિ સહાયતા બાબત ૧૦ ટકાની ડંકેલની સીમારેખા કૃષિપ્રધાન ભારત વર્ષના ખેડૂતોને મળેલું એક વરદાન જ છે. અત્યારે ખેડૂતોને ફક્ત ૫.૨% સહાય મળે છે એ ડબલ કરવાની વાત ડંકેલમાં છે. જોકે તેવું આપણે હરગિજ નહીં કરીએ, કારણ આપણે એક તો કિસાનોમાં અપેક્ષા જગાવવી નથી. બીજું આપણે તાત્કાલિક કૃષિપેદાશની નિકાસબજારમાં મોટી મજલ મારવી છે. બલરામ જાખડના નેતૃત્વ હેઠળ તેમણે કરોડો રૂપિયાનાં મશીનો વડે ચારો ઉગાડવાનો મહાન વિક્રમ નોંધાવીને નવા કૃષિનિકાસના અભિગમનું નેતૃત્વ કરવાનો હક પ્રાપ્ત કરી લીધો છે તે બધા કબૂલશે.

બિયાણ અને જીવંત નસલોની પેટન્ટ બાબતમાં ખેડૂતોએ ઝાઝી ચિંતા કરવી નહીં. એ વસ્તુઓ આજ સુધી ભલે પેટન્ટોની બહાર રહી હોય. આપણે નવું નવું તો કરવું જ રહ્યું, જેથી આપણે પ્રગતિશીલ છીએ એવું પુરવાર થાય. આપણે નવો કાયદો કરીશું જે સંપૂર્ણપણે 'અસરકારક પર્યાય' છે તેવું વિદેશોને પટાવી દઇશું. એ લોકો જો કાયદાને અસરકારક ન માને તો આપણે કાયદો બદલતા રહીશું, જયાં સુધી એ ધોળા પરદેશીઓ આપણા કિસાનોનું ફક્ત લોહી નહીં પણ હાડકાંનો મજ્જારસ ચૂસી ન લે. આખરે બિયાણ અને જીવંત નસલોને જે ખેડૂતો આયાત કરશે તેટલાને જ માથે પેટન્ટની ફીનો ભાર પડશે. એની ચિંતા એ લોકો કરી લેશે. ભારત સરકારની ફરજ છે ફક્ત રૂપિયાનું સતત અવમૂલ્યન કરવાની, વિદેશી વેપારની ખાધ અવિરત વધારવાની, અસીમ પરદેશી દેવું લેતા રહેવાની અને પરદેશી મૂડીરોકાણને સર્વ સગવડ આપવાની. એ ચારેચાર ફરજો ભારત સરકાર નિભાવી રહી છે.

ભારતના નાગરિકો તમે એટલું કેમ સમજતા નથી કે આટલા બધા અબજો ડૉલરનું કરજ આપણને મળે છે એ જ જબરજસ્ત પુરાવો છે કે આપણે સધ્ધર છીએ. આપણી નવી, જુલાઇ ૧૯૯૧થી શરૂ થયેલી આર્થિક નીતિઓ સાચી છે. પશ્ચિમના દેશો આપણને અતિશય પ્યાર કરે છે અને સર્વાંગી દષ્ટિએ જોતાં સ્વર્ગથી હવે હાથવેંતનું જ અંતર રહ્યું છે.

થોડા ગરીબો જે આમે પૃથ્વી પરનો ભાર જ હતા તેમને થોડા વહેલા સ્વર્ગે સિધાવું પડે તો શું આભ ફાટી ગયું? આપણે એ કંગાલોને હાથવેંતના અંતરે સુધી તો પહોંચાડી દીધા છેને. એ ઓછી સિદ્ધિ છે. એમને લાંબી મજલ કાપવાની તસ્દીમાંથી તો ઉગારી લીધા કે નહીં. અસ્તુ.

બાકીના ડંકેલની દરખાસ્તોમાંના મુદ્દાઓ જેવા કે 'દવાદારૂ અને રસાયણો પરના પેટન્ટ' હકો, વીમા અને તેવાં બીજાં વિપુલ મૂડીરોકાણો માગી લેતા સેવાઉદ્યોગો પરના પ્રતિબંધો, ટ્રેડ રિલેટેડ ઇન્ટેલેક્ચુઅલ, પ્રોપર્ટી રાઇટ્સ (ટ્રિપ્સ, એટલે વેપાર સાથે સંકળાયેલી બૌદ્ધિક મિલકત વિશેના હકો), ટ્રેડ રિલેટેડ ઇન્વેસ્ટમેન્ટ મેઝર્સ (ટ્રિમ અર્થાત્ વેપાર સાથે સંકળાયેલી મૂડીરોકાણ પદ્ધતિ) વગેરે આપણે આ પછીની "ચૌરાહા" કૉલમમાં તપાસીશું.

સમકાલીન

તા. ૩૦-૫-૯૩

# ડન્કેલનું જાળું: કરોળિયો માખીને ગળી જાય છે

## ચૌરાહા

ડૉ. વિનાયક પુરોહિત

ગયે અઠવાડિયે આપણે ડન્કેલે ફેલાવેલી જાળનાં ત્રણ મુખ્ય સંધાનો સમજી લીધાં: (૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ, જે દેશની આત્મનિર્ભરતા માટે સંપૂર્ણપણે ઘાતક છે, (૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયની સીમારેખા, જે ભારતના કિસાનોને કચડવા કામ આવવાની છે અને (૩) બિયારણ અને જીવંત નસલો પરના હવે પછી અમલમાં આવનારા પેટન્ટ હક્કો, જે કિસાનો પર અસહ્ય આર્થિક બોજો નાખવાના છે અને અબજો ડૉલર વિદેશીઓને રળી આપવાના છે.

હવે શેષ મુદ્દાઓ પર ધ્યાન ફેરવીએ (૪) ખાદ્ય પદાર્થો, દવાદારૂ અને રસાયણોના ઉત્પાદન પરના હાલના પેટન્ટ હકોનું નિર્ધારિત પરિવર્તન, (૫) બાકીની ૧૯૭૦ના પેટન્ટ એક્ટમાં સૂચવેલી ઊલટી ખોપડીની સુધારણાઓ, (૬) વસ્ત્રોદ્યોગ પરની માઠી અસર અને (૭) ટ્રિમ્સની માયાજાળ.

પણ આ (૪)થી (૭)ના મુદ્દાઓની ચર્ચા કરીએ તે પહેલાં અમુક પ્રાસ્તાવિક બિનાઓની નોંધ લેવી જરૂરી છે. ડન્કેલ દરખાસ્તો ૫૦૦ પાનાં પર ફેલાયેલી છે. તેની ભાષા ક્લિષ્ટ અને કાયદાબાજીની મૂંઝવણો પેદા કરવાવાળી છે. અનેક પેચપ્રસંગો અને ગૂંચવાડાઓ તેમાં જાણીજોઇને રોપવામાં આવ્યા છે. આ બધાને સમજવાની, દેશના હિતમાં તેમાં સુધારો સૂચવવાની આ સરકારની ફરજ હતી, પણ નરસિંહ રાવની સરકાર ડિસેમ્બર, ૧૯૯૧થી આ ડન્કેલ દરખાસ્તોના ઢીગ પર, બિલ પર બેઠેલા નાગની જેમ ફેણ ફેલાવીને સમય બરબાદ કરી રહી છે અને ઊલટું શોધખોળ કરનારને ડસવાનો યત્ન કરી રહી છે.

હજીય સાવ મોડું થયું નથી. ડિસેમ્બર ૧૯૯૩ સુધી આપણી પાસે પૂરા છ મહિના પડ્યા છે. આખા દેશમાં અનેક પરિસંવાદો અને ખેડૂતમેળાઓ યોજીને જનમત કેળવી શકાય તેમ છે. નામ (તટસ્થ રાજ્યોના સંઘ)ને ચાલના આપીને, ત્રીજા વિશ્વના ગરીબ દેશોને ચેતવીને, આપણે ડન્કેલની જાળને ઝાડુના એક સપાટે કચરાપેટીમાં નાખી દઇ શકીએ તેમ છીએ. ભારત આખરે બહુ મોટો દેશ છે. ૯૦ કરોડનો. આપણા વગર ગાટ (વિદેશી વેપાર અને સીમાશુલ્ક પરિષદ)ને ચાલે તેમ નથી. બીજા પંદરવીસ દેશોનો સાથ આપણે આસાનીથી મેળવી શકીએ તેમ છીએ. જો પ્રયત્ન કરીએ, જો પુરુષાર્થ કરીએ તો. ગમે તેમ ડન્કેલને હાલ તરત હંફાવવા જેટલી આપણી તાકાત છે. કમસે કમ તેને ખોરંભે નાખીને બેત્રણ વર્ષ મુલતવી રાખી શકાય તેમ છે. જો રાજકીય સંકલ્પ આપણે કરી શકીએ તો.

પણ આ જ તો નરસિંહ રાવની મોટી ખામી છે. ઊલટું, એના પ્રધાનો, પ્રણવ મુખરજી (વેપાર) અને મનમોહન સિંહ (વિત્ત), આ બદમાશ ડન્કેલના તળવા ચાટવાનું પસંદ કરી રહ્યા છે (મુખરજી મશાલ લઇને ધોળે દિવસે રાજ્યસભાની સીટ શોધી રહ્યા છે) અને દિનેશ સિંહ નામનો એક નામચીન પાટલીફેર નાલાયક વિદેશપ્રધાન બીમાર પડીને ત્રણ મહિનાથી ઘરે સૂતો છે, જ્યારે એની ફરજ હતી કે વિશ્વનાં સર્વ ગરીબ રાષ્ટ્રોને એકત્ર કરીને ડન્કેલની દરખાસ્તોને ફેંકી દેવાનો મહાપ્રયાસ કરે. નેતૃત્વ આપવાની નરસિંહ રાવની શક્તિ નથી, ફાવટ નથી, ઇચ્છા નથી અને આવડત નથી. આવાં બૌદ્ધિક નાદારી નોંધાવવાને સારુ પરિપક્વ થઇ ગયેલા પંત પ્રધાન તો એવા જ શાસક વર્ગને શોભે જેને જન્મથી પક્ષાઘાત થયો છે. અર્થાત્, દલાલ કિસમના આપણા આજના શાસક વર્ગને જ યોગ્ય આપણી નકામી સરકાર છે.

હું તો ધીરે ધીરે એવા મતનો થતો જાઉં છું કે ભારતને ઉગારવું અસંભવિત છે. જેને આપઘાત જ કરવો છે તેને લાંબે ગાળે જીવંત કેમ રખાય ? જે ઝેર પીવા જ તૂલ્યો છે તેને અમૃત તો શું, પણ પાણી પિવડાવવું અશક્ય છે. ડન્કેલની દરખાસ્તો માન્ય કરવી એટલે સંપૂર્ણ રીતે પશ્ચિમના ધોળાઓની અનંતકાળ કદમબોસી કરવી, સ્વાતંત્ર્યની બધી વાતોને ત્યજી દેવી અને દેશને બે પૈસાની દલાલી ખાતર વેચી મારવો.

પ્રણવ મુખરજી અને તેના વેપારસચિવ ગણેશન્ તો બે ડગલાં આગળ વધીને, કે પછી શીર્ષાસન કરીને, કહે છે : "ડન્કેલથી દેશને મોટો લાભ થવાનો છે, કારણ જે જે દેશો તેમના ખેડૂતોને દસ ટકાથી વધુ સહાય કરે છે, ૧૯૮૬થી ૮૮ની વચ્ચેના કોઇપણ એક વર્ષના સંપૂર્ણ કૃષિઉત્પાદનની કિંમતના ૧૦ ટકાથી વધારે સબસિડી આપે છે, તે બધાને ડન્કેલની બંધી નડશે ડિસેમ્બર ૧૯૯૩થી. આ રીતે આપણા ખેડૂતો વિશ્વવેપારમાં મોટી મજલ મારી જશે" (પ્રણવ મુખરજી ઇન્ડિયન એક્સપ્રેસમાં, મુંબઇથી, ૨૫-૬-૯૩ના રોજ, એ. વી. ગણેશન્, તે જ અખબારમાં ૨-૭-૯૩ના રોજ).

આવી તદ્દન ગાંડી અને મૂર્ખાઇભરેલી શિખામણો તો જ સાચી ઠરે જો એ વસ્તુ પ્રણવ અને ગણેશન્ પુરવાર કરી શકે કે પરદેશી ખેતીપેદાશની લાગત ભારતની બરાબરીમાં કાં તો દસ ટકા ફેરની જ છે કે તેથી અંદરની છે, જેથી આટલા ભાવફેરથી નિર્યાતબજારમાં આપણી સામે કોઇ ઊભો રહી નહિ શકે. આવો હિસાબ કોણે કર્યો છે ? કયા કયા દેશો માટે ? ક્યારે ? કયાં તથ્યોને આધારે ? ગમેતેમ, ફેંકાફેંક કરીને ભારતના ભોળા ખેડૂતોને ભરમાવવાનો ધંધો પ્રણવ, ગણેશન્ અને નરસિંહ રાવને માફક આવતો હશે પણ દેશદાઝવાળા કોઇપણ સામાન્ય નાગરિકને તે સ્વીકાર્ય નહીં જ હોય.

આ કૉંગ્રેસ નેતા- નોકરશાહ યુતિએ દેશભરમાં અડધી સદીથી અરાજકતા અને અંધાધૂંધી ફેલાવી છે. આપણું અર્થતંત્ર એટલી હદ સુધી કથળી ગયું છે કે કશુંય ચાલતું નથી. લાંચરુશ્વત વગર તણખલુંય ફરકતું નથી અને લાંચરુશ્વત લઇને ઓડનું ચોડ થાય છે. આખીયે અર્થવ્યવસ્થા ઠપ થઇ ગઇ છે અને કેટલાય નરાધમો પ્રધાનોની અને સચિવોની ખુરશીઓમાં બેસીને દેશની ઉત્પાદનશક્તિનો ખુરદો બોલાવી રહ્યા છે.

દા.ત. વિદેશવેપારની અસીમ ખાધના તાજા આંકડા લઇએ. હજારો કરોડની આયાતનિકાસને અંતે, સરવાળે, ૧૯૯૧-૯૨માં ૧,૫૬૦ મિલિયન ડોલરની ખાધ હતી, જે ૧૯૯૨-૯૩માં, મનમોહન સિંહે કરેલા પરાક્રમી સુધારાઓ પછી વધીને ૩,૦૦૫ મિલિયન ડૉલરની થઇ ગઇ (એટલે કે એક વર્ષમાં માઇનસ ૪,૬૮૦ કરોડ રૂપિયાથી વધીને માઇનસ ૯,૦૧૫ કરોડ રૂપિયાની થઇ ગઇ. જુઓ ઇકોનોમિક ટાઇમ્સ, મુંબઇ, ૨૧-૬-૯૩) અને આ વધેલી ખાધ ૧૯૯૩-૯૪ના વર્ષમાં તેટલી જ રહેવાની છે (જુઓ છેલ્લો અંદાજ, ઇકોનોમિક ટાઇમ્સ, મુંબઇ ૫-૭-૯૩). કયો બીજો ગધેડો વિત્તપ્રધાન દુનિયામાં હશે જે આવી વિસ્મયકારક સફળતા છતાં, પોતાની નીતિઓનાં ગુણગાનમાંથી ઊંચો જ આવતો ન હોય (જુઓ મનમોહન સિંહનાં બણગાં "ઇકોનોમિક બેક ઑન ધ રેલ્સ" "અર્થતંત્ર ફરી પાટા પર ચડી ગયું", ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ ૩-૫-૯૩).

એટલી હદ સુધી બેદરકારી અને બિનજવાબદારી પહોંચ્યાં છે કે જે ઉધારી મળી છે તેનો પણ આપણા નોકરશાહો ઉપયોગ અથવા ઉપભોગ કરી શકતા નથી. પોતે જ એવા આત્મઘાતક સૂક્ષ્મ નિયમો ઘડ્યા છે કે કોઇ સરળતાથી સરખી રીતે ઉધારી પણ વાપરી શકતું નથી. હજી પરમ દિવસે જ મળેલી એઇડ ઇન્ડિયા ક્લબની બેઠક વખતે બહાર આવ્યું કે જે પરદેશી દેવું આપણે માથે ઠોકી બેસાડવામાં આવ્યું છે, તેમાંથી ૧૮.૩ બિલિયન ડૉલર (૫૬૭.૩ અબજ રૂપિયા, ૩૧ રૂપિયે ડૉલરના હિસાબે) તો હજી દરિયા પર તરતું છે. તેને હિન્દુસ્તાનનું કોઇ બારું જ હજી મળ્યું નથી (એટલે કે પાઇપલાઇનમાં છે જુઓ, ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૨-૭-૯૩, જેમાં મોન્ટેક સિંહ અહલુવાલિયાની થયેલી ફજેતી વર્ણવાઇ છે).

કોઇ મોટા, ઐતિહાસિક, વિશાળ વસતિવાળા પ્રજાસત્તાકમાં આવું રેઢિયાળપણું ચાલતું હશે ? આ દેશનો શાસક વર્ગ આટલો આંધળો કેમ થઇ ગયો છે ? પોતાનું જ હિત કેમ સમજતો નથી ? આવા નોકરશાહોને લાત મારીને દૂર કેમ કરતો નથી ? બધું મળીને આપણા દેશ તરફથી માગણી થઇ હતી ૯થી ૧૦ બિલિયન ડૉલર્સની. મળ્યા છે ૭.૪ બિલિયન ડૉલર (ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૩-૭-૯૩) અને ફાજલ પડેલી ન વાપરેલી ઉધારી છે ૧૮.૩ બિલિયન ડૉલરની. માગવાની રકમ કરતાં ડબલ. અધૂરામાં પૂરું આઠ મહિના પહેલાં વર્લ્ડ બેન્કે રદ કર્યું છે ૧.૪૫ બિલિયન ડૉલરનું દેવું, કારણ આપણે તેનો ઉપયોગ કરવામાં નાકામિયાબ રહ્યા (ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૧૦-૧૦-૯૨).

છેવટે આ બધું શા માટે ? હિમાલયે પ્રસવ કરીને કેવું ઉંદરડું કાઢ્યું તે તો જોઇએ. ઉપરાછાપરી છાપાંઓમાં કતારોની કતારો છપાઇ રહી છે કે આપણે ત્યાં મૂડી રોકવાની કોઇને તાલાવેલી નથી. પૂર્વ યુરોપ અને રશિયાની બદલાયેલી પરિસ્થિતિને લીધે બધી ઉધારી તે તરફ ખેંચાઇ જવાની છે પરિણામે આપણને કશું ઝાઝું મળવાનું નથી. આજે નૂતન નીતિનાં બે વર્ષનાં અંતે જવાંમર્દ મનમોહન સિંહ દૂરદર્શનના ફેક્ટ શીટ પર બહાદુરીથી એકરાર કરે છે કે હાલ વિદેશી મૂડીરોકાણ ભારતમાં વાર્ષિક ૪૦૦ મિલિયન ડૉલર જેટલું થઇ રહ્યું છે અને ૧૯૯૭ સુધી, આઠમી પંચવર્ષીય યોજનાને અંતે તે વધીને ૮૦૦ મિલિયન ડૉલર જેટલું થઇ જશે એટલે કે જબરદસ્ત જહેમત પછી મળવાની છે આપણને ૧૨૦૦થી ૨૪૦૦ કરોડ રૂપરડી. દરમિયાન મલ્ટિનૅશનલ કંપનીઓ કેટલું અહીંથી ચૂસીને ઘરભેગું કરશે ?

ખેર, આ મહામૂર્ખ મનમોહન સિંહનાં કરતૂતોનો જરા ઝીણવટથી વિચાર કરીએ. વાર્ષિક વિદેશવેપારની ખાધ આજે ૩ બિલિયન ડૉલરની ચાલી રહી છે. વર્લ્ડ બેન્ક આઠ મહિના પહેલાં રદ કરે છે ૧.૪૫ બિલિયન ડૉલરનું

દેવું. કારણ કે આપણે ઉધારી ઉઠાવવા નાલાયક ઠર્યા છીએ. એઇડ ઇન્ડિયા ક્લબ ન વાપરેલી ૧૮.૩ બિલિયન ડૉલરની ઉધારી તરફ આપણું ધ્યાન ખેંચે છે. આ મનમોહન સિંહ ડંફાસ મારે છે કે નૂતન નીતિઓને લીધે, આપણે ત્યાં ૦.૪ બિલિયન ડૉલરથી '૯૭ સુધીમાં વધીને ૦.૮ બિલિયન ડૉલર જેટલું વાર્ષિક વિદેશી મૂડીરોકાણ થશે. આ મનમોહનને શું ઉપનામ આપવું ? એને ખર કહેવો કે ખચ્ચર?

ચાલો, આપણે આ પ્રાસ્તાવિક પછી ડન્કેલ પ્રસ્તાવનાની શેષ બાબતો તરફ વળીએ:

**(૪) ખાદ્ય પદાર્થો, દવાદારૂ અને રસાયણો (ખાસ કરીને જંતુનાશક દવાઓ) પરના હાલના પેટન્ટ હકોનું નિર્ધારિત પરિવર્તન:**

ઉપલાં ક્ષેત્રોમાં આજ લગી ફક્ત પ્રોસેસ પેટન્ટો હતી (એટલે કે પદ્ધતિની પેટન્ટ) પણ પ્રોડકટ પેન્ટન્ટો નહોતી (એટલે પેદાશ વસ્તુની પેટન્ટ નહોતી). હવે પછી ડન્કેલની મહેરાબનીએ તે ચાલુ થઇ.

નોકરશાહો અને પ્રધાનો એટલા નિર્લજ્જ બની ગયા છે. છાપાંમાં કે દૂરદર્શન અને આકાશવાણી પરથી જબરજસ્ત સતત પ્રચાર થઇ રહ્યો છે કે ડન્કેલની સૂચનાઓ અતિઉત્તમ છે. આજનો જ દાખલો લઇએ. અડધું પાનું ભરીને કોઇ વેચાઇ ગયેલો ખબરપત્રી લખે છે કે "નો પેટન્ટ ફોલી, ધિસ" ("આ નરી મૂર્ખાઇ નથી", ઇકોનોમિક ટાઇમ્સ, ૫/૭/'૯૩).

આપણે વિગતવાર અભ્યાસ માટે કેવળ દાવાદારૂનું ક્ષેત્ર લઇશું. આપણું ઔષધોનું સમગ્ર વાર્ષિક બજાર ૧૫૪૮ કરોડ રૂપિયાનું હાલ છે. જેમને બોદ્દી અને બેશરમ દલીલો કરવી છે તેવા પ્રધાનો અને સચિવો વારંવાર કહે છે કે બજારમાં ફરતી બધી દવાઓના માત્ર ૧૦થી ૧૫ ટકા પેટન્ટ નીચે ડન્કેલ લાવશે (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૭/૬/'૯૩). આ હળાહળ જૂઠાણું છે. વેચાણની દષ્ટિએ પેટન્ટોના ચલણ નીચે બજારનો ૪૦ ટકાથી ઉપર હિસ્સો આજે જ છે અને તે આવતાં પાંચ વર્ષમાં ૮૦ ટકાનો થઇ જવાનો છે (જુઓ સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ ન્યુ ડ્રગ પોલિસી," જાન્યુઆરી ૧૦/૧૬, ૧૯૯૩). પેટન્ટ થયેલી દવાનાં ભાવ સરેરાશે ૧૦થી ૧૫ ગણા વધી જશે તેવી બધાની ધારણા છે. દા. ત. નોરફ્લોક્સાસીન જેની કિંમત મુંબઇમાં ૧૦ ટીકડીઓના પત્તાના ૪૦ રૂપિયા છે અને જે રૂ. ૬૨૫માં અમેરિકામાં વેચાય છે, તે આપણે ત્યાં હવે પછી કિંચિત અમેરિકાથી ઓછા ભાવમાં વેચાશે કારણ કે આપણાં બજારોમાં એટલી બધી મોંઘી દવાની ખપત ખૂબ બધી ન થઇ શકે. એટલે પરદેશીઓ સમજણપૂર્વક તેવું પોતે જ ગોઠવશે (ઇકોનોમિક ટાઇમ્સ, ૫/૭/'૯૩). આવી સુફિયાણી દલીલો અનેક કનારો ભરીને છાપાંઓમાં સરકારના મળતિયાઓએ વહેતી મૂકી છે. અતિ આવશ્યક ઔષધો સિવાયના બાકીના થોડા ઓછા આવશ્યક દવાદારૂઓના ભાવ વધે તો શો વાંધો છે? વગેરે એ જ ઇકોનોમિક ટાઇમ્સના કાતરણમાંથી આપણને જાણવા મળે છે. એટલે કે મરતાં માણસને કહેવાનું કે તેને જોઇતી દવા ઓછી આવશ્યક હતી એટલે મળી નહીં. હાથી સમિતિ આપણી સંસદે નિયુક્ત કરી હતી. તેનો અહેવાલ ૧૯૭૪માં બાહાર પડયો. તેનો અમલ અહીં નહીં પણ દૂર બંગલા દેશમાં થયો. ડૉ. ઝફરુલ્લા ચૌધરીએ પોતે હાથીની ભલામણ સ્વીકારી છે તેવું જાહેર કર્યું છે અને બંગલા દેશના ૪૦૦ કરોડના વાર્ષિક દવાબજારમાં કામ કરતા આઠ મલ્ટિનેશનલ સંકુલોને બરાબર મુઠ્ઠીમાં રાખીને સીધાંદોર કરી નાખ્યા છે. ત્યાંના ગૌણ સ્વાસ્થ્ય કેન્દ્રો આપણાં દેશની સરખામણીમાં સુંદર કામગીરી બજાવી રહ્યાં છે.

બંગલા દેશની વાતને હાલ તરત બાજુમાં રાખીએ. આપણા ભારતવર્ષમાં કેટલી ભયાનક અરાજકતા દવાદારૂને ક્ષેત્રે પ્રવર્તે છે તેનો અંદાજ આવશે એ હકીકત ઉપરથી કે આપણે ત્યાં ૬૦,૦૦૦ નુસખાઓનું (ફોર્મ્યુલેશન્સનું) દવાબજારમાં ચલણ છે. તેમાંના ઘણા ખરા બિનજરૂરી અથવા બિનઉપયોગી સંમિશ્રણનાં ઔષધો છે જે અનેક કંપનીઓ ઉપરાછાપરી પોતપોતાનાં બ્રાંડનેમ જોડીને વહેતાં મૂકે છે. મનુષ્યનું શરીર બધી જ જાતનાં સંમિશ્રણો અવયવોની અંદર ને અંદર કરવા સમર્થ છે, (બંગલા દેશમાં પાંચદસથી વધુ સંમિશ્રણનું ચલણ સરકારે બંધ કરી નાખ્યું છે, જે હાથી સમિતિની મુખ્ય સૂચના હતી). ડબ્લ્યુએચઓ (વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા)ની શિફારસ મુજબ ફક્ત ૨૫૦ અતિઆવશ્યક દવાઓ છે જે દુનિયાના ઘણા ખરા રોગોને માત કરવા બસ થઇ રહે છે (સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ, ૧૦/૧૬ જાન્યુઆરી ૧૯૯૩).

આજે દવાબજારમાં પરદેશી મૂડીવાળા સંકુલોનું વર્ચસ છે. આવા સંકુલોએ ૧૫૪૮ કરોડ રૂપિયાના વાર્ષિક વેચાણના ૫૭ ટકા પોતાને હસ્તગત કર્યા છે: આપણે ત્યાંની કુલ આબાદીનો માત્ર પાંચ ટકા ભાગ જોઇતી દવા ગાંઠના પૈસા ખર્ચીને ખરીદી શકે છે, બીજા વીસ ટકા લોકો આમથી તેમ ભટકીને, લાગવગ લગાડીને સખાવતી સંસ્થાઓ અથવા સરકારી દવાખાનાંઓમાંથી મદદ લઇને પોતાનો ઉપચાર અડધોપડધો કરી લે છે. છેવટે રહેલા ૭૫ ટકા લોકો તો સંપૂર્ણપણે દવાબજારના સ્પર્શથી વંચિત છે (સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ, ૧૦/૧૬ જાન્યુઆરી, ૧૯૯૩).

**(૫) બાકીની ૧૯૭૦ના પેટન્ટ એક્ટમાં સૂચવાયેલી ઊલટી ખોપડીની સુધારણાઓ:**

પહેલી "સુધારણા" તે ઉપર વર્ણવેલાં દવાદારૂ, ખાદ્ય પદાર્થો અને કૃષિ-રસાયણોનાં ક્ષેત્રોમાં "પ્રોસેસ" પેટન્ટની જગ્યાએ "પેદાશ" પેટન્ટનો નવો શિરસ્તો એક જ પ્રોસેસ અથવા પદ્ધતિથી અનેક પેદાશ થાય અથવા સહેજ અલગ અલગ પ્રોસેસથી એક જ વસ્તુ અનેક રીતે પેદા થઇ શકે. હવે વસ્તુ પેદાશ ઉપર જે પેટન્ટ હક લાગુ થવાથી બજારની અંદરૂ હરીફાઇ એકદમ ઓછી થઇ જશે અને ભાવો ઇજારાશાહીની રસમે કૂદકે અને ભૂસકે ઉપર ચઢી જશે જે ડન્કેલનો સ્પષ્ટ હેતુ છે.

બીજું, પેટન્ટો હવે સાત વર્ષને બદલે પૂરાં ૨૦ વર્ષની રહેશે. પરદેશીઓને ફક્ત બજાર ખોલી નથી આપ્યું ડન્કેલે તેમાં એમની લાંબાગાળાની ઇજારાશાહી રહે તે પણ ડન્કેલે યોજ્યું છે.

ત્રીજું, હવે પછી પુરાવાનો ખર્ચો અને જવાબદારી અસીલની નહીં (એટલે કે જે ન્યાયાલયમાં અરજી કરે છે કે મારા પેટન્ટ અધિકારોનો ભંગ થયો છે તે પરદેશી મલ્ટિનેશનલનો નહીં). પણ બચાવપક્ષનો (એટલે કે, નાનાં દેશી કારખાનાંના સંચાલકો, જે પેટન્ટના અધિકારો તોડીને બીજી પ્રવૃત્તિ કરવાનો વિચાર કરતા હોય તેમનો) રહેશે.

ચોથું, જો ડન્કેલની દરખાસ્તો આપણે માન્ય ન કરીએ તો આપણે તેટલો જ અસરકારક પર્યાય, સ્વસર્જિત (સૂઇ જેનેરિસ) કાયદા દ્વારા રજૂ કરવાનો રહેશે. હવે આ કાયદો અસરકારક છે કે નહીં અને ડન્કેલની દરખાસ્તો જેટલો જ અસરકારક છે કે નહીં, તે કોણ નક્કી કરશે? એનાં એ જ ધોળાં પૈસાદાર રાજ્યો જે આપણને દેવું ધીરે છે અને દબાવે છે તે એ જ ગાટ સંસ્થા જેનો નિર્દેશક ડન્કેલ હતો? અને સ્વસર્જિત પર્યાય એટલે સૈદ્ધાંતિકરૂપે આપણે ૧૯૭૦નો એક્ટ બાજુએ મૂકીને ડન્કેલે દોરેલી સીમારેખાઓ માન્ય કરી એમ જને?

છેલ્લે, આજ સુધી ફરજિયાત ઉત્પાદન પરવાનાની જોગવાઇ હતી. એટલે કે જો કોઇ પેટન્ટ હક ધરાવનાર ઇચ્છુક ઉત્પાદકને તેનો હક વેચવાની ના પાડે અને પોતે દેશમાં તે પેદાશને ઉત્પન્ન પણ ન કરે તો ફરજિયાત પરવાનાની યોજના હતી: આ પરવાનો ભાગ્યે જ હકીકતમાં કોઇ કાઢતું પણ પરદેશી સંકુલો આવી જોગવાઇ છે તે જાણતા હોવાથી બહુ જ નીચા વળીને પોતાનો ધંધો ચલાવતા હતા. બંને ત્યાં સુધી પરવાનાનું કારણ જ ઊભું નહોતા થવા દેતા. હવે પછી તેઓ ડન્કેલની છત્રછાયા હેઠળ મનમાની કરવા છુટ્ટા છે.

**(૬) વસ્ત્ર ઉદ્યોગ પર માઠી અસર :**

વિકાસશીલ દેશો જે જે ક્ષેત્રોમાં પશ્ચિમ સામે, અસરકારક રીતે હરીફાઇ કરી શકે છે, જેમ કે વસ્ત્રઉદ્યોગ અને તેવાં બીજાં ઓછી મૂડી અને વધારે શ્રમશક્તિનાં ક્ષેત્રો, ત્યાં પશ્ચિમના દેશોની ચાલ છે કે પોતાના દેશો માટે આર્થિક સંરક્ષણો રચીને ગરીબોનો સામનો કરે. આ નાબૂદ કરવાનો દેખીતો આશય તો ગાટ સંસ્થાનો છે, પણ ડન્કેલસાહેબ એટલા નીચ વૃત્તિના છે કે જયાં પૂર્વના, દક્ષિણના, અવિકસિત દેશોની કુદરતી સરસાઇ છે ત્યાં તેમને હંફાવી દેવા.

આવી એક પશ્ચિમની યોજના જે ગરીબ દેશના હરીફોના માલ પર ભારે સીમાશુલ્ક નાખે છે તે છે મલ્ટિફાઇબર એગ્રીમેન્ટ (અર્થાત્ અનેક રેસા સમજૂતી). આ મલ્ટિફાઇબર એગ્રીમેન્ટ કેટલું અન્યાયી છે તે યુએનડીપીના ગયા વર્ષના રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તે પ્રમાણે આ એમએફએને લીધે ગરીબ દેશોને વાર્ષિક ૨૪ બિલિયન ડૉલરનો ફટકો પડે છે. (એટલે ૭૪૪ અબજ રૂપિયાનો પ્રતિવર્ષ. જુઓ યુ.એન.ડીપી રિપોર્ટ, ૧૯૯૨, પૃ. ૬).

ડન્કેલની દરખાસ્ત મુજબ આ અન્યાયી સમજૂતી બીજાં દસ વર્ષ સુધી કાયમ રહેશે. જ્યાં જ્યાં ગરીબોના પક્ષમાં કંઇ પણ છે ત્યાં ત્યાં તે એકદમ એકબે વર્ષમાં બદલી નાખવાનું કહેવામાં આવ્યું છે અને જ્યાં પશ્ચિમનું થોડુંક પણ નુકસાન છે ત્યાં તેમને અનેક વર્ષોનો સમય આપવામાં આવ્યો છે.

**(૭) ટ્રિમ્સની માયાજાળ :**

ટ્રેડ રિલેટેડ ઇન્વેસ્ટમેન્ટ મેઝર્સ (ટ્રિમ્સ) હેઠળ ડન્કેલની દરખાસ્ત પ્રમાણે બેન્કિંગ વીમો, દલણવલણ અને તેવા વિપુલ મૂડીરોકાણ માગી લેતા સેવા-ઉદ્યોગોમાં પરદેશી મૂડીની ઘુસપેઠ અતિ વાજબી છે 'એટલે કે હવે જોતજોતાંમાં વીમા ક્ષેત્ર પરદેશીઓ માટે ખુલ્લું મુકાઇ જશે.

હવે ચર્ચા સમેટી લઇએ. ડન્કેલની દરખાસ્તો આપણા રાષ્ટ્રના હિતમાં નથી કોઇ પણ વિકાસશીલ ગરીબ દેશના હિતમાં નથી. આજની સરકારે તેનો સ્વીકાર કરી લીધો છે અને ડિસેમ્બર ૧૯૯૩ સુધીમાં તે પ્રસ્તાવ પર સહીસિક્કા થઇ જવાના છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ નિયમ મુજબ નરસિંહ રાવ, મનમોહન સિંહ, પ્રણવ મુખરજી અને દિનેશ સિંહ આપણા દેશને વિનાશના માર્ગે દોરી રહ્યા છે. આપણામાંના જેને સાચી દેશદાઝ હશે તેણે વિચાર કરવાનો છે કે હવે શું કરવું? હું પોતે તો મૂંઝાઇ ગયો છું. મને તો આ સરકારને હટાવવા સિવાય બીજો વિકલ્પ દેખાતો નથી.

VINIYOG

# ડંકેલ દરખાસ્તનો રકાસ

અમેરીકા દ્વારા ભારતીય કૃષિ પદ્ધતિમાં માથુ મારવા ડંકેલ દરખાસ્તના નામે પ્રયાસ થયો હતો તેને ભારત દ્વારા સ્પષ્ટ રીતે નકારી કાઢવામાં આવેલ છે. અમેરીકા દ્વારા જે બીયારણ ભારતમાં વેચાણ થાય, સંશોધન થાય કે ફેરઉપયોગ થાય તે પેટન્ટ કરાવવાની વાત હતી.

કોઈપણ સ્વમાની રાષ્ટ્ર જે દરખાસ્ત કદાપી સ્વીકારી શકે નહીં. ડંકેલ દરખાસ્ત સ્વીકારવામાં આવે તો તેના પર રોયલ્ટી પેઢીઓની પેઢી સુધી ચુકવવાની રહે છે. આવો ખોટનો ધંધો કોણ કરે ? પરંતુ અમેરીકા હવે શોષણખોર મહાસત્તા તરીકે ઉપસી રહ્યુ છે.

જગતનું સૌથી મોટું કતલખાનું શિકાગોમાં છે. ત્યાં દૈનિક બે લાખ ઢોર કતલ કરવાની વ્યવસ્થા છે. પ્રખ્યાત અમેરીકન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહ્યુ હતું કે અમેરીકાની ધરતી ૧૦૦ વર્ષમાં રસકસ વગરની થઈ જશે. કારણ કે પશુઓની કતલ થાય છે તેથી કુદરતી ખાતરનો પુરવઠો ઘટી જશે. જ્યારે ભારતમાં આમ નહીં થાય - ભારતની ધરતી રસાળ બની રહેશે.

કારણ કે છેલ્લા ૧૦ હજાર વર્ષથી ભારતની ધરતીને ઢોરના ગોબર મારફતે આવશ્યક સત્ત્વો મળી રહે છે. મહાન વૈજ્ઞાનિક દ્વારા ભારત અને અમેરીકાની સરખામણી કેવી રીતે કરવામાં આવી હતી તે સમજવા જેવું છે. અમેરીકા સમૃદ્ધ છે - પૈસાદાર છે - છતાં જીવહિંસા થાય છે તેથી ક્યાંય નિરાંત જેવું કોઈને નથી.

ડંકેલ દરખાસ્ત એક તરકટ - અને એક પૂર્વયોજીત કાવતરૂ છે. આવી દરખાસ્ત સામે વિરોધ થવો જોઈએ. પરંતુ ખૂબ જ મોડે મોડે વિરોધ શરૂ થયો હતો. આખરે કેન્દ્ર સરકાર પણ પ્રજામત સામે ઝુકી છે અને ડંકેલ દરખાસ્ત બનાવનારને અંગૂઠો બતાવવામાં આવ્યો છે. આ એક આવકાર્ય વલણ છે.

રાષ્ટ્ર પ્રેમના અભાવે એક માન્યતા જ ઘુસી ગઈ છે કે વિદેશનું હોય તે બધું જ સારૂ છે. ૧ હજાર વર્ષના વિદેશી શાસકોના પ્રભાવ હેઠળ રાષ્ટ્રીય ચારીત્ર્ય જેવી કોઈ ચીજ રહી નથી. આથી પ્રજા પણ જે રોષપૂર્વક વિરોધ દર્શાવવો જોઈએ તેમાં કરકસર કરે છે. આમ સમગ્ર બાબત જાહેરચર્ચા માગી લે છે.

વિદેશી બિયારણ કરતા ભારતીય બીયારણ અનેક દરજ્જે સારા છે. ભારત ભલે કદાચ હેકટરદીઠ ખેતીવાડી ઉત્પાદનમાં પાછળ હશે પરંતુ પશુઓના ગોબરનો પુરવઠો વધારીને ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. કંઈક અંશે ભારતીય કૃષિ પદ્ધતિમાં અગ્રતાક્રમ જ ખોટા છે.

ભારત શાકભાજીના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા નંબરે છે. લગભગ ૪૮ પ્રકારના લીલા શાકભાજી ભારતમાં થાય છે. તેના બીયારણ પણ ભારતીય હવામાનને અનુરૂપ અને અનુકુળ હોવા જોઈએ. હવે તે ડંકેલ દરખાસ્ત પ્રમાણે ભારતમાં ક્યાંથી ભલીવાર થવાની હતી ?

ભારતના કૃષિકારોએ બીજા પાસે કશું જ શીખવવા જવાની જરૂર નથી તેવી ભુમિકા જ્યારે નિર્માણ થશે તે વખતે ડંકેલ દરખાસ્તનો આપોઆપ રકાસ થશે. ભારતમાં અનાજ, તેલીબીયા, શાકભાજી અને ફળફળાદીનું જેટલું ઉત્પાદન થાય છે તેને વ્યવસ્થિત સાચવવાની અને ઉપભોકતા સુધી પહોંચે તેમ કરવાની જરૂર છે.

સંસદ સભ્યો કરતાં વધુ રોષ ભારતીય ખેડૂતોએ દર્શાવ્યો હતો તે એક નોંધપાત્ર બાબત છે. અંતે સાચી વસ્તુ સમજાણી છે. ખોટા માર્ગે જતાં અગાઉ જ તે માર્ગ ખોટો છે તેનો ખ્યાલ આવી ગયો છે તે સારી બાબત છે. સ્વદેશી ચળવળનો એક પ્રતીતિજનક વિજય થયો છે. પરંતુ હજુ લાંબી મઝલ કાપવાની છે.

ડંકેલ દરખાસ્ત એશીયા અને આફ્રીકાના રાષ્ટ્રોને પાયમાલ કરે તેમ હતી. કમસે કમ ભારત તેમાંથી બચી ગયું છે. આ બાબતનો યશ ભારતના ખેડૂતો અને ડંકેલ દરખાસ્ત સામે વિરોધનો ઝંડો ઉપાડનાર સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓને ફાળે જાય છે.

મુંબઈ
સમાચાર
તા. ૧.૬.૯૩
પાના. ૮

(અભિયાન : ૨૬/૪/૧૯૯૩)

## દેશમાં મીઠું પકવવાની અક્કલની અમેરિકામાંથી આયાત


# કચ્છના દરિયાકાંઠે કારગીલ ઇન્કોર્પોરેટેડનું ખારું ઊસ આક્રમણ

■ નગેન્દ્ર વિજય

**અમેરિકાની ઔદ્યોગિક જાયન્ટ કારગીલ ઇન્કોર્પોરેટેડ કચ્છના દરિયાકાંઠે મીઠું પકવવા માગે છે અને ઉદાર નીતિનો ઝંડો લઈને બેઠેલી સરકાર તેને રોકવાના મૂડમાં નથી ત્યારે કંડલા પોર્ટ ટ્રસ્ટ અને મીઠાના સ્થાનિક ઉત્પાદકો કારગીલ પર ખારાં થયાં છે. આ જંગી કંપનીને સોડિયમ સલ્ફેટના ઉત્પાદન માટે પંદર હજાર એકરનો ખારોપાટ દઈ દેવાનાં પરિણામો કેટલાં જોખમી હોઈ શકે છે એ વિશે નગેન્દ્ર વિજયે અહીં નુક્તેચીની કરી છે.**

કારગીલ ઇન્કોર્પોરેટેડ નામની એક બહુરાષ્ટ્રીય અમેરિકન કંપનીનો ટૂંકો બાયો-ડેટા પહેલાં તો વાંચી લો. જગતના ૧૦૦ દેશોમાં તે પોતાનો કારોબાર ચલાવે છે. કૃષિપેદાશો, પોલાદ, ખાતર, પ્લાસ્ટિક વગેરે ડઝનબંધ ચીજોના ધંધા કરે છે, જેના માટે તેણે કુલ ૬૦,૦૦૦ કર્મચારીઓ રોક્યા છે. આ ચીજોના આયાત-નિકાસ વેપારમાં મદદરૂપ થાય એવાં સો માલવાહક જહાજો પણ તેણે વસાવ્યા છે. દરેક ધંધો એટલો મોટો છે કે એકાદ સ્વતંત્ર કંપની માત્ર એ જ ધંધો ચલાવતી હોય તો તેને પણ ઔદ્યોગિક જાયન્ટ ગણ્યા વગર ન ચાલે. ઉદાહરણ તરીકે ઉત્તર અમેરિકામાં ઘઉંની માર્કેટ પર કારગીલ ઇન્કોર્પોરેટેડ લગભગ ઇજારો ભોગવે છે, છતાં ઘઉંનો વેપાર તેના માટે ડિપાર્ટમેન્ટલ સ્ટોરની એકાદ વિભાગીય દુકાનના વકરા કરતાં વિશેષ નથી. કારગીલને વર્ષેદહાડે કુલ વકરો તો ૬૦ અબજ ડોલર (અંદાજે રૂ. ૧,૮૦,૦૦૦ કરોડ) જેટલો થાય છે. ભારતના તેર લાખ સૈનિકો તથા અસંખ્ય શસ્ત્રો માટે ફાળવવામાં આવતા વાર્ષિક બજેટ કરતાં દસ ગણો.

આ જડબાછાપ કંપનીને આપણે ત્યાં કચ્છના સમુદ્રકિનારે મીઠું પકાવવામાં બેહદ રસ પડી જાય એટલું જ નહીં, પણ તેના આગમન સામે પુષ્કળ વિરોધ થવા છતાં તે ભારત સરકાર પાસે હા પડાવવા માટે તેનું કાંડું મરોડતી રહે એ જરા વિચિત્ર લાગે. હાથીનો શિકારી અચાનક પતંગિયાં પકડવામાં રસ લેવા માંડ્યો હોય એવું લાગે. પરંતુ ખરેખર એમ જ બની રહ્યું છે. કારગીલે મીઠાના અગરો પાથરવા માટે કચ્છમાં ૧૫,૦૦૦ એકર જમીન માગી છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે દેશનાં બારીબારણાં ખોલી નાખવા માગતી કેન્દ્ર સરકાર તેને એ જમીન આપવા તૈયાર પણ છે. પરંતુ દાંડીકૂચના દેશમાં મીઠા જેવો સામાન્ય પદાર્થ બનાવવા માટે પરદેશી કંપનીને તેડું અપાય તેની સામે કંડલા પોર્ટ ટ્રસ્ટ સહિત અનેક પક્ષકારોને વાંધો છે. કારગીલે માગેલી જમીન કંડલા પોર્ટ ટ્રસ્ટને હસ્તક છે અને સરકારે એ જમીન તેને ફક્ત કંડલા બંદરના ભાવિ વિકાસનું આયોજન કરવા માટે આપી છે. બંદરના વિકાસને મીઠાના ઉદ્યોગ સાથે જરાય સંબંધ નથી, એટલે પોર્ટ ટ્રસ્ટે કારગીલનો પ્રસ્તાવ ફરીફરીને નામંજૂર કર્યો છે. આ કંપનીના આધુનિક સોલાર સૉલ્ટ પ્રોજેક્ટ સામે મીઠાના સ્થાનિક ઉત્પાદકોનો પણ ઉગ્ર વિરોધ છે, કારણ કે દેશમાં આજે પણ જરૂરિયાત કરતાં વધુ મીઠું પાકતું હોય ત્યારે ઉત્પાદનમાં બીજા લાખો ટનનો વધારો ગૃહ-ઉદ્યોગના ધોરણે મીઠું બનાવતા સામાન્ય ઉત્પાદકોને તદ્દન નવરા પાડી શકે છે. નાના તળાવમાં મોટી ભેંશ પડે અને જેમ દેડકાએ બહાર નીકળી જવાનું થાય તેમ અગરોનાં ૪,૦૦૦ શ્રમિક કુટુંબો પણ કારગીલના આક્રમણ સામે ટકી શકે નહીં.



મીઠું બનાવવાની પરંપરાગત રીતમાં સૂર્યના તાપ વડે પાણીનું બાષ્પીભવન થાય છે. બીજી રીત વેક્યુમ ક્રિસ્ટલાઈઝેશનની છે. વિશાળ પાત્રોમાં શુદ્ધ મીઠાના સ્ફટિકોને છૂટા પાડવામાં આવે છે. આ પદ્ધતિ મીઠાપુરમાં આવેલા તાતાના કારખાનાએ અપનાવી છે

વધુ મોટો સવાલ કચ્છના નાજુક પર્યાવરણનો છે. વર્ષોથી એક ચેતવણી અમદાવાદના સ્પેસ એપ્લિકેશન સેન્ટરે આપી રાખી છે કે રેગિસ્તાની કચ્છને વધુ પાયમાલ થતું રોકવું હોય તો ત્યાં મીઠાના ઉદ્યોગને વધુ ફેલાતો રોકવો જોઈએ. કચ્છમાં અત્યારે ૧૬,૨૫૦ એકરમાં પથરાયેલા અગરો પણ લૂખીસૂકી વનસ્પતિના ભોગે બન્યા છે અને તેમણે કચ્છને એટલા વિસ્તારમાં ઉજ્જડ બનાવ્યું છે. સ્પેસ એપ્લિકેશન સેન્ટરના મતે હાલના અગરોનું જ કુલ ક્ષેત્રફળ ઘટાડવાની જરૂર છે, જ્યારે કારગીલ બીજી ૧૫,૦૦૦ એકર ભૂમિને વેરાન બનાવવા માગે છે. આ કંપનીને પરવાનગી અપાય તો તેનું બીજું પરિણામ કદાચ એ આવે કે કચ્છના અખાતમાં ભરતીનાં મોજાં વડે ૯૦૦ મેગાવોટનું ટાઈડલ પાવર સ્ટેશન બાંધવાની યોજનાને પણ અમલમાં મૂકી શકાય નહીં. દરેક કરોડ રૂપિયાના ખર્ચે કચ્છના અખાતનું સર્વેક્ષણ કર્યા પછી કેન્દ્રના ઊર્જા મંત્રાલયે યોજનાને માન્યતા આપી છે. રૂ. ૨,૫૦૦ કરોડનું બજેટ પણ નક્કી કર્યું છે. પરંતુ હવે પસંદગી એ કરવાની રહે છે કે ભરતીના પાણી વડે કચ્છમાં વીજળીનો પ્રશ્ન ઉકેલવો કે એ જ પાણી એક વિદેશી કંપનીને મીઠાના ઉત્પાદન માટે વાપરવા દેવું? આ બધા પ્રશ્નો જેના સંદર્ભમાં મૂલવવા રહ્યા એ મૂળભૂત હકીકત તો એ છે કે ભારતે મીઠાનું ઉત્પાદન તાત્કાલિક વધારવાની જરૂર નથી. દેશની વાર્ષિક જરૂરિયાત અંદાજે ૧૧૦ લાખ ટન છે, જ્યારે ઉત્પાદન ૧૨૪ લાખ ટન જેટલું થાય છે. કારગીલના માલિકો કચ્છમાં મીઠું બનાવ્યા પછી મોટાભાગનો જથ્થો વિદેશી બજારોમાં વેચી નાખવા માગતા હોય તો એવો વેપાર ખુદ ભારતે શા માટે ન કરવો એ પણ વિચારવા જેવો મુદ્દો છે

અલબત્ત, બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે સ્વાગતમની

જાજમ બિછાવવાનું નક્કી કરી ચૂકેલી કેન્દ્ર સરકાર હજી કારગીલને રોકવાના કે ટોકવાના મૂડમાં નથી, કેમ કે દેશનું હિત કોના આગમનને કારણે સચવાય અને કોના આક્રમણને લીધે જોખમાય તેની બારીક તપાસમાં પડ્યા વગર તેણે બધી કંપનીઓ માટે સમાન ધોરણ અપનાવ્યું છે. ઉદાર આર્થિક નીતિના ભાગરૂપે અમેરિકન ફાસ્ટ ફૂડ કંપની મેક્ડોનાલ્ડને ભારતમાં પ્રવેશ મળી શકતો હોય અને કોકા-કોલાના પુનઃપ્રવેશ માટે પણ ફાટક ખુલ્લું હોય તો પછી મીઠાના ઉદ્યોગને પણ કારગીલના હવાલે કરી દેવામાં શો વાંધો? વિશ્વબેંકના તેમ જ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના મોગામ્બો એ રીતે ખુશ થતા હોય તો એમ સહી.

આમ છતાં હાલ પૂરતો કચ્છ પર કારગીલનો હલ્લો અટકી પડ્યો છે. સરકારની લાલ જાજમ પર ચાલીને કંડલા પહોંચી શકાય એ પહેલાં વિરોધીઓના લાલ વાવટાએ તેનો ખેલ બગાડી નાખ્યો છે. મીઠાનો લઘુઉદ્યોગ ચલાવતા નાના ઉત્પાદકોએ ગાંધીધામની અદાલતમાં કારગીલ સામે અને કંડલા પોર્ટ ટ્રસ્ટ સામે પણ મનાઈહુકમની અરજી દાખલ કરી છે. આ લડતમાં તેમને ભાજપ અને જનતા દળ સહિત બધા વિરોધ પક્ષોનો ટેકો છે. કેટલાક સમાજવાદી આગેવાનોએ દાંડીકૂચના અર્વાચીન મૉડેલ જેવા મીઠાનો સત્યાગ્રહ યોજવાની પણ તૈયારી કરી છે. ભાજપે પણ તેની સ્વદેશી ચળવળના એક સચોટ ઉદાહરણ તરીકે કારગીલનો દાખલો ટાંક્યો. જોવાની વાત એ છે કે કારગીલના સ્ફોટક પ્રકરણને અંગત સ્વાર્થનો રાજકીય મુદ્દો બનાવવા માટે વિરોધ પક્ષો કશી ખેંચમતાણમાં પડ્યા નથી. કંડલામાં સત્યાગ્રહની આગેવાની લેનાર જનતા દળના નેતા તુલસી બોડા કહે છે, “આ ઝુંબેશ કોણ ચલાવે છે તેનું મહત્ત્વ નથી. આપણા સૌનો વિરોધ સ્વદેશી ઉદ્યોગને પાયમાલ કરવા માગતી રાવસરકારની આંધળી નીતિ સામે હોવો જોઈએ.” એ જ રીતે ભાજપના હરેન પંડ્યા કહે છે, “કારગીલ સામે ગમે તે પક્ષ આંદોલન ઉપાડે, પણ છેવટે તેમાં દેશનું જ ભલું છે.”

આ સંપ માટે સરકારની જાડી ચામડી જવાબદાર છે તેમ કારગીલની જોહુકમીનો પણ તેમાં બહુ મોટો ફાળો છે. કચ્છમાં સોલાર સોલ્ટ પ્રોજેક્ટ સ્થાપવાનો જાણે કારગીલનો જન્મસિદ્ધ અધિકાર હોય તેમ આટઆટલા વિરોધ છતાં તેના માલિકો પોતાની જીદ છોડવા તૈયાર નથી. ઊલટું, તેમનો હઠાગ્રહ દિવસોદિવસ વધતો જાય છે. કચ્છના પ્રોજેક્ટને તેમણે પ્રતિષ્ઠાનો સવાલ બનાવ્યો છે એવું પણ નથી. સવાલ માત્ર પૈસાનો છે. મીઠાના ધંધામાં નફાના નહીં, પણ નફાખોરીના ધોરણે પૈસા મળી શકે છે અને જગતભરમાં આવા સોલાર સોલ્ટ પ્રોજેક્ટ સ્થાપીને વાર્ષિક ૧ કરોડ ટન મીઠું પકાવતા કારગીલના માલિકો તે વાત સારી રીતે જાણે છે. સામાન્ય લોકો જાણતા નથી, કેમ કે મીઠું તેમના માટે ટેકન ફોર ગ્રાન્ટેડ વસ્તુ છે. રસોઈમાં ચપટીભર વાપરવા જેવો માત્ર સામાન્ય પદાર્થ છે. પરંતુ કારગીલના ધમપછાડાનું કારણ સમજવું હોય તો મીઠાનો તોલ જુદી રીતે કરવો જોઈએ. રસોઈમાં એટલે કે ખાદ્યચીજોમાં ફક્ત પચાસ ટકા મીઠું વપરાય છે. ઉત્પાદનનો અડધોઅડધ જથ્થો તો ઉદ્યોગો માટે અનિવાર્ય છે અને ખુદ ભારતના ૬૨ ઉદ્યોગો મીઠા પર નભે છે. અમેરિકાની સોલ્ટ ઇન્સ્ટિટ્યુટના કહેવા પ્રમાણે મીઠાના બધું મળીને ૧૪,૦૦૦ ઉપયોગો છે, માટે જગતના પ્રથમ પાંચ મહત્ત્વપૂર્ણ કાચા માલમાં તેનો પણ સમાવેશ કરવો પડ્યો છે (બાકીના ચાર એટલે પેટ્રોલિયમ, ચૂનાનો પથ્થર, કોલસો અને સલ્ફર). પ્રાચીન રોમમાં સૈનિકોનો પગાર એટલે જ મહોરને બદલે મીઠામાં ચૂકવાતો હતો. પગાર માટેનો અંગ્રેજી શબ્દ સેલેરી પણ મૂળ લેટિન શબ્દ સેલેરિયમનું (સોલ્ટ-મનીનું) અપભ્રંશ છે. ૧૩મી સદીના યુરોપી પ્રવાસી માર્કો પોલોએ તિબેટમાં પણ કુબ્લાઈ ખાનના હસ્તાક્ષરવાળી મીઠાની પોટલીઓ જોઈ હતી, જે નગદ ચલણની અવેજીમાં વપરાતી હતી. આ સબરસનું ઐતિહાસિક મહત્ત્વ જોતાં ગાંધીજીએ ૧૯૩૦માં તેને સત્યાગ્રહનું શસ્ત્ર બનાવવાનું નક્કી કર્યું ત્યારે કદાચ મીઠાનું ઔદ્યોગિક મહત્ત્વ તેમણે ધ્યાનમાં લીધું ન હતું, કારણ કે મીઠા પર આધારિત ગંજાવર ઉદ્યોગો પણ તે જમાનામાં ન હતા. કુદરત દ્વારા વિનામૂલ્યે મળતી ભેટ પરનો બ્રિટિશ વેરો તેમને મન ગુલામીનો સૂચક હતો, એટલે બ્રિટિશ હકૂમતને ૧૧ મુદ્દાનો એક માગણીપત્ર આપતી વખતે તેમાં સોલ્ટ-ટેક્સની નાબૂદીનો મુદ્દો પણ તેમણે સામેલ કર્યો હતો.

કારગીલ બેશક ઇસ્ટ ઇન્ડિયા કંપની નથી, છતાં આઝાદીના સાડાચાર દાયકા પછી ભારતમાં કચ્છના દરવાજે તેની ઘૂસણખોરી એટલી જ ચિંતાજનક છે. આ વર્ષો દરમિયાન મીઠું એક 'સ્ટ્રેટેજિક રો મટિરિયલ' બન્યું છે. રસોડા માટે તે મીઠું છે, પણ કારખાનાં માટે તે સોડિયમ સલ્ફેટ છે. કાગળનો માવો, ડિટરજન્ટ પાવડર, ફોટોગ્રાફિક ફિલ્મ, જંતુનાશક દવાઓ, રેયોન, ખાતર, પી.વી.સી., સોનાનું શુદ્ધીકરણ, અગ્નિશામક યંત્રો, સાબુ, ઔદ્યોગિક તેજાબ અને હજારો બીજી વસ્તુઓ બનાવવા માટે તે અનિવાર્ય છે. પરિણામે અમેરિકાનું 'ફોર્ચ્યુન' મેગેઝિન વારંવાર લખે છે તેમ, જે તે દેશે કેટલી ઔદ્યોગિક પ્રગતિ કરી એ જાણવું હોય તો તેના મીઠાનું ઉત્પાદન તપાસવું જોઈએ, કારણ કે જુદાંજુદાં ક્ષેત્રોમાં ચાલતી ઔદ્યોગિક પ્રવૃત્તિનું એ જ સાચું બેરોમીટર છે. આ સ્થિતિમાં કારગીલ પણ કચ્છના સોલાર સોલ્ટ પ્રોજેક્ટને અત્યંત મહત્ત્વનો ગણે તેમાં આશ્ચર્ય નથી. યુરોપનું જંગી બજાર તેના માટે ખુલ્લું પડ્યું છે. દુનિયાના મહાસાગરોમાં ૪૦,૦૦૦ અબજ ટન મીઠું હોવા છતાં યુરોપી દેશો જરૂરી સૂર્યતાપના અભાવે પૂરતું ઉત્પાદન કરી શકતા નથી, જ્યારે કર્કવૃત્ત પર કચ્છનું સ્થાન બરાબર મોકાનું છે અને મોટા ક્ષેત્રફળમાં અગરો પાથરવા માટે ફાજલ જમીન પણ લગભગ અમર્યાદ છે.


આ ગણતરી સાથે કારગીલે થોડાં વર્ષ પહેલાં કંડલા પોર્ટ ટ્રસ્ટ પાસે ૧૦,૦૦૦ એકર જમીન માગી હતી એટલું જ નહીં, પણ કંડલા બંદર નજીક (બંદરથી માત્ર ૫૦૦ મીટર દૂર) એક જેટી બાંધવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એ પછી તરત બીજી ૫,૦૦૦ એકર જમીનની તેણે માગણી કરી. ૧૯૭૩થી કંડલા પોર્ટ ટ્રસ્ટે મીઠાના અગરો માટે સ્થાનિક ઉત્પાદકોને પણ જમીન ફાળવવાનું બંધ કર્યું હતું અને તે સમયનાં અરજીપત્રો તેની ફાઇલોમાં જેમનાં તેમ પડી રહ્યાં હતાં. આમાં કારગીલની દરખાસ્તોનો ઉમેરો થયો અને દિલ્હી સરકારે પણ હકારમાં દશેરિયું ધુણાવ્યું ત્યારે કંડલાની આસપાસ લગભગ સવા બે લાખ એકર જમીનનો કબજો ધરાવતા પોર્ટ ટ્રસ્ટ માટે ધરમસંકટ પેદા થયું. દરખાસ્ત અંગે ચર્ચા કરવા માટે ડિસેમ્બર ૯, ૧૯૯૨ના દિવસે ગાંધીધામ ખાતે ટ્રસ્ટીમંડળે મિટિંગ યોજી, જેમાં સાત ટ્રસ્ટીઓ હાજર ન રહ્યા. બાકીના સાતે કારગીલ પ્રોજેક્ટને નકારી કાઢતો અને તે માટે ૨૫ કારણો આપતો ઠરાવ હિંમતભેર પસાર કર્યો. આ પગલું ભરવામાં ખરેખર હિંમતનું પ્રદર્શન ન થયું હોય તોપણ જુદા નિર્ણય પર આવવું ટ્રસ્ટીઓ માટે અશક્ય હતું, કેમ કે છેલ્લાં તેર વર્ષ દરમિયાન કંડલા પોર્ટ ટ્રસ્ટે મીઠાના સ્થાનિક ઉત્પાદકોને પણ વધુ અગરો સ્થાપવાની મંજૂરી આપી ન હતી અને કેન્દ્ર સરકારની વૈજ્ઞાનિક સંસ્થાઓ પણ નવા અગરોની તરફેણમાં ન હતી. કોઈ અરજીપત્ર સ્વીકારવો જ હોય તો પહેલો નંબર આમેય સ્થાનિક ઉત્પાદકોનો લાગે, જેમણે વર્ષો પહેલાં અરજીઓ પેશ કરી હતી. ટ્રસ્ટીમંડળે તે અરજીઓ ફગાવતી વખતે જે કારણો રજૂ કર્યાં એ જ કારગીલને જણાવવાં પડ્યાં. આમ છતાં કારગીલનું પ્રકરણ ત્યાં અટકી ન ગયું. સ્થાનિક ઉત્પાદકોના દાવા પ્રમાણે કંડલા પોર્ટ ટ્રસ્ટે કારગીલના પ્રસ્તાવ અંગે ફેરવિચારણા કરવા માટે ૨૦મી ફેબ્રુઆરીના રોજ બીજી મિટિંગ વાડિનાર ખાતે યોજવાનું નક્કી કર્યું, જેનો મતલબ એ જ કરી શકાય કે કારગીલ પોતાનો લાડવો સહેલાઈથી જતો કરવા માગતી ન હતી. વિશ્વબેંકની તથા આંતરરાષ્ટ્રીય નાણાભંડોળની ભીંસમાં સપડાયેલી નરસિંહ રાવની સરકાર પણ ક્યાં તો તેને રોકવાની સ્થિતિમાં ન હતી અથવા તો દેશ પર ચડી આવતી મલ્ટી-નેશનલ ફોજમાં કારગીલ જેવી કંપનીઓ ભારતને લાંબે ગાળે કેટલું નુકસાન કરી શકે તે વડા પ્રધાન જાણતા ન હતા.

કારગીલ પહેલાં તો કંડલા બંદરને કેટલું નુકસાન કરી શકે છે તે જુઓ: ઉત્તર ભારત માટે કંડલા પશ્ચિમ કાંઠાનું એકમાત્ર બંદર છે, એટલે તેનો નિરંતર વિકાસ થવો જરૂરી છે. વિકાસને બદલે હમણાં તો અધોગતિ કેમ રોકી શકાય તે જોવું પડે છે. બંદર પાસે ખાડીમાં કાંપનો ભરાવો સતત ચાલુ છે. પાણીની ઊંડાઈ ઘટે છે અને સમુદ્રનું તળિયું ઊંચું આવે છે, એટલે ડ્રેજર વડે નવા કાંપને સતત ઉલેચવાનો થાય છે. ચાર વર્ષ પહેલાં ખાડીમાં ડ્રેજિંગનો વાર્ષિક ખર્ચ

રૂા. ૭ કરોડ હતો. આજે રૂા. ૧૩ કરોડ ખર્ચાય છે. મતલબ કે પાણીમાં ઠલવાતા કાંપનું પ્રમાણ વધ્યું છે. અમદાવાદના સ્પેસ એપ્લિકેશન સેન્ટરે ૧૯૭૫માં અને ૧૯૮૨માં રિમોટ સેન્સિંગ ઉપગ્રહો દ્વારા ખેંચાયેલા ફોટા તપાસીને જણાવ્યું તેમ કંડલાની આજુબાજુ તવરિયાંના (મેનગ્રોવના) છોડ આડેધડ કપાય છે, એટલે તેમનાં સંખ્યાબંધ મૂળિયાંમાં પકડાયેલી રહી શકે એવી રેતી હવે કાંપરૂપે ખાડીમાં પહોંચે છે. સ્પેસ એપ્લિકેશન સેન્ટરે વધુ તવરિયાં બાંધવાની ભલામણ કરી છે, જ્યારે કારગીલનો સોલાર સોલ્ટ પ્રોજેક્ટ તેના કરતાં તદ્દન અવળી નેમ સિદ્ધ કરવા માગે છે. અંદાજે ૧૬,૦૦૦ એકરમાં મીઠાના સ્થાનિક ઉત્પાદકોએ તવરિયાંનો ખુરદો વાળ્યા પછી કારગીલને એટલા જ બીજા પ્રદેશમાં મેદાન સાફ કરવું છે. તવરિયાં કાપીને ત્યાં અગરો બનાવવા છે. થોડાં વર્ષ પહેલાં નેધરલેન્ડના ડ્રેજિંગ નિષ્ણાતો કંડલા બંદરનો એક્સ-રે કાઢવા માટે કચ્છ આવ્યા ત્યારે તવરિયાંના નાશ પર તેમણે પણ ખેદ વ્યક્ત કર્યો હતો. દિવસરાત બંદરનું ડ્રેજિંગ કરવાને બદલે વધુ છોડ રોપીને કાંપનો ભરાવો રોકવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો. આ જાતનો વનમહોત્સવ કદી યોજાયો નથી, તો અગરોનું ક્ષેત્રફળ બમણું થયા પછી બંદરને જીવતું રાખવા માટે સત્તાવાળાઓ બીજું શું કરી શકવાના? કચ્છની ભૂગોળ આમેય કંડલા બંદર માટે સાવ નઠારી છે. આ પ્રદેશ કહેવાય છે રેગિસ્તાન, પરંતુ થરની જેમ કે સહરાની જેમ તે 'ડેઝર્ટ' નથી. અંગ્રેજીમાં પણ તેને 'રણ' કહેવું પડે છે, કારણ કે રેતીને બદલે ખારાપાટનું બનેલું છે. એક સમયે તે સમુદ્રનું તળિયું હતું. દૂરના ભૂતકાળમાં થયેલા ધરતીકંપે તેને બહાર ઊંચક્યું અને નવી રચાયેલી ભૂમિ પર માત્ર તવરિયાં જેવાં ખડતલ છોડ અને ઝાંખરાં ઊગ્યાં. આ વનસ્પતિ સપાટ જમીનનું ધોવાણ રોકવામાં મદદરૂપ બની. વનસ્પતિ જોકે પાંખી છે, એટલે ધોવાણને સદંતર નિવારી શકાતું નથી. આ માટે તવરિયાંનું અને ક્ષારવાળી જમીનમાં ફાલી શકતા ઘાસનું વ્યવસ્થિત પ્લાન્ટેશન કરવાની જરૂર છે. ખડકવાસલાની (પૂનાની) સેન્ટ્રલ વૉટર એન્ડ પાવર રિસર્ચ સંસ્થાના મતે આવું પ્લાન્ટેશન વહેલી તકે હાથ ધરવું જોઈએ. પરંતુ કારગીલનો પ્રોજેક્ટ અમલી બને તો છોડ-ઘાસ ક્યાં વાવવાં તે મોટો સવાલ છે. આ સંસ્થા એટલે સુધી કહે છે કે સોલાર સોલ્ટનું નવું સંકુલ સ્થપાયા પછી કંડલા બંદરને તો હંમેશ માટે ભૂલી જજો.

ભૂલી જવો પડે એવો બીજો પ્રોજેક્ટ કચ્છના અખાતમાં બંધાનાર ૯૦૦ મેગાવોટના ટાઇડલ પાવર સ્ટેશનનો છે. વૈકલ્પિક ઊર્જા માટે ભરતીનાં મોજાંને જ્યાં નફાકારક રીતે પલોટી શકાય એવાં સ્થળો જગતમાં ડઝન કરતાં વધારે નથી. કોઈ પણ સ્થળે ભરતીનાં મોજાં કેટલાં ઊંચે ચડે તેનો આધાર ત્યાંની ભૌગોલિક રચના પર રહે છે. અખાતની ખાડીની રચના, તેના મુખની અને મૂળની પહોળાઈ, તળિયાનું ભૂપૃષ્ઠ, પવનનું જોર અને દિશા, કાંઠાના વળાંકો વગેરે અનેક પાસાં એકદમ માફકસરનાં હોય ત્યાં જ પ્રચંડ ભરતીનો જુવાળ રોજેરોજ કાંઠા તરફ ધસે છે. આ જાતની ખાડીમાં કે અખાતમાં સાગરસપાટી ભરતીનાં સમયે બેહદ શમે છે અને કલાકો પછી ઓટ વખતે બેહદ નીચી જાય છે, એટલે કે સમુદ્રનું અબજો ઘન મીટર પાણી ફાસ્ટ-ફોરવર્ડ અને ફાસ્ટ-બેકવર્ડ વહેતું જોવા મળે છે. પરંતુ જગતના ઘણાખરા તટવર્તી દેશો એવા છે કે જ્યાં માફકસરનાં ભૌગોલિક પરિબળોનો સમન્વય થયો નથી, એટલે તેઓ વીજળી માટે ભરતીનાં મોજાંનું દોહન કરી શકતા નથી.

આ બાબતમાં ભારત નસીબદાર છે. ભરતીની ઊર્જા ભારતમાં ત્રણ સ્થળોએ અનામત પડી છે.




ખંભાતના અખાતમાં ચડતો ભરતીનો જુવાળ ૮,૦૦૦ મેગાવોટ વીજળી આપવાની ક્ષમતા ધરાવે છે. સુંદરવનની ખાડીમાં ૧૦૦ મેગાવોટનાં ઘણાં ટાઇડલ પાવર સ્ટેશનો બાંધી શકાય તેમ છે. આમ છતાં બાંધકામ માટે આદર્શ ભૌગોલિક રચના તો માત્ર કચ્છનો અખાત ધરાવે છે, કેમ કે તેનું મુખ છોડીને મૂળ તરફ જેમ આગળ વધો તેમ દરિયાનો પટ વધુ ને વધુ સાંકડો થતો જાય છે અને જળસપાટીનું લેવલ પણ સતત ચડતું રહે છે. અહીં વિદ્યુતમથક સ્થાપવાનું પહેલું સૂચન છેક ૧૯૮૦-૮૧માં ગુજરાત સરકારના વર્તમાન મંત્રી નવીનભાઈ શાસ્ત્રીએ તે સમયના મુખ્ય પ્રધાન માધવસિંહ સોલંકીને કર્યું હતું. એ પછી કેન્દ્ર સરકારના ૧૩ સર્વેક્ષકોએ અખાતની ભૌગોલિક રચના તપાસી અને સૌરાષ્ટ્ર-કચ્છ વચ્ચે ૪૫ કિલોમીટરનો સાંકડામાં સાંકડો પટ તેમણે સેતુબંધ ચણવા માટે પસંદ કર્યો. બંધની મધ્યમાં સવાત્રણ કિલોમીટર લાંબા હિસ્સામાં ટર્બાઇન ગોઠવવાનું નક્કી થયું. ટાઇડલ પાવર સ્ટેશનમાં ટર્બાઇન જો ડબલ ઇફેક્ટ હોય તો ભરતીના તથા ઓટના સમયે પણ મોજાંનું દોહન કરી આપે, પરંતુ સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઇજનેરોએ માત્ર ઓટનાં પાછાં ઠેલાતાં મોજાં વડે ફરતાં સિંગલ ઇફેક્ટ ટર્બાઇન બેસાડવાનો નિર્ણય લીધો. આ ટર્બાઇન ૧,૦૦૦ મેગાવોટ નહીં, પણ ૯૦૦ મોગાવોટ વીજળી આપી શકે તેમ હતાં. બીજી તરફ જોકે ઇજનેરી કડાકૂટ ઘટી જતી હતી અને યોજનાનું કુલ બજેટ પણ ઘટી જતું હતું. આ સેતુબંધનો બીજો લાભ એ થાય કે સૌરાષ્ટ્ર અને કચ્છ વચ્ચેનું અંતર પણ ૧૫૦ કિલોમીટર જેટલું ઘટી જવા પામે. બંધની છતને રસ્તો ગણીને મોટરવાહનો અવરજવર કરી શકે, એટલે દર વર્ષે બળતણની જે બચત થાય તે પણ રૂા. ૨,૫૦૦ કરોડના બજેટને વસૂલ કરી આપવામાં મદદરૂપ બને.

આ યોજનાની બ્લુપ્રિન્ટ તૈયાર કરવા માટે કેન્દ્ર સરકારે રૂા. ૧૦ કરોડ ખર્ચી નાખ્યા પછી હવે માત્ર બાંધકામ શરૂ કરવાનો સવાલ છે, કારણ કે યોજનાને ઊર્જા ખાતાની મંજૂરી પણ મળી ચૂકી છે. પરંતુ કચ્છમાં હવે કારગીલ જો પોતાનો અડ્ડો સ્થાપે તો અખાતના ટાઇડલ પાવર સ્ટેશન માટે કોઈ ભવિષ્ય રહેતું નથી. હાઇડ્રોલિક ઇજનેરોના કહેવા પ્રમાણે દરેક ભરતી વખતે સરેરાશ ૩૨ કરોડ ઘન મીટર પાણીનાં ઘોડાપુર અખાતના મૂળ તરફ ધસી જાય છે. આ પાણી ઓટાય ત્યારે ટર્બાઇન ફેરવવા માટે તેમનો ઉપયોગ થવાનો છે, છતાં પંદર હજાર એકરમાં કારગીલના અગરો સ્થપાયા બાદ પરિસ્થિતિ એ હોય કે તેમાંનું ૧૦ કરોડ ઘન મીટર પાણી અગરો જ મીઠું પકાવવા માટે ખેંચી લે. ટર્બાઇનને એટલા પાણીનો લાભ ન મળે, માટે ટાઇડલ પાવર સ્ટેશનના પ્રોજેક્ટ અનુસાર ૯૦૦ મેગાવોટ વીજળી પણ ઉત્પન્ન થાય નહીં. કારગીલના અગરો જે પાણી હજમ કરી નાખે તે કુલ જુવાળના લગભગ ત્રીજા ભાગ જેટલું છે, એટલે વીજ-ઉત્પાદનમાં પણ મોટો કાપ આવે તે સ્વભાવિક છે. રૂા. ૨,૫૦૦ કરોડના

ખર્ચે બંધાયેલું ટાઇડલ પાવર સ્ટેશન ૬૦૦ મેગાવોટ વીજળી પેદા કરે અને કારગીલનું ગ્રહણ લાગ્યા પછી એ જ મથક ૪૦૦ મેગાવોટ વીજળી આપે તો વીજળીનો યુનિટદર ખાસ્સો વધી જાય એ પણ સમજી શકાય એવી વાત છે.

કંડલા પોર્ટ ટ્રસ્ટે ડિસેમ્બર ૯, ૧૯૯૨ના દિવસે કારગીલનો અરજીપત્ર નામંજૂર કરતી વખતે ઉપર્યુક્ત મુદ્દા ઉપરાંત બીજાં અનેક કારણો ટાંક્યાં હતાં. દાખલા તરીકે-

(૧) પોર્ટ ટ્રસ્ટની મુખ્ય જવાબદારી ભારતનો દરિયાઈ નિકાસવેપાર ખિલવવાની છે. મીઠું કે બીજી ચીજોના ઉત્પાદન માટે સગવડો પૂરી પાડવાનું (કારગીલના કેસમાં જમીન આપવાનું ) કામ તેનું નથી.

(૨) કચ્છનું રણ સરહદી પ્રદેશમાં આવ્યું છે, એટલે વિદેશી કંપનીના માણસો અહીં સ્થાયી વસવાટ કરે તે દેશના સંરક્ષણની દૃષ્ટિએ જોખમકારક છે. (વિદેશી ચેલાઓ પાળનાર રજનીશને પણ ભારત સરકારે કચ્છમાં આશ્રમ સ્થાપવા દીધો ન હતો.)

(૩) કચ્છમાં સોલાર સેલ્ફ પ્રોજેક્ટ નાખવા માટે પરદેશી કંપનીને પરવાનો આપવો જ હોય તો કેન્દ્ર સરકારે આવા પ્રોજેક્ટમાં રસ ધરાવતા બહુરાષ્ટ્રીય ઉત્પાદકો પાસે ટેન્ડરો મગાવવાં જોઈએ. કંડલા પોર્ટ ટ્રસ્ટ એકમાત્ર કારગીલની દરખાસ્ત પર વિચારણા કરી શકે નહીં.

(૪) ભારતમાં અત્યારે પણ જરૂર કરતાં વધારે મીઠું પાકે છે, એટલે કારગીલ વધુ જથ્થો પેદા કરી આપે તો ભારતે તેમાં કશું મેળવવાનું નથી. વળી કારગીલ જે પદ્ધતિ વડે મીઠું બનાવવા માગે છે તે પણ સ્થાનિક ઉત્પાદકોની પદ્ધતિ કરતાં જુદી નથી, માટે ભારતના મીઠાઉદ્યોગના આધુનિકીકરણનો સવાલ તો જેમનો તેમ રહેવાનો છે.

(૫) આ કંપનીએ માગેલી જગ્યા કંડલા બંદરના ભાવિ વિકાસ માટે પોર્ટ ટ્રસ્ટને મળી છે. ઈ.સ. ૨૦૦૫ સુધીની વિકાસયોજના માટે બ્લુપ્રિન્ટ પણ તૈયાર છે. વળી પોર્ટ ટ્રસ્ટને વર્ષો પહેલાં લેખિત જણાવવામાં આવ્યું છે કે તેણે જમીનનો એક પણ ટુકડો ત્રાહિત પાર્ટીને મીઠાના કે બીજી ચીજવસ્તુના ઉત્પાદન માટે ભાડાપટ્ટે ન આપવો.


(૬) આર્થિક સમાનતાના હેતુને ધ્યાનમાં રાખી કચ્છના અગરો સંખ્યાબંધ નાના ઉત્પાદકો વચ્ચે લગભગ સરખે ભાગે વેચી દેવાયા છે, એટલે કે પોર્ટ ટ્રસ્ટે જમીનની ફાળવણી સામાજિક તેમ જ આર્થિક સંતુલન જળવાય એ રીતે કરી છે. આ જાતનું પ્લાનિંગ થયું હોય ત્યાં એક જ પરદેશી ઉત્પાદકને ૧૫,૦૦૦ એકરનો પ્લોટ આપી દેવો તે હજારો સ્વદેશી ઉત્પાદકોને અન્યાય કરવા બરાબર છે.

સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે કારગીલનું મીઠું ભારતના અર્થતંત્રમાં કેટલું અને કેવા પ્રકારનું યોગદાન આપી શકશે? આ કંપનીને ભારતમાં સહેજ પણ રસ નથી, કેમ કે આપણો દેશ જરૂર કરતાં વધુ મીઠું પકાવે છે. કારગીલનો લક્ષ્યાંક ફરી યુરોપ અમેરિકાનું બજાર છે, જેમાં મીઠાની ખેંચ સતત જણાતી રહે છે. આ સમૃદ્ધ દેશોમાં મીઠાનો વપરાશ આપણા કરતાં જુદી રીતે થાય છે. ખાદ્યપદાર્થો માટે તેમ જ ઉદ્યોગો માટે વપરાશની ટકાવારી જુદી બેસે છે. ભારતના લોકો કુલ ઉત્પાદન પૈકી અડધોઅડધ મીઠું ખાવામાં વાપરે છે, જ્યારે સમૃદ્ધ દેશોમાં દર ૧૦૦ કિલોગ્રામે ફક્ત ૫ કિલોગ્રામ મીઠું ખોરાકમાં વપરાય છે. બાકીનો જથ્થો ઉદ્યોગોમાં ખપી જાય છે. આ ઉદ્યોગોનું જ નિશાન કારગીલે તાક્યું છે. કચ્છની ધરતી પર કચ્છના અખાતી પાણી વડે રોજનું ૧૦,૦૦૦ ટન મીઠું તૈયાર કરીને બધો પુરવઠો તે પરદેશ ધકેલી દેવા માગે છે. બદલામાં ભારતને જમીનના ભાડા સિવાય કશું મળી શકે તેમ નથી. કારગીલનો નિકાસવેપાર કંડલા બંદરને વિશેષ ધમધમતું કરી નાખે એ વાતમાં પણ માલ નથી. પહેલું તો એ કે મીઠું પરદેશ ચડાવવા માટે કારગીલ પાસે ૧૦૦ જહાજો છે, એટલે શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા જેવી ભારતીય જહાજી કંપનીઓનો છેદ ત્યાં ઊડી જાય છે. બીજી વાત એ કે કારગીલે પોતાની એક પ્રાઇવેટ જેટી બાંધવાની યોજના-ઘડી છે. યોજના પ્રમાણે એ જેટી સેમી ઓટોમેટિક છે. હાઈ સ્પીડ યંત્રસામગ્રી વડે રોજનું ૧૦,૦૦૦ ટન મીઠું જહાજોમાં લાદી શકે એ પ્રકારની છે, એટલે તે પ્રવૃત્તિમાં સ્થાનિક મજૂરોને રોજીરોટી મળવાની શક્યતા પણ નહીંવત્ રહે છે. આ કામ અત્યારે કંડલા બંદરમાં તો ફક્ત મજૂરો પાસે કરાવવામાં આવે છે. રોજનું માંડ ૧,૦૦૦ ટન મીઠું તેઓ જહાજોમાં ખડકી શકે છે. નિકાસવેપારમાં આવતી કાલે જો ભારતીય ઉત્પાદકો અને કારગીલ વચ્ચે સ્પર્ધા શરૂ થાય તો વાર્ષિક ૩૦,૦૦૦ ટન મીઠું નિકાસ કરતી તાતા કેમિકલ્સ કંપની પણ કારગીલ સામે કેટલી હદે અને કેટલો સમય ટકી શકે એ બાબતનો વિચાર કેન્દ્ર સરકારે કર્યો નથી. કંડલા પોર્ટ કર્મચારી સંઘના પ્રમુખ મોહન અશ્વની કહે છે કે ''એક વાર કારગીલને જેટી બાંધવાની પરવાનગી મળી એટલે સમજો કે કંડલા બંદરનાં ૧૦૦ વર્ષ પૂરાં થયાં. આ કંપની શરૂઆતમાં ફક્ત મીઠાની નિકાસ માટે જેટી વાપરશે, પરંતુ વખત જતાં કંડલાનો બીજો માલસામાન પણ આંચકી જશે.'' ગાંધીધામ વેપારી મહામંડળના પ્રમુખ ચમનલાલ મહેતા કહે છે કે ''મીઠાનું ઉત્પાદન તો કારગીલ માટે ભારતમાં ઘૂસવાનું પ્રથમ બહાનું છે. થોડા વખત પછી તે આપણાં બીજાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ પગપેસારો કરશે. અને કેન્દ્ર સરકાર એ વખતે તેને રોકી શકશે નહીં.''

ખરી વાત છે. કારગીલને ફક્ત મીઠું પકવવા સાથે જ નિસ્બત હોત તો આક્ષેપોના કાદવ વડે આટલી હદે ખરડાયા પછી તે સોલાર સોલ્ટ પ્રોજેક્ટને કદાચ માંડી વાળત, પરંતુ ભારતમાં તેનો લક્ષ્યાંક મીઠા કરતાં વધારે ઊંચો છે. આ કૃષિપ્રધાન દેશનું શોષણ કરવા માટે તેણે લાંબા ગાળાનો પેંતરો રચ્યો છે. વડા પ્રધાન નરસિંહ રાવને તે પેંતરા અંગે કશી ખબર નથી, પરંતુ દેશનો ખેડૂતવર્ગ બધું સમજે છે. આથી ડિસેમ્બર ૨૯, ૧૯૯૨ના રોજ કર્ણાટકના ખેડૂતોએ કારગીલના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યો,

સરપસો કાઢ્યાં અને પથ્થરબાજી કરીને હુલ્લડ પણ મચાવ્યું. અસલમાં તો ખેડૂતો ડંકેલ ડ્રાફ્ટ ટ્રીટી નામના કોરડા સામે રોષ પ્રદર્શિત કરી રહ્યા હતા. ટૂંકમાં ડીડીટી કહેવાતી ડંકેલ ડ્રાફ્ટ ટ્રીટીનો મુખ્ય સૂર એ છે કે સમૃદ્ધ દેશો સારી ગુણવત્તાનું જે બિયારણ શોધી કાઢે તે ભારત જેવા વિકાસશીલ દેશોએ જો વાપરવું હોય તો બિયારણની શોધ કરનાર બહુરાષ્ટ્રીય કંપનીને તેમણે રોયલ્ટીનો ચેક ફાડી આપવો. ચાલુ વર્ષે ફાડ્યો હોય તો બીજા વર્ષે ફરી વખત ફાડી આપવો, કેમ કે ડંકેલ ડ્રાફ્ટ ટ્રીટી અનુસાર હવે પછી આવું બિયારણ પેટન્ટના અધિકારો વડે સુરક્ષિત છે.

ડીડીટી પર ભારતે હજી સહીસિક્કા કર્યા નથી, છતાં નરસિંહ રાવની સરકારના કેટલાક અલેલટપ્પુ સભ્યો એમ કહેતા સંભળાય છે કે એને માન્યતા આપવામાં ભારતનું કશું બગડી જવાનું નથી. આ જાતની દલીલ કારગીલના હમા ખાનારા એજન્ટો જ કરી શકે અને એમણે પોતાની જાતને એમ પૂછવું રહ્યું કે ૧૯૬૦ના દાયકામાં કૃષિવિજ્ઞાની ડો. નોર્મન બોર્લોગે સંકર બિયારણોની જે શોધ કરી તેના પેટન્ટ અધિકારો તેણે નોંધાવ્યા હોત તો ભારતના ૮૦ કરોડ લોકો આજે કેવા પ્રકારનું ઘાસ ખાતા હોત? આજે કારગીલ પાસે ડો. બોર્લોગ જેવા અનેક કૃષિનિષ્ણાતો છે, જેઓ બાયો-ટેક્નોલોજી વડે નવાં જાતવાન બિયારણો શોધી રહ્યા છે. આ બીજને પેટન્ટના દાયરામાં જકડી રાખવા માગતી કારગીલ જ્યારે દુનિયાના ૨૫ ટકા અનાજબજાર પર અંકુશ રાખીને બેઠી હોય ત્યારે એટલું તો નક્કી કે ભારતીય ખેડૂતોના હળ તેની પરવાનગી વગર ચાલી શકે નહીં. કૃષિવિજ્ઞાનનો નિયમ છે કે દર વર્ષે નહીં તો સરેરાશ ચાર વર્ષે ખેડૂતોએ જૂનું બિયારણ ત્યજીને જરા ચડિયાતી ક્વોલિટીનાં નવાં બીજ ખેતરોમાં નાખવાં જોઈએ. આ બીજ માત્ર કારગીલ (અથવા તો બીજી મલ્ટી-નેશનલ જાયન્ટસ) આપી શકે, માટે ડીડીટીના દસ્તાવેજ પર ભારતે મત્તું લગાવવું તે કાયમી ગુલામગીરી સ્વીકારી લેવા બરાબર છે. આમ છતાં કારગીલના માલિકો જાણે છે કે દિલ્હીની પાંગળી સરકારે આજે કે કાલે નાકલીટી તાણ્યા વગર છૂટકો નથી. નરસિંહ રાવ ડંકેલ ડ્રાફ્ટ ટ્રીટીનો શબ્દેશબ્દ માન્ય ન રાખે અને માત્ર આંશિક સ્વીકાર કરે તોપણ તેનો આર્થિક લાભ કારગીલને મળવાનો છે, કેમ કે અનાજના તથા બિયારણના ધંધામાં તેનો નંબર પહેલો છે. ભવિષ્યમાં જો એમ જ બનવાનું હોય તો ભારતમાં કારગીલની હાજરી પણ જરૂરી છે.



કારગીલને કચ્છના સાગરકાંઠે મીઠું પકવવા દેવામાં આવશે તો ચાર હજાર સ્થાનિક શ્રમિક કુટુંબો તેના આક્રમણ સામે ટકી નહીં શકે

હાજરી પુરાવવા માટે કારગીલે મીઠું પસંદ કર્યું છે. મીઠું નિર્દોષ વસ્તુ છે. સામાન્ય લોકોની નજરે મામૂલી પદાર્થ છે. ઢેડે પિટાતી ચીજ છે. આથી કારગીલના માલિકોએ કદાચ એમ માન્યું હોય કે મીઠાના 'ગૃહઉદ્યોગ'માં તેનો પુબાકો ઝાઝાં વમળો ન સર્જે, પરંતુ તેમણે ન ધારેલાં કારણોસર વિવાદ સર્જાયો છે. મીઠાના પ્રોજેક્ટમાં ટાઇડલ પાવર સ્ટેશન, કંડલા બંદરનો કાંપ, તવરિયાંના છોડ વગેરે ન કલ્પેલી ફાચરો પેસી છે. બાકી હોય તેમ કારગીલને પ્રોજેક્ટ અંગે ફેરવિચારણા કરવાની ફરજ પાડતું અદાલતી દાવાનું ખપાટિયું પણ કચ્છના સ્થાનિક ઉત્પાદકોએ ખોસી દીધું છે.

જોકે દેશનું ભલું તો એ વાતમાં છે કે નરસિંહ રાવ પોતે તેમની ઉદાર આર્થિક નીતિ અંગે ફેરવિચારણા કરે અને કેવા પ્રકારનાં બહુરાષ્ટ્રીય બુલડોઝરોને ભારતમાં પ્રવેશ ન આપી શકાય તેની એક યાદી સમજપૂર્વક બનાવે. ભાજપની પણ એ જ માગણી છે. રાવની આર્થિક નીતિ સામે તેને વાંધો નથી, પણ એ નીતિ સાવ આંધળી રીતે અમલમાં મુકાય એ તેને કઠે છે. દાખલા તરીકે ૧૯૫૦ના દાયકામાં સદોબા પાટીલે કોકા કોલાના જમડાને ભારતનું ઘર દેખાડ્યા પછી ૨૦ વર્ષે તેને આપણે માંડ તગેડી શક્યા, તો હવે ૧૬ વર્ષ બાદ તેને ફરી કંકોતરી મોકલવાની શી જરૂર છે? આપણે ત્યાં ફાસ્ટ ફૂડ વેચનારાનો પણ ક્યાં તોટો છે કે અમેરિકન ફાસ્ટ ફૂડ કંપની મેક્ડોનાલ્ડને નોતરું આપવું પડે? આ પ્રકારની બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતને કેટલું નુકસાન કરી શકે (અથવા તો તેમને દૂર રખાય તો કેટલો લાભ મળી શકે) તેનું દૃષ્ટાંત આઇ.બી.એમ. છે. વર્ષો પહેલાં ભારતના ખોબા જેવડા કોમ્પ્યુરબજારમાં આઇ.બી.એમ.ની મોનોપોલી હતી અને તેણે બનાવેલાં મેઇનફ્રેમ કોમ્પ્યુટરો જ આપણે ત્યાં વેચાતાં હતાં. આ કંપનીને તેનો કારોબાર સમેટવાનું કહી દેવાયું ત્યારે તેના વહીવટકર્તાઓ જતી વખતે જોષ ભાખતાં ગયા કે ભારત પાછું છાણયુગમાં ધકેલાઈ જશે. એક દાયકા સુધી ખરેખર એ જ પરિસ્થિતિ રહી, પણ આજે વિકાસનો સૌથી વધારે દર ઇલેક્ટ્રોનિક્સના ક્ષેત્રે જોવા મળે છે. હાર્ડવેરમાં ભારતનો સિક્કો જામવાનો બાકી છે, પણ કોમ્પ્યુટર સોફ્ટવેરમાં નિકાસનો આંકડો હંમેશાં તેના લક્ષ્યાંકને વટાવતો રહે છે. આઇ.બી.એમ.નું વર્ચસ્વ ચાલુ હોત તો તેના વડલા નીચે સ્વદેશી કોમ્પ્યુટર ઉદ્યોગનું એકાદ તણખલું પણ ઊગી શકત નહીં.

આ દૃષ્ટિએ કારગીલ પણ લાલ વાવટાને જ લાયક છે. ખાસ કરીને એવે વખતે કે જ્યારે તાતા કેમિકલ્સ અને સપ્લિમેન્ટરી ફૂડ્સ જેવા સ્વદેશી ઉત્પાદકોએ પહેલી વાર યુરોપ-અમેરિકાના તગડા માર્કેટ પર નજર માંડી છે. મીઠાપુરમાં આવેલું તાતાનું કારખાનું સૂર્યના તાપ વડે મીઠું બનાવતું નથી અને મીઠું તેની મુખ્ય પેદાશ પણ નથી. વેક્યુમ ક્રિસ્ટલાઇઝેશનની પદ્ધતિ વડે તે સમુદ્રના ખારા પાણીનું ડિસેલિનેશન કરે છે, કુદરતી ક્ષારોને નાબૂદ કરી મીઠું પાણી મેળવે છે અને માત્ર આડપેદાશ તરીકે નમક મળે છે. રિફાઇન્ડ આયોડાઇઝ્ડ મીઠાનો અત્યારે બહુ થોડો જથ્થો નિકાસ કરવામાં આવે છે, પરંતુ સપ્લિમેન્ટરી ફૂડ્સના માલિકોએ નિકાસવેપારમાં મોટે પાયે ઝંપલાવવાનું નક્કી કર્યું છે. માલની આંતરરાષ્ટ્રીય ક્વોલિટી . સૂચવતું આઇએસઓ-૯૦૦૦ નામનું સર્ટિફિકેટ પણ તે મેળવવા માગે છે, જેથી દરેક યુરોપ-અમેરિકી દેશમાં તેનું મીઠું સ્વીકાર્ય બને. આ દિશામાં તે કેટલી પ્રગતિ કરી શકે અને ભારતને મીઠાની નિકાસ દ્વારા કેટલું હૂંડિયામણ મળી શકે તેનો આધાર જોકે કારગીલના અવળચંડા સાહસ પર રહે છે, જેના અંગે ફાઇનલ ચુકાદો ગાંધીધામની અદાલતે આપવાનો છે. આ લખાય છે ત્યારે કેસની સુનાવણીનો હજી તો આરંભ થયો છે. ચુકાદો ગમે તે આવે, પણ કારગીલે એટલું સાબિત કરી આપ્યું છે કે સરકાર જ્યારે મીઠા વગરની હોય ત્યારે બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં ઘૂસવા માટે છેક અદાલતો સુધી લડત આપી શકે છે. આપણા જ દેશમાં આપણા જ કાયદાને પડકારી શકે છે.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વર્ષો પહેલાં કલકત્તામાં જે શિંગડાં ભરાવ્યાં અને કારગીલ ઇન્કોર્પોરેટેડ કચ્છમાં જે ફૂંફાડા નાખી રહી છે તેની વચ્ચે કશુંક સામ્ય દેખાતું હોય તો સમજવું કે તેમાં ઇતિહાસના પુનરાવર્તન સિવાય બીજી વાત નથી. ■

# કારગિલ કંપનીનો પગપેસારો દેશનાં હિતોની સરકાર દ્વારા થઇ રહેલી અવહેલના નીચે લીટી દોરે છે

VINIYOG

૨૯

વિવાદ

લીલાધર માણેક ગડા

કારગિલ કંપનીના પગપેસારા અંગે સમકાલીન સિવાય કોઇ પણ ગુજરાતી - અંગ્રેજી અખબારે પ્રત્યાઘાતો વ્યક્ત કર્યા નથી. હા, મરાઠી અખબારોમાં એ અંગે લેખ આવ્યા છે. કચ્છમાં કારગિલ કંપનીના મીઠાના ઉદ્યોગમાં ઝંપલાવવાનો હેતુ માત્ર વ્યાવસાયિક નથી અને ત્યારે અખબારોનું મૌન અકળાવે છે. જાહેર હિતોના પ્રહરી તરીકે આપે લખેલા તંત્રીલેખ માટે આપ માત્ર અભિનંદનના અધિકારી નથી પરંતુ ધન્યવાદને અને આભારને પાત્ર છો. કારગિલ કંપનીને કચ્છમાં સ્થિર કરવા ભારત સરકારે દેશનાં કેટલાં હિતોની અવગણના કરી છે એનાં લેખાંજોખાં કોણ કરશે? IMF કે વિશ્વ બૅન્ક પાસેથી લોન મેળવી કોઇ પણ રાષ્ટ્ર આર્થિક રીતે પગભર થયું હોય એવો એક પણ દાખલો નથી. સમગ્ર દેશનાં હિતોની અવહેલના કેટલી કક્ષા સુધી થાય છે એના કોઇ માપદંડ નથી અને કારગિલ કંપનીનો પગપેસારો એનું ઉત્તમોત્તમ ઉદાહરણ છે.

શ્રી કૃષ્ણ ટ્રેડિંગ કું (કારગિલ કંપની સાથે ૫૧%-૪૯%ની ભાગીદારીમાં)એ કચ્છના અખાતમાં સાતસઇદા બેટ પર ૧૫ હજાર એકર જમીનની માગણી મીઠું પકડવા માટે કરી હતી અને સાથોસાથ પ્રાઈવેટ જેટી (માલ ચડઉતાર માટે ધક્કો) બાંધવાની પણ અરજી કરી હતી. આ અરજી કંડલા પોર્ટ ટ્રસ્ટને કરવામાં આવી હતી, કારણ કે એ વિસ્તાર કંડલા પોર્ટ ટ્રસ્ટના પરિસરમાં આવતો હતો. કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટ બૉર્ડ સદર અરજીઓ નામંજૂર કરી હતી અને નામંજૂરી માટે ૨૫ કારણો આપ્યાં હતાં જેમાંનાં પાંચ મુખ્ય કારણોની વિગતો નીચે પ્રમાણે છે:

૧) ૧૯૬૮નાં મુખ્ય બંદરો માટેના કાયદા અનુસાર Major Port Areaમાં પ્રાઈવેટ જેટી બાંધવાની અરજી આપી શકાય નહીં.

૨) કંડલા પોર્ટમાં માટીનો ભરાવો (sliting) અટકાવવા માટે મીઠાના અગર માટે વધારે જમીન ફાળવી શકાય નહીં.

૩) ૧૯૭૩ પછી સ્થાનિક ઉદ્યોગપતિઓ, કંપનીઓ તેમ જ મીઠું પકવનાર અન્ય કંપનીઓની આશરે ૩૦ જેટલી અરજીઓ વિના મંજૂરીની પડી છે. નામંજૂરી માટેનું કારણ મીઠાના અગરને કારણે માટીનો ભરાવો દર્શાવવામાં આવ્યું છે. ૧૯૭૨ દરમિયાન માટીના ભરાવાનો પ્રશ્ન વિકટ થયો હતો અને મોટી સ્ટીમરો કંડલા પોર્ટના ધક્કા પર લાંગરી શકાતી નહીં. પોર્ટના ધક્કાઓ પાસેથી માટીનો ભરાવો ડ્રેનેજ કરવા પ્રતિવર્ષ રૂ. સાડાનેર કરોડ ખર્ચાય છે. ખડકવાસલાની વૉટર ડ્રેનેજ રિસર્ચ સંસ્થા તેમ જ અમદાવાદની space laboratory ને slitingનાં કારણો અંગે સંશોધન અને નિરાકરણ પૂછવામાં આવ્યાં હતાં. તેમનું તારણ એ હતું કે દરિયાઇ વનસ્પતિ (સ્થાનિક બોલીમાં ચેરિયાં) Mangrowesનાં મૂળિયાંમાં માટી ભરાઇ જાય તો sliting ન થાય પરંતુ બંદરના ઉપરવાસમાં મીઠાના અગરો થતા દરિયાઇ વનસ્પતિનું નિકંદન થયું. પરિણામે માટીનો તળવાસમાં ભરાવો થાય છે અને તેથી ૧૯૭૩માં મીઠાના અગરો માટે જમીન નહીં ફાળવવાનો નિર્ણય કંડલા બંદરની જાળવણી માટે લેવામાં આવ્યો હતો.

૩) કચ્છ સરહદી પ્રદેશ હોવાથી કંડલા પોર્ટ ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે સંરક્ષણ મંત્રાલયના તેઓ અધિકારી છે. એમણે સ્પષ્ટ વિરોધ કર્યો હતો કે સરહદ નજીક પરદેશી કંપનીને આ રીતે જમીન ફાળવવી સંરક્ષણ દૃષ્ટિકોણથી વાજબી પગલું નથી.

૪) અત્યારે કચ્છમાં આશરે ૨૦થી ૨૫ લાખ ટન મીઠું પકવવામાં આવે છે અને આ વ્યવસાયમાંથી સીધી યા આડકતરી રીતે ૨૦૦૦૦ લોકોને મજૂરી મળે છે. કારગિલ કંપની ઑટોમેટિક પદ્ધતિથી મીઠું પકવશે (solar system) તો એટલા ઉત્પાદન માટે માત્ર ચારસો માણસો રોજી મેળવશે. પરિણામે કારગિલ કંપની સામે નાના નાના ઉત્પાદકો ટકી શકશે નહીં અને જ્યાં કામધંધો આમેય નથી મળતો એવા પ્રદેશમાં બેકારી વધશે.

૫) કચ્છના અખાતમાં દરિયાઇ મોજાં દ્વારા વિદ્યુત ઉત્પાદનની જે યોજના વિચારવામાં આવી છે તે સ્થગિત થઇ જવાનો ભય છે.

૬) કચ્છના રણમાં મીઠું પકવતા અગરિયાઓ તદ્દન બેકાર થઇ જશે.

કંડલા પોર્ટ ટ્રસ્ટે નામંજૂર કરેલી અરજી ભારત સરકાર તરફથી ફેરવિચારણા માટે ફરી કંડલા પોર્ટ ટ્રસ્ટ પાસે આવી. આ ફેરવિચારણા ચોક્કસપણે ટ્રસ્ટીઓને દબાણ હેઠળ ફેરવિચારણા કરવા મોકલવામાં આવી. સદ્ભાગ્યે કંડલા પોર્ટ ટ્રસ્ટે ૧૯૬૮ના મુખ્ય બંદરને લગતાં કાયદાની આડશમાં અરજી નામંજૂર કરી. લાગતાવળગતાઓએ એવું પણ જણાવ્યું કે કદાચ ભારત સરકાર એ કાયદામાં ફેરફાર કરે જેથી કૃષ્ણા ટ્રેડિંગ કુંની (કારગિલ કંપની) અરજી મંજૂર થાય.

દરમિયાન Ministry of Surface Transport તરફથી પ્રસિદ્ધ થયેલી ટેન્ડરની નોટિસ (પ્રાઈવેટ જેટી માટે)ની છેલ્લી તારીખ ૩૧ ઑગસ્ટ ૧૯૯૨ના અનુસંધાનમાં કોઇ પણ ટેન્ડર ભરાયું નહીં અને છેક છેલ્લા કલાકે કારગિલ કંપનીનું Fax દ્વારા ટેન્ડર આવ્યું. જે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું (Tender Notice એ રીતે પ્રસિદ્ધ થઇ હતી જે કદાચ બહુ લોકો સુધી પહોંચે નહીં). અને કારગિલ કંપનીને તરત જ ઈરાદાપત્ર આપવામાં આવ્યો. એ સમય દરમિયાન નવી આર્થિક સુધારણા નીતિઓ અનુસાર પરદેશી પેઢીને સ્થાનિક પેઢીની ભાગીદારીની જરૂર ન હોવાથી Tender કારગિલ કંપનીના નામે ભરવામાં આવ્યું. ટેન્ડરની મંજૂરી અને ઈરાદાપત્ર આપવામાં અકલ્પનીય ઝડપ વર્તવામાં આવી. આ બધી બાબતો ખાનગી પણ રાખવામાં આવી.

કંડલા પોર્ટ ટ્રસ્ટના નિર્ણય વિરુદ્ધ કંડલા પોર્ટ ટ્રસ્ટની જમીન આ રીતે Ministry of Surface Transport તરફથી કારગિલ કંપનીને ફાળવવામાં આવી. સ્થાનિક નાના ઉત્પાદકોને આ ખબર મળતાં તેઓએ ગુજરાતના તેમ જ અન્ય પાર્લમેન્ટના

અનુસંધાન છઠ્ઠા પાને

Contd. 2

VINIYOG

૨૯

## કારગિલ કંપનીનો પગપેસારો દેશનાં હિતોની સરકાર દ્વારા થઇ રહેલી અવહેલના નીચે લીટી દોરે છે

ત્રીજા પાનાથી ચાલુ

સભ્યોને જાણ કરી અને માત્ર એક જ M.P. જ્યૉર્જ ફરનાન્ડીસ ગાંધીધામ આવ્યા. એમણે બધી માહિતી એકત્રિત કરી અને એ સામે આંદોલન ઉપાડ્યું. ગુજરાતના M.P.ને તો કદાચ આની ગંભીરતા સમજાઇ નહીં હોય અથવા નકશામાં સાતસઇદા ક્યાં આવ્યું, કંડલા કચ્છ ક્યાં આવ્યું એ જોવાની કાળજી નહીં લીધી હોય.

સરકારના નિર્ણય સામે સ્થાનિકે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તેમ જ હાઇ કોર્ટમાં હિતચિંતકોએ Stay મેળવ્યો. અને જ્યૉર્જ ફરનાન્ડીસે કંડલામાં સત્યાગ્રહ શરૂ કર્યો છે. CPI, CPM બન્ને પાર્ટીઓએ સહકાર કર્યો છે. કંડલા પોર્ટ ટ્રસ્ટના યુનિયને પણ સત્યાગ્રહમાં જોડાવાનો નિર્ણય લીધો છે. મોડે મોડે કૉંગ્રેસના સ્થાનિક નેતાઓ જાગ્યા છે અને કેન્દ્ર સરકાર સામે વિરોધ વ્યક્ત કર્યો છે. ગુજરાત સરકાર નર્મદા સિવાય કશું દેખતી નથી અને એણે કોઇ પ્રતિભાવ વ્યક્ત કર્યો નથી. સર્વોદયવાદીઓ પણ સત્યાગ્રહમાં જોડાયા છે. ભાજપની આર્થિક નીતિઓ મલ્ટીનૅશનલને આવકારે છે પરંતુ રાપરની પેટાચૂંટણી વખતે અડવાનીજીએ ગાંધીધામમાં કહ્યું કે ભાજપ સરકારના નિર્ણયનો વિરોધ કરે છે, પરંતુ સત્યાગ્રહમાં નહીં જોડાય.

આનાથી જે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે છે:

૧) કારગિલ કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૧૮૦૦૦૦ કરોડ રૂપિયાનું છે જે ભારત સરકારના બજેટથી મોટું છે. આવી વિશાળ કંપનીને રૂ. ૫૦ કરોડના પ્રોજેક્ટમાં માત્ર આર્થિક રસ હોય એ શંકાસ્પદ છે.

૨) શ્રી કૃષ્ણા ટ્રેડિંગ કંપનીનું અધવચ્ચેથી હઠી જવું બીજી શંકાસ્પદ બાબત છે.

૩) કારગિલ કંપની પાસે લગભગ ૧૦૦થી ૧૨૫ નાનાં મોટાં જહાજો છે. આપણી SCI, સિંધિયા, ગ્રેટ ઇસ્ટર્ન કે વરુણ શિપિંગની એકત્રિત ટનેજ કેપેસિટી કરતાં એની ટનેજ કેપેસિટી વધારે છે. આવી મોટી કંપનીને પ્રાઇવેટ જેટી અને તે પણ સરહદ નજીક હોય ત્યાં આપવાનો નિર્ણય ક્યાં વેસ્ટેડ-હિતોને લક્ષમાં રાખી લેવાયો છે.

૪) જાહેર હિતો, સંરક્ષણ હિતો અને આર્થિક હિતોની અવગણના IMF, વર્લ્ડ બૅન્કના દબાણ હેઠળ થાય છે.

૫) Ministry of Surface Transportએ સૌ નિયમો અને કાયદાઓને ચાતરી વિશેષ ટેન્ડર કોના માટે અને કોના દબાણ હેઠળ કાઢ્યું.

૬) ટેન્ડરની મંજૂરી વખતે કંડલા પોર્ટ ટ્રસ્ટની સલાહ કેમ ન લેવાઇ? કંડલા પોર્ટ ટ્રસ્ટની જમીન પોર્ટ ટ્રસ્ટને પૂછ્યા વિના શા માટે ફાળવવામાં આવી.

૭) ટાટા કેમિકલ્સ લિ.ની વિસ્તરણની અરજી અધ્ધર લટકે છે ત્યારે કારગિલ કંપનીને પાછલા બારણેથી ઘુસાડવા કેટલી ઉતાવળ અને તત્પરતા દાખવવામાં આવી? આની પાછળ કોનો દોરીસંચાર હોઇ શકે?

૮) માત્ર રૂ. ૫૦ કરોડના રોકાણ માટે પરદેશી કંપનીને નિમંત્રી શકાય? કોઇ વિશેષ ટેક્નૉલૉજી પણ નથી આવવાની ત્યાં માત્ર મીઠું પકવવા મોટ Do we open our womb?

એક સામાન્ય પ્રજાજન તરીકે આપ, હું કે સ્થાનિક નાનો ઉત્પાદક દેશનું અહિત સમજી શકીએ એ બાબત ધારાસભ્યો, પાર્લમેન્ટના સભ્યો, મિનિસ્ટરો કે દેશની ધુરા સંભાળનારના લક્ષમાં નહીં આવતી હોય?

૧૯૪૭ના કાશ્મીરના યુદ્ધમાં શ્રીનગર - લેહ રસ્તા પર કારગિલના મોરચે ટેકો ઉતારી આપણા સૈન્યે ઉત્તર કાશ્મીર અને લડાખને પાકિસ્તાનના હાથમાં જતું બચાવ્યું હતું એટલે ગઇ કાલ સુધી કારગિલ શબ્દ આપણી સ્વતંત્રતાનો ભાવ અભિવ્યક્ત કરતો હતો. આવતી કાલે એ જ કારગિલ શબ્દ આપણી આર્થિક પરતંત્રતાનો પર્યાયવાચક શબ્દ બની જશે.

ઈશ્વર સૌને સદ્બુદ્ધિ આપે.

VINIYOG



રવિવાર, તા. ૨૩મી મે, ૧૯૯૩.

# દેશને અમેરિકન કંપનીને વેચતો અટકાવો: કારગીલનો વિરોધ કરો

અમદાવાદ, શનિવાર

સમાજવાદી અભિયાનના અગ્રણી શ્રી વિનોદ પાલખીવાલા એક નિવેદનમાં જણાવે છે કે અમેરિકન કારગીલ બહુરાષ્ટ્રીય કંપની ગંજાવર રીતે દુનિયાભરમાં પોતાનો પગપેસારો કરી ફેલાયેલી છે. જે કંડલા બંદર ટ્રસ્ટના કબજાવાળી ૧૬૦૦૦ એકર જમીનમાં મીઠું પકવવાના બહાને ભારતીય રાષ્ટ્રીયની મિલકત હડપ કરવાની ગંદી ચાલ ચાલી, અને તેમાં રાષ્ટ્રપ્રેમના ખોટા નારા લગાવતા સરકારમાં બેઠેલા નેતાઓએ ૧૫૦૦૦ એકર જમીનની માંગ સામે ૧૦૦૦ એકર જમીન વધુ આપી ૧૬૦૦૦ એકર જમીન કારગીલ વિદેશ કંપનીને ચરણે ધરી દીધી. જે ખરેખર ભવિષ્યમાં સપસેડા બેટના ૬૦૦૦૦ એકરના ઘેરાવાને પોતાના હસ્તક લઈ લેશે અને આખા ટાપુનો કબજો વિદેશીના હવાલે થઈ જશે.

શ્રી વિનોદ પાલીખાવાલાએ નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, સમાજવાદી અભિયાન, જાહેર જનતા બુદ્ધિજીવીઓ, ડૉકટરો, ધારાશાસ્રીઓ, મઝદૂરો, કિસાનો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, મહિલાઓ, વેપારીઓ અને રાષ્ટ્રપ્રેમીઓને આ આંદોલનમાં પોતાનો અવાજ રજૂ કરી રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજજવલ બનાવી વિદેશીઓને જાકારો આપે, શ્રી પાલખીવાલાએ નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે કારગીલ ભગાવો દેશ બચાવો આંદોલનમાં લોકોને જોડાવવા તથા સત્યાગ્રહને મજબુત અને સફળ બનાવવા હાર્દિક અપીલ કરી છે.

VINIYOG



મુંબઈ સમાચાર

# કૃષિ કસ વગરની થઈ છે?

## ઉઘાડે છોગે

જેહાંન દારૂવાલા

છેલ્લા કેટલાક સમયથી એવી માન્યતા વ્યાપક બનતી જાય છે કે ખેતીવાડી એ ખોટનો ધંધો બની ગઈ છે. કારણ કે રાસાયણીક ખાતર, જંતુનાશક દવા-બિયારણ - ઈલેક્ટ્રીસીટી કે ડીઝલથી ચાલતા પંપસેટ અને ટ્રેક્ટર આ બધાને કારણે ખેતીવાડી પર બોજો વધ્યો છે. ખેતરો અને વાડી આજે "સીક યુનીટ" ગણાય છે.

સૌથી પ્રથમ તો એ વાત સ્વીકારવી જોઈએ કે કૃષિ એ વ્યાપારી બાબતનો વિષય નથી. કૃષિ એક પવિત્ર વ્યવસાય છે તેમ કહેવું તેની સાથે ધર્મ છે તેમ કહેવું વધારે યોગ્ય છે. કૃષિ માટેની પધ્ધતિ ભારતીય વાતાવરણ અને સંસ્કૃતિ સાથે સુસંગત હોવી જોઈએ. આ માટે વિદેશી પધ્ધતિનું આંધળુ અનુકરણ યોગ્ય નથી.

સૌથી પ્રથમ વાત આવે છે ટ્રેક્ટરની. ખેડ કરવા માટે બળદ જોઈએ - ટ્રેક્ટર નહીં કારણ કે ટ્રેક્ટરની કિંમત રૂા. અઢી કે ત્રણ લાખની છે જ્યારે બળદની જોડી રૂા. ૨૦ હજારમાં મળે છે. (ગૌવંશની કતલ બંધ થાય તો બળદ હજુ પણ સસ્તામાં મળે તેમ છે - પરંતુ તે જુદી ચર્ચાનો વિષય છે) બળદ લુખુસુકુ ખાઈને કામ કરે છે જ્યારે ટ્રેક્ટર માટે મોંઘુદાટ ડીઝલ કે પેટ્રોલ જોઈએ છે.

જ્યારથી આ પેટ્રોલ - ડીઝલ કૃષિક્ષેત્રે વિવિધ રીતે વપરાવા શરૂ કરવામાં આવ્યા ત્યારથી ખેતીવાડીનું અર્થશાસ્ત્ર બદલાયું છે. સજીવ ખેતીના નિષ્ણાંત શ્રી. ભાસ્કરભાઈ સાવે કે જેમનું નામ લીમ્કા બૂક ઓફ ઈન્ડીયન રેકોર્ડઝમાં નોંધાયું છે તેમની ખેતી કરવાની પધ્ધતિ તદ્દન નિરાળી છે. તેઓ રાસાયણીક ખાતર વાપરતા નથી - જંતુનાશક દવાનો ઉપયોગ કરતા નથી - છતાં અન્ય કરતાં વધુ ઉત્પાદન મેળવે છે.

કુદરતી ખેતીના સિધ્ધાંતમાં તેઓ પ્રાથમિક ખેડ કરે છે - પરંતુ અળસિયા મારફત જમીનના છિદ્રોને છેદવાનું કાર્ય થાય છે. ત્યારબાદ પાકને કે નારિયેળી - ચીકુ જે કોઈ વૃક્ષ હોય તેને પાણી આપતા નથી. પરંતુ તેઓ માને છે કે તેને ભેજની જરૂર છે. આથી નીક દ્વારા થોડે દૂરથી છોડના મૂળિયાઓને ભેજ મળી રહે તેવી વ્યવસ્થા તેમણે ગોઠવી છે.

શ્રી. ભાસ્કરભાઈ સાવેએ જણાવ્યું હતું કે નીંદામણ અને પાણી એ બે પાછળ ખેડુતોની શકિત ઘણી વેડફાઈ જાય છે. નીંદામણ કરાવવામાં જ ૨૫ થી ૩૦ ટકા મજૂરી ખર્ચ લાગે છે. વાસ્તવમાં નાના છોડ - વૃક્ષવેલી કે નીચે જ વિસ્તરતી જતી વનસ્પતિઓ જમીનને આવરણ આપે છે - જમીનનો ભેજ સાચવી રાખે છે અને તે નીંદામણ સ્વંય એક વરદાન છે.

કોઈપણ એક પાક તૈયાર થતાં ત્રણથી ચાર મહિના લાગે છે, કેટલાકમાં તેથી પણ વધુ સમય જાય છે. પરંતુ તેમને પાણી આપવાની વ્યવસ્થિત પધ્ધતિ અપનાવવામાં આવે તો પાણીનો બચાવ થાય તેમ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડુતો જે પાણીની અછતની વારંવાર ફરિયાદ કરે છે, તેમણે આ વાત સમજવા જેવી છે "કલ્પવૃક્ષ" ફાર્મ દહેરી ગામ - તાલુકો ઉંબરગામ એ એક આદર્શ સ્થળ બન્યું છે.

ઓસ્ટ્રેલિયાથી આવેલી સંશોધક જ્યુલ વીન્ડલ કે જે યુનિવર્સીટી ઓફ ક્વીન્સલેન્ડ - ભારતીય ખેતીની વિવિધ પધ્ધતિઓ પર અભ્યાસ કરી રહી છે તેણે જણાવ્યું હતું કે વિશ્વમાં ક્યાંય સ્વાદીષ્ટ અને ગળ્યા કેળા - ચીકુ નથી થતાં તેવા તેણે "કલ્પવૃક્ષ" ખાતે સ્વાદ માણ્યો હતો!! તેના અભિપ્રાય પ્રમાણે જો સજીવ ખેતીનો ભારત પાંચ જ વર્ષ અમલ કરે તો વિદેશી દેવું નાબુદ થઈ જાય અને બીજા પાંચ વર્ષમાં ગરીબી નાબુદ થઈ જાય.

ખેડુતોને સાચું માર્ગદર્શન મળે અને ગાય - બળદના ગોબરમાંથી જ ખાતર જમીનને આપવામાં આવે તો ધરતીમાતા રસકસવાળા થાય અને વધુ ઉત્પાદન થાય. કવીવર રવિન્દ્રનાથ ટાગોરે જે સુજલામ - સુફલામ ધરતીની કલ્પના કરીને કાવ્ય લખ્યું હતું તેવી જ ભારતની ધરતી છે. લાખો વર્ષથી એક ચક્ર ચાલતું હતું તેના આધારે જ ગાયમાતાનું ગોબર જમીનને અપાતું હતું.

પશુરક્ષા - ભૂરક્ષા - વનરક્ષા અને જળરક્ષા એજ રાષ્ટ્રની સુરક્ષા છે. આ વાત નવી પેઢી સમજે તે માટે એક વાતાવરણ નિર્માણ કરવાની આવશ્યકતા છે. ખેડુતો આજે દેવાદાર બની ગયા છે તેના ખરાં કારણમાં રાસાયણીક ખાતર, જંતુનાશક દવા - અને ડીઝલ પંપ સેટ છે. જે કાર્ય બળદ દ્વારા થવું જોઈએ તેના માટે ટ્રેક્ટર આવી ગયા છે.

પરંતુ આ ટ્રેક્ટર માટે પેટ્રોલની કિંમત શું તેનો કોઈએ વિચાર કર્યો છે ? ગાય અને બળદ જે ગોબર આપે છે તેનાથી એક એકર જમીનને પર્યાપ્ત ખાતર મળી રહે છે. વર્ષે એકર દીઠ સાતથી આઠ ગાડાં ખાતર જોઈએ છે જે એક ગાય કે બળદ આપે છે. તેની કોઈ જ કિંમત નથી. જ્યારે પેટ્રોલથી ચાલતું ટ્રેક્ટર આપણને આરબ રાષ્ટ્રના આર્થિક ગુલામ બનાવે છે.

સૌરાષ્ટ્રના ખેડુતોએ સજીવ ખેતીની થીઅરી સમજવા જેવી છે. અળસિયા મારફતે જમીનમાં છિદ્રો પાડવાની કામગીરી, ઓછામાં ઓછું પાણી - ખાતર કે જંતુનાશક દવા જ નહીં અને વૈજ્ઞાનિક રીતે પાણીનો ઉપયોગ આ તમામ દ્વારા ખેડુતોની શકિત બચે છે, આર્થિક બોજો વધતો નથી અને તમામ પ્રકારના પાકનું ઢગલાબંધ ઉત્પાદન શ્રી. સાવે પોતાના ફાર્મમાં લઈ રહ્યા છે.

સૌરાષ્ટ્રમાં તો ખેડુતો પોતાની કિંમતી જમીનો પાણીના મૂલે વેચીને શહેરોમાં હીજરત કરી રહ્યા છે. તેઓ કહે છે કે સૌરાષ્ટ્રમાં ખેતી કસ વગરની બની છે. ખેતીમાં કોઈ જ બરકત નથી. પરંતુ સાચી વાત એ છે કે ખેતીમાં નવા પ્રયોગો થયા નથી. અન્યથા સૌરાષ્ટ્રના ખેડુતોમાં ધનધાન્યના ઢગલાં કરવાની આવડત અને કૌશલ્ય છે જ.

સજીવ ખેતી એ ૩૦૦ ટકા નફો કરાવી આપે છે. આ વાડીમાં નારિયેળી વૃક્ષદીઠ ૬૦૦થી ૭૦૦ આવે છે જ્યારે તેમને ત્યાં અન્ય વિસ્તારમાં ૧૫૦ થી ૨૦૦ આવે છે. ચીકુ - કેળા તેમજ અન્ય પાક પણ વધુ પ્રમાણમાં આવે છે. ખેતીવાડીમાં પડતર ખર્ચ ઘટાડીને ઉત્પાદન વધારવાની સજીવ ખેતીની આ નવી પધ્ધતિ વિશે ખેતીવાડી સાથે સંકળાયેલાઓએ રસ લેવા જેવો છે.

શ્રી. ભાસ્કરભાઈ સાવે નમ્રભાવે કહે છે કે આ જ ભારતીય પધ્ધતિ છે. તેઓ કોઈ જ દાવો કે પ્રતિદાવો કરતા નથી. ૭૨ વર્ષની વયના અને ચુસ્ત ગાંધીવાદી વિચારધારા ધરાવતાં શ્રી. સાવે જણાવે છે કે પ્રાચિન ભારતમાં આ જ પ્રકારે ખેતીવાડી થતી હતી અને ધનધાન્ય તથા ઘી - દૂધની પુષ્કળ છત હતી. પરંતુ બાદમાં ખોટાં અખતરા કરવાથી ધરતી સૂકી - રૂક્ષ અને સત્વહિન બનતી ગઈ છે.

હજુ પણ આપણે આપણા પગ પર ઉભા રહી શકીએ તે માટે સજીવ ખેતી પ્રત્યેક વાડી અને ખેતરમાં અમલી બનાવીને વિદેશી દેવું તથા ગરીબી નાબુદ કરી શકીએ તેમ છીએ.

# કલ્પવૃક્ષ જેવી સજીવ ખેતી

**સંકર બિયારણો, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી ભારતની રસકસવાળી ધરતીનું આપણે સત્યાનાશ વાળી નાખ્યું છે. ત્યારે દેહરી ગામના ભાસ્કરરાવ સાવે કંઈ પણ કર્યા વિના સજીવ ખેતી દ્વારા આપણા ખેતરોને ફરી સજીવન કરવાનો દાખલો ગણી દેખાડે છે.**

**મહેન્દ્ર દેસાઈ**

તસવીરોઃ **રાજુ કાકડે**



જ્યાં નજર પડે ત્યાં બધું જ લીલુંછમ... ૧૪ એકરના વિસ્તારમાં ફેલાયેલી નૈસર્ગિક ખેતી કરતા ભાસ્કરરાવ સાવેની [illegible] કલ્પવૃક્ષ [illegible] વાડી.

*ખેતી માટે હાઈબ્રીડ બિયારણ, રાસાયણિક ખાતરો, સિંચાઈ બંધોમાંથી કે ટ્યુબ વેલમાંથી વિપુલ પાણી, ખેડ માટે ટ્રેક્ટર અને પાકને થતા રોગો મારવાની જંતુનાશક દવાઓ તો ભારતમાં માત્ર ચાર દાયકા પૂર્વે આવી. આધુનિક કહેવાતી આ પદ્ધતિઓ નહોતી ત્યારે શું ભારતમાં ખેતી નહોતી થતી? બલ્કે પૃથ્વીના ગોળા પર આ પદ્ધતિઓ નહોતી ત્યારે શું ખેતી નહોતી થતી?*

*થતી હતી, કુદરતના નિયમો અનુસાર ખૂબ સમૃદ્ધ ખેતી થતી હતી. સ-જીવ ખેતી થતી હતી જેમાં ચમચાભાર માટીના અબજો અણુ-પરમાણુ સ-જીવ હતા. માટી, વનસ્પતિ, જીવાણુ, પક્ષીઓ, પ્રાણીઓનું જ ખેતીમાં પરસ્પર સહજીવન હતું.*

*એકર દીઠ ત્યારે આજના કરતાં અનેકગણું સાત્વિક અનાજ ઊગતું હતું જેમાં રસાયણો અને દવાઓનું ઝેર નહોતું. ત્યારના શાકભાજી, દૂધ, અનાજ, શેરડીમાં રસાયણો કે દવાઓનું ઝેર નહોતું એટલે જ આજે લોહીની નસો થીજી જવાથી વાત વાતમાં હાર્ટ એટેક આવે છે તે નહોતા આવતા. બાય-પાસ સર્જરીનું કોઈએ નામ નહોતું સાંભળ્યું. આજે ડૉક્ટરોને પારખવા મુશ્કેલ છે તેવા પેટ, આંખ, અશક્તિના રોગો નહોતા.*

*જમીન ફળદ્રુપ હતી. વધુ ને વધુ રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, પાણી*



# ગામમાં સાવેની
# વૃક્ષ જેવી સજીવ ખેતી

, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી ભારતની





વાપરવાથી જમીન આજે રસ-કસ ગુમાવતી જાય છે. નિર્જીવ બનતી જાય છે. ખનીજ તેલનો જથ્થો કદાચ ઈ.સ. ૨૦૫૮ સુધી હશે. પણ અબજો રૂપિયાના દેવા પછી ભારતમાં જમીનમાં તણખલું પણ ઊગશે કે કેમ તે શંકા છે.

દેવાદાર ખેડૂત અને દેશ આ સ્થિતિમાંથી પાછો વળી શકે? ખાતરનાં કારખાનાં, સિંચાઈ બંધો, દવાઓ વગર આપણે સમૃદ્ધ અને સ્વાવલંબી બની શકીએ?

હા?

જો તમે ખેડૂત ભાસ્કરરાવ હીરજી સાવેને ઉમરગામ નજીક દેહરી ગામે તેમની વાડીમાં મળશો તો તમને ખાતરી થઈ. જશે કે તેમણે અહીં ગુજરાતમાં પૃથ્વી પર જ કેવું સ્વર્ગ ઉતાર્યુ છે.

ભાસ્કરરાવ તેમની જમીનને રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, વિપુલ પાણી નથી આપતા. પણ તેમની ખેતી તેથી પણ વિશેષ સ-જીવ ખેતી છે. વિશ્વભરમાં આજે જર્મની, ઈંગ્લેંડ, અમેરિકા, જાપાનમાં (જેમણે રાસાયણિક ખાતર, દવાઓ, બંધોની જગતને ટેકનોલોજી ધરી ત્યાં જ) સ-જીવ ખેતીનો પવન ફૂંકાવા માંડ્યો છે ત્યારે ભારતમાં અગાઉ જેવી કુદરતી ખેતીને ફરી સાકાર કરનાર ભાસ્કરરાવના જવાબો આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવા છે.

**'ખેતીખેતીને મરીએ છે છતાં ખેતીમાં કોઈ શુકરવાર વળતો નથી...'**

'હું તો કંઈ કરતો નથી. છતાં અને... હું ખેતીને ધંધો ગણતો જ નથી... છતાં અને તો ફાયદો જ ફાયદો થયો છે...'

**'કંઈ જ કરતા નથી એટલે?'**

'કંઈ જ નહીં એટલે કંઈ જ નહીં. બાળક માતાનું દૂધ પી શકે પણ માતાનું લોહી ન પી શકે. લોહી પીવા જાય તો મા મરી જાય. હું ભૂ-માતાનું દૂધ માત્ર પીઉં છું. જમીન પર ખેડ, રાસાયણિક ખાતર, પાણીનો દેમાર, નીંદામણ નાશ અને જંતુનાશક દવાઓ છાંટીને એ જમીન પર શું બળાત્કાર નથી કરતો? વાડીનું લોહી નથી ચૂસતો?'

**'તમારી આ વાડી કેવડી છે?'**

'ચૌદ એકરની છે.'

**'રૂપિયામાં વાત કરીએ તો વાડીમાંથી કેટલી આવક થતી હશે?'**

'માના ધાવણની કિંમત રૂપિયામાં અંકાય?'

**'તો પણ? વાચકોને-ખેડૂતોને સમજાય એ માટે આવક તો કહો?'**

'વર્ષે દિવસે અંદાજે છથી સાત લાખ રૂપિયાનું ધાવણ મળે છે.'

**'અને સામે ખર્ચો કેટલો થાય છે?'**

'સો રૂપિયાની આવક સામે માંડ સાત રૂપિયા...'

**'એટલે કે તમને ચોખ્ખી સાડા પાંચથી સાડા છ લાખ રૂપિયાની વર્ષે બેઠી આવક છે? માત્ર ખેતીમાંથી? દર મહિને ૫૦,૦૦૦ રૂપિયાની?'**

'હા.'

૧૩૦૦ ટકા નફો થયો! દેશમાં આજે સરકારી કે ખાનગી એવું કોઈ કારખાનું નહીં હોય જે પ્રામાણિકતાથી કંઈ પણ કર્યા વગર આટલો જંગી નફો કરતું હોય. વિદેશોમાં પણ નહીં હોય. રાષ્ટ્રના પર્યાવરણને નુકસાન કર્યા વગર, ગંજાવર વીજળી-પાણી ખાધા વગર, લોન-સબસીડી લીધા વગર, હડતાળ-મોરચા-ઝૂંપડપટ્ટી-શહેરીકરણની સમસ્યા સર્જ્યા વગર સાત રૂપિયા સામે ૯૩ રૂપિયા આપોઆપ લાવી આપતો આવો કોઈ ઉદ્યોગ નહીં હોય.


૯૩ રૂપિયા મેળવ્યા પછી નૈસર્ગિક ખેડૂત ૭૨ વર્ષના ભાસ્કરરાવ હીરજી સાવેના ચહેરા પર સતત, સવારથી રાત સુધી જે સ્મિત છવાયેલું રહે છે, પ્રયત્નપૂર્વક નહીં, પણ હંમેશાં એમનો ચહેરો હસુ-હસુ રહે છે તે ભૂ-માતાના ધાવણમાંથી જ ફૂટી શકે. ભાસ્કરરાવનાં પત્ની માલતી, બે યુવાન દીકરા સુરેશ અને નરેશ કે તેમની પુત્રવધૂઓ નીતા અને શ્યામલતા કે ભાસ્કરરાવના પૌત્ર-પૌત્રીઓ અભિજય, અશ્વિની, સોનાલી... બધાં જાણે જીવન સુમધુર સંગીત હોય તેમ સતત ઉલ્લાસમાં રહે છે. આજે આવા સ્મિતભર્યા ચહેરા શોધવા જતાં મળવા મુશ્કેલ છે.

**'એ**ક રાઈનો દાણો ભૂ-માતાને (જમીનને) આપો તો તેમાંથી હજાર રાઈના દાણા ઊગશે... એકના હજાર! હજાર ટકાનો નફો. છે એવું કોઈ યંત્ર, કારખાનું કે ઉદ્યોગ? જેમાં હજાર ટકાનો નફો થતો હોય? ખેતીમાં એ નફો છે. જો તમે ખેતીને પણ ધંધો માનતા હો તો!

**'દેશમાં વાસ્તવિકતા તમે કહો તેનાથી ઊલટી છે. ખેડૂતો વર્ષે દર વર્ષે દેવાદાર બનતા જ જાય છે. નાસીપાસ થઈ જમીનો વેચી-વેચી શહેરોમાં ઠલવાતા જાય છે...'**

'ખેડૂતો નહીં રાષ્ટ્ર દેવાદાર બનતું જાય છે એમ કહેવું જોઈએ. વિદેશી હૂંડિયામણ ભંડોળ કે કારખાનાં કે ઉત્પાદન નહીં પણ જમીન જ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. એ દિવસ દૂર નથી જ્યારે ઘઉં, ચોખા, કેરી તો ઠીક... આપણી જમીનોમાં ઘાસનું તણખલું સુદ્ધાં નહીં ઊગે... રસ-કસ, ફળદ્રુપતા ગુમાવી બેઠેલી જમીનવાળો આ દેશ પછી શું કરશે? જમીન ક્યાંથી આયાત કરશે?'

**'ચિત્ર બિહામણું છે. ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ... જ્યાં જઈએ ત્યાં ઠેર ઠેર ખેડૂતોની રાડ છે કે...**




ચમત્કાર ગણો તો ચમત્કાર એ છે કે નવી નવાઈની સાવે ખેતી નજરે જોવા દર-શનિવારે મહારાષ્ટ્રના સાંગલી-બારામતીથી માંડીને કચ્છના ખેડૂતો ભાસ્કરરાવની *કલ્પવૃક્ષ* વાડીની મુલાકાતે આવે છે. પુરાણોમાં ઇચ્છા થાય તે આપનારું અને કદી કરમાય નહીં તેવા વૃક્ષને કલ્પવૃક્ષ વરદાન કહ્યું છે.

ઉમરગામથી પાંચ કિલોમીટર દૂર દરિયાકાંઠે વસેલા દેહરી ગામે ભાસ્કર રાવ સાવેનું કલ્પવૃક્ષ છે. આ કલ્પવૃક્ષમાં કેરી, ચીકુ, કેળાં, નાળિયેર, ઘઉં, ડાંગર (ચોખા), મઠ, મગ, વાલ, લીંબુ, શાકભાજી ઉપરાંત સીતાફળ કે ફણસ જેવાં અનેક ફળો ભાસ્કરરાવને મળે છે. નમકને બાદ કરો તો ભાસ્કર રાવ આ વાડીમાં લગભગ સ્વાવલંબી છે. જીવનની કોઈ પણ જરૂરિયાત માટે વાડીની બહાર પગ મૂકવાની તેમને કે તેમના કુટુંબીજનોને આવશ્યકતા રહેતી નથી.

ભારતનો એકેએક ખેડૂત ઇચ્છે, નિર્ધાર કરે તો જોતજોતામાં ભાસ્કર રાવ સાવે બની શકે.

'તમારી ખેતીની પદ્ધતિ સમજાવો...'

'ડુ નથીંગ અંગ્રેજીમાં સમજ પડવાની હોય તો મારી એટલે કે કુદરતી ખેતીની ફોર્મ્યુલા *ડુ નથીંગ ફાર્મિંગ* છે...'


મુલાકાતી ખેડૂતોને સૌ પ્રથમ કાંઇ જ નહીં કરવાનું એ સૂચન કરે છે ત્યારે ખેડૂતો બાઘા બની તેમની સામે જોઇ રહે છે.

'કંઇ ન કરીએ તો જમીનમાંથી પાકશે કેમ કરીને?' ખેડૂતો સવાલ કરે છે.

'આ ખેતર લીધું ત્યારે તમારા બધાની જેમ હું પણ ઘણું કરતો હતો. વરસાદ અગાઉ વાવણી માટે જમીન ખેડતો. સંકર બિયારણ લાવતો. પાણી આપ-આપ કરતો. રાસાયણિક (*યુરિયા, ડી.એ.પી.* વગેરે) ખાતરો નાખતો. ચાસમાં થતાં નીંદામણ કાઢ્યે જ રાખતો. ખેડ કર્યા કરતો. જંતુનાશક દવાઓ છાંટતો... વર્ષ આખું જાણે નવરોજ પડતો નહીં. પછી રાહ જોયા કરતો કે આટ-આટલું કર્યું તો બમણું પાકશે. એકાદ-બે વાર બમણું પાક્યું પણ ખરું... પછી તો વર્ષે. દર વર્ષે હિસાબ મૂકીને જોયું તો સરવૈયું ખોટમાં જયા કરે... પાક ઓછો થતો લાગે એટલે રાસાયણિક ખાતર બમણું ફટકારું...'

ભાસ્કરરાવ દહેરી ગામે પ્રાથમિક શિક્ષક હતા. ૧૨ વર્ષ નોકરી કરી. નોકરી છોડી મૂર્ખમાં ગણાયા કારણ કે ૧૯૫૫થી ૧૯૫૮ સુધી *આધુનિક* ગણાતી ખેતી કરવા માંડેલા.

'આ દેશની દુર્દશા માટે કોઇ એક વ્યક્તિ જવાબદાર હોય તો તે જવાહરલાલ નહેરુ! નહેરુએ ગાંધીજીના વારસદાર ગણાવી ગાંધીજીથી સાવ વિરુદ્ધ નહેરુએ પશ્ચિમિયા સંસ્કૃતિનો આંધળો, દેવાળિયો પ્રચાર કર્યો... વધુ અનાજ ઉગાડો એવો ભ્રામક પ્રચાર નહેરુ અને નહેરુની હા એ હા કરનારા, ખેતી સાથે જેમને લેવાદેવા નથી તેવા રાજકારણીઓ અને પછી તો સરકારી તંત્રોએ તોફાની પ્રચાર કર્યો. સંકર બિયારણ વાવો. રાસાયણિક ખાતરો આપો. પમ્પ-મોટર-બોરિંગ ઠેરઠેર કરો, બંધો બાંધો, ભરપૂર પાણી આપો, જંતુનાશક દવાઓ છાંટો... *આધુનિક* ખેતી અપનાવો... એવો જે પ્રચાર નહેરુએ શરૂ કરેલો તે આજ સુધી ચાલે છે... શિક્ષકની નોકરી છોડી હું પણ આ ભ્રામક પ્રચારમાં ફસાઇને તેવી જ ખેતી કરવા માંડેલો.' સાવેજી અનુભવો વર્ણવતાં કહે છે.




ભાસ્કરરાવને સાત વર્ષમાં સમજાઇ ગયું કે *ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી* એવી કહેવત સમજીને નોકરી તો છોડી પણ ખેતી *ઉત્તમ* નહીં *કનિષ્ઠ* જ છે. છતાં ખેતી છોડી નહીં. વિચાર કરતા રહ્યા. જમીન તો ભૂ*માતા* છે. ભૂમાતા કદી કોઇને નિરાશ ન કરે એવા ગળથૂથીમાંથી સંસ્કાર. તો પછી આમ કેમ થયું? હું તો ભૂમાતાને રાસાયણિક ખાતર પાણી દવાઓ *આપ...આપ* કરું છું... અને તે જ ક્ષણ પ્રકાશ લાધ્યો કે *આપો... આપો...આપ્યા જ કરો* એટલે શું? આપવાની વાત આવે છે એટલે જ *આધુનિક* મન પાછું લેવાનો પ્રશ્ન કર્યા કરે છે. *દીધું?* તો *લીધું* શું?

હજારો વર્ષથી કોઠાસૂઝથી ખેતી કરતા ખેડૂતોનો ઉદ્ધાર અને વિકાસ કરવા નીકળી/પડેલા નહેરુનીતિના ફુટકળિયા કૃષિ વિશ્વવિદ્યાલયો, કૃષિ નિષ્ણાત બની બેઠેલા પ્રાધ્યાપકો, સરકારિયા કૃષિ સંશોધકો, રોડ ટચ ગામોની મુલાકાતે જતા અધિકારીઓ કે પ્રધાનોને જે ગણિત ગણવાની ફુરસદ નથી તે ગણિત ભાસ્કરરાવે માંડ્યું. કારણ કે તેમને સરકાર બેઠો પગાર, બોનસ, ભથ્થા-ભથ્થા જ નથી નહોતી. એમણે તો ખેતી પર નભવાનું હતું. એ બધાના કહેવાથી જે રસ્તે ગયા હતા તેમાં પોતે દેવાદાર કેવી રીતે બની ગયા તેનો હિસાબ રાષ્ટ્રના હાકેમો ભલે ન માંડે પણ ભાસ્કરરાવને તો માંડ્યા વગર આરો નહોતો.

સવાલ થયો કે કુલ વકરો કેટલો થાય છે? ૯૦ કે ૧૦૦ રૂપિયા. સામે ખર્ચો કેટલો કર્યો? તો જમીનની ખેડના, મોંઘું બિયારણ લાવવાના, વાવણીના, નીંદામણ કાઢ-કાઢ કરવાના, કૂવો-મોટર કરી પાણી આપવાના, રાસાયણિક ખાતરની ગૂણોના, જંતુનાશક દવાઓના... ખર્ચા ૮૫થી ૯૦ રૂપિયા થઇ જાય છે. ખરેખરી આવક તો ૧૦-૧૫ રૂપિયા જ થતી હતી. એક કારખાનેદાર જમીન, યંત્રોમાં મૂડી રોકે તો ખર્ચ પેટે તેનું વ્યાજ ગણે છે. માલિક હોય તો પણ પોતાના, પોતાની પત્નીને કોઇ હોદ્દો આપી તેનો પગાર ધંધામાં ખર્ચ પેટે ઉધારે છે. કારણ કે ધંધામાં માલિકના સમયની પણ કંઇ કિંમત ખરી કે નહીં?

ભાસ્કરરાવે ગણિત મૂક્યું કે મને શિક્ષક તરીકે મળતા તેટલો કે અડધો પગાર ખર્ચ પેટે ઉમેરું તો? મારી પત્ની, પુત્રો ખેતીમાં મંડેલા રહે છે તેમના સમયની કંઇ કિંમત ખરી કે નહીં? અને જમીન જે ખરીદી તે મૂડીનું વ્યાજ દર વર્ષે ખર્ચમાં ઉમેરું તો? ઉપરથી વીજળી, રાસાયણિક ખાતર, બિયારણ, દવાઓના ભાવ તો વરસોવરસ વધતા જ જાય છે. *આધુનિક* ગણાવા ભાસ્કરરાવે રાસાયણિક ખાતર વેચવાની તે જમાનામાં એજન્સી પણ લીધેલી.

ભાસ્કરરાવને ખાતરી થઇ ગઇ કે ૧૦-૧૫ રૂપિયા જે નફો હું ગણું છું તે પણ ઉપરના ખર્ચ ગણું તો દેવું છે જે વધતું જાય છે.

સૌથી મોટી ચિંતાની વાત એ હતી કે તેમની જમીન વર્ષે ને વર્ષે નાદાર-નપુંસક બનતી જતી હતી. ભૂ-માતા હાડપિંજર બનતી જતી હતી. તેમને થયું કે એક દિવસ એવો આવી જશે કે ૮૫ રૂપિયાને બદલે ૨૦૦ રૂપિયા આ પોતાના *આધુનિક* ધંધામાં નાખવા છતાં હાથમાં તણખલું ય નહીં આવે.

ભાસ્કરરાવ "આ ગાથા દેશની દુર્દશાની ગાથા છે. *કલ્પવૃક્ષ*ની મુલાકાતે જનાર તમામ ખેડૂત નાચી મૂંડીએ સાવેજીની વાત સાંભળી તમામ એકરાર કરે છે કે તે *આધુનિક* કુચક્રમાં ફસાઇ ગયો છે. એ એક એવું કુચક્ર જેમાં નથી ખેડૂત સુખી, નથી શહેરોમાં અનાજ ખરીદનાર સુખી કારણ કે ખાદ્યાન્નના ભાવ વધતા જ જાય છે અને નથી દેશની સરકારે સમૃદ્ધ. જે હજારો કરોડો રૂપિયાની સબસીડી આપી વર્ષે દર વર્ષ ખેડૂતોના નામે બજેટમાં ખાધ વધારતી જ રહે છે અને વર્લ્ડ બેન્ક કે આઇ.એમ.એફ. સામે રાષ્ટ્રને માગણ ભિખારી બનાવતી જાય છે. તો સુખી કોણ થયું છે?

સમગ્ર દેશનું ગણિત માંડો તો કંપારી છૂટે તેવું છે. અખંડ હિંદમાં અને આજે

ભારત ગણો તે દેશમાં રાસાયણિક ખાતર. સંકર બિયારણ, જંતુનાશક દવાઓ ક્યારેય વપરાતી નહોતી. ખેતી ધંધો છે એ ચાળો અંગ્રેજોએ કર્યો. ચા-કૉફી-તમાકુ-અફીણ-ખાંડ (શેરડી)નો રોકડિયો ધંધો કરવા પારકી ભૂમિને તેમણે બોડી બનાવવા માંડી. જરૂર પડ્યે જંગલો સાફ કરવા માંડ્યાં.


રાજકીય સ્વાતંત્ર્ય પછી નહેરુ યુગની વાત કરીએ. અંગ્રેજોના અંશ રૂપે ૧૯૫૦માં જંતુનાશક *ડી.ડી.ટી.* કે *બી.એચ.સી.* જેવી દવાઓ માંડ ૨૦૦૦ ટન વપરાતી હતી. ૧૯૮૭ના આંકડા અનુસાર દેશ આખો ૮૦.૦૦૦ ટનથી વધુ ઝેરી દવાઓ વાપરવા મંડી પડ્યો હતો જેની યુરોપ-અમેરિકામાં બંધી છે. આ સરકાર ક્યારેય આધારભૂત આંકડા આપતી નથી. કોઇ માગતું નથી. ૧૯૭૮માં ખેતરોગના કારણે દેશને ૩૩૦૦ કરોડ રૂપિયા જેટલા પાકનું નુકસાન થયું હતું. *તાતા* બહાર પાડે છે તે ઇકોનોમિક ઇન્ડેક્ષ અનુસાર ૧૯૯૦માં જીવાત-રોગના કારણે ૬૬૦૦ કરોડ રૂપિયાનો પાક નિષ્ફળ જતાં નુકસાનનો અંદાજ હતો.


રોગ ડામવા માટેની ઝેરી દવાનો વપરાશ ૪૦૦૦ *ટકા* વધ્યો તેમ છતાં રોગના જ કારણે ૨૦૦ ટકાના દરે નુકસાન શા માટે થતું જાય છે?

નહેરુજીએ સીંદરીના રાસાયણિક ખાતરના કારખાનાથી વિકાસનું ડગ ભર્યું. ૧૯૬૦-૬૧ના આંકડા અનુસાર ભારતનો ખેડૂત હેક્ટર દીઠ માત્ર બે કિલો રાસાયણિક ખાતર વાપરતો. ૧૯૮૭-૮૮ના આંકડા પ્રમાણે દેશનો ખેડૂત હેક્ટર દીઠ ૫૧ કિલો *ડી.એ.પી. યુરિયા* વાપરતો થઇ ગયો.

૧૯૬૦ના હિસાબે રાસાયણિક ખાતરનો વપરાશ ૨૫૫૦ *ટકા* વધી ગયો. ઉત્પાદન કેટલું વધ્યું? ૧૯૬૦-૬૧માં હેક્ટર દીઠ ૭૧૦ કિલો અનાજનો ઉતાર હતો. ૨૫૫૦ ટકા રાસાયણિક ખાતર વધારે વાપર્યુ તો પણ ઉત્પાદન વધી વધીને હેક્ટર દીઠ ૧૧૭૩ કિલો એટલે કે *માત્ર ૬૪ ટકા વધ્યું*. ખેડૂત તો ખેડૂત, દેશે લાખના બાર હજારનો ધંધો જ કર્યો અને તે પણ ખેડૂતના નામે!

પોરબંદરના સ્વાતંત્ર્ય સેનાની અને નહેરુની આર્થિક નીતિના આકરા વિરોધી સ્વર્ગસ્થ વેણીશંકર







મધમાખીઓ પાળીને વાડીમાં મધપુડા તૈયાર કર્યા છે, જેથી ચોખ્ખું મધ મળી શકે.